પ્રકાશક:
જ્યોતીન્દ્ર હ. દવે
માનાર્હ મંત્રી
શ્રી ફાર્બસ ગુજરાતી સભા
૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રોડ,
મુંબઈ ૪

પહેલી આવૃત્તિ ૫૮૧]

[મૂલ્ય રૂ. ૫

મુદ્રક:
લક્ષ્મીબાઈ નારાયણ ચૌધરી
નિર્ણયસાગર પ્રેસ,
૨૬–૨૮ કોલભાટ સ્ટ્રીટ મુંબઈ ૨

પ્રાક્કથન

આપણું પ્રાચીન સાહિત્ય અને ભાષામાં સંપાદનસંશોધન યોગ્ય વિદ્વાનો પાસે કરાવી પ્રકાશિત કરવાનું ફાર્બસ ગુજરાતી સભા ત્યારથી જ કરતી આવી છે. અત્યાર સુધીનાં સભાનાં પ્રકાશનોમાં સદ્ગત નરસિંહરાવનાં ભાષાશાસ્ત્રીય વ્યાખ્યાનો, બીમ્સની ભારતીય આર્યભાષાઓના ગુજરાતી વિભાગની ભૂમિકાનો અનુવાદ, હેમચંદ્રની દેશીનામમાલા તથા ટેસિટોરીની ગુજરાતી રૂપરચના પ્રાચીન ગુજરાતી અને અપભ્રંશના અધ્યયનની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. પ્રસ્તુત પુસ્તક પણ અપભ્રંશના અભ્યાસને વેગ આપવાની દૃષ્ટિએ પ્રકાશિત કરવામાં આવ્યું છે. ગુજરાતી વગેરેના ઐતિહાસિક અધ્યયન માટે અપભ્રંશનું મહત્ત્વ અને અભ્યાસ માટે હેમચંદ્રના પ્રાકૃત વ્યાકરણના અપભ્રંશવિભાગનું મહત્ત્વ જાણીતું છે. પ્રાચીન સાહિત્ય ને ભાષાશાસ્ત્રના સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી. ભાયાણીએ ખૂબ પરિશ્રમ લઈ વિદ્યાર્થીઓને તેમ જ પ્રકટ અભ્યાસીઓને ઉપયોગી બને એ દૃષ્ટિએ આ પુસ્તક તૈયાર કરી આપ્યું છે. ખાસ કરીને ભૂમિકામાં આપેલી અપભ્રંશ સાહિત્ય અને ભાષા વિશેની મૂલ્યવાન સામગ્રી આટલા વ્યવસ્થિત રૂપમાં ગુજરાતીમાં પહેલી જ વાર અપાઈ છે. પૃષ્ઠમર્યાદાએ તેમને ઘણી વધારે વિસ્તાર કે ઊંડાણમાં જતાં રોક્યા છે. પ્રસ્તુત પ્રકાશનથી જેટલે અંશે અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં રસ વધશે તેટલે અંશે તેનું પ્રયોજન સિદ્ધ થયું ગણાશે.

જૂન ૨ ૧૯૬

ફાર્બસ ગુજરાતી સભા
૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રસ્તો,
મુંબઈ ૪

જ્યોતીન્દ્ર હ. દવે
માનાર્હ મંત્રી
શ્રી ફાર્બસ ગુજરાતી સભા

પ્રકાશક:
જ્યોતીન્દ્ર હ. દવે
માનાર્હ મંત્રી
શ્રી ફાર્બસ ગુજરાતી સભા
૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રોડ,
મુંબઈ ૪

પહેલી આવૃત્તિ ૧૯૬૧]   [મૂલ્ય રૂ. ૫

મુદ્રક:
લક્ષ્મીબાઈ નારાયણ ચૌધરી
નિર્ણયસાગર પ્રેસ,
૨૬–૨૮ કોલભાટ સ્ટ્રીટ, મુંબઈ ૨

સાહિત્ય અને હેમચંદ્રીય અપભ્રંશને લગતી ભૂમિકા, ઉદ્ધૃત પદ્યોનાં સમાન્તર પદ્યો અને શબ્દસૂચી એટલી સામગ્રી આપી છે મુદ્રણ ઉતાવળે કરાવવું પડ્યું હોવાથી કેટલીક અશુદ્ધિ રહી ગઈ છે

પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન કરવા માટે હું શ્રી ફાર્બસ ગુજરાતી સભાનો— અને વિશેષે કરીને તેના માનાર્હ મંત્રી શ્રી. જ્યોતીન્દ્ર દવેનો ઋણી છું નિર્ણયસાગર પ્રેસના કાર્યકર્તાઓના સહકાર વિના તથા સભાના સહાયક મંત્રી શ્રી. પ્રવીણચંદ્ર રૂપારેલના રસ વિના આ કામ સરળતાથી પાર ન પડ્યું હોત.

આશા છે પ્રસ્તુત પ્રયાસ અપભ્રંશના અભ્યાસીઓને ઉપયોગી અને પ્રોત્સાહક નીવડશે.

વિલેપાર્લે
૨ મી જૂન, ૧૯૬

હરિવલ્લભ ચુ. ભાયાણી

પ્રાસ્તાવિક

અપભ્રંશ ભાષા અને સાહિત્યનું અર્વાચીન અધ્યયન પાશ્ચાત્યપ્રયાસ વગરનું આરંભ નથી થયું ૧૯૧૮ સુધી અપભ્રંશ સાહિત્ય ખાસ પ્રકાશમાં આવ્યું ન હોવાથી વ્યાકરણ વિષયક અને ભાષાદૃષ્ટિએ માહિતી આપવા પૂરતા જ પ્રયત્નો થતા. એ પછી હસ્તપ્રતોની યાદીઓનું અને મહત્ત્વની કૃતિઓનું સંપાદન વધતી ગઈ ગયા થયું, અને ભાષા અને સાહિત્યની દૃષ્ટિએ પણ અધ્યયન વિસ્તૃત અને સૂક્ષ્મ બનતું ગયું. અપભ્રંશસંબંધી પ્રાચીન વ્યાકરણોના સંપાદન વગેરેના વિષયમાં ક્રેમે, પીશલ, ગ્રીઅર્સન, ત્રિવેદી, ગુલેરી, દેસાઈ વૈદ્ય, નીતી-ડોલ્ચી, બ્લોખ વગેરેએ; વ્યાકરણના વિષયમાં પીશલ, યાકોબી, આલ્સડોર્ફ, એન્ડર્સન, કે, તગારે, નીતી-ડોલ્ચી, સેન, ભાયાણી, સ્વાર્ત્સેલ્ડર વગેરેએ, ભાષાસ્વરૂપની દૃષ્ટિએ કોનો, બીમ્સ, ગ્રીઅર્સન, બ્લોખ, ટર્નર, તેસ્સીતોરી, ચેટર્જી, ટર્નર, નરસિંહરાવ, દેસાઈ વગેરેએ, છંદશાસ્ત્રના વિષયમાં પીશલ, યાકોબી, વેલણકર, રામાનુજસ્વામી, દેવ, એન્ડર્સન, આલ્સડોર્ફ, યાકોબી, ભાયાણી વગેરેએ, સાહિત્યકૃતિઓના સંપાદનના વિષયમાં દીક્ષિત, યાકોબી, દલાલ, ગુણે, મોદી, ગાંધી, શાસ્ત્રી, આલ્સડોર્ફ, જૈન, વૈદ્ય, જૈન, ઉપાધ્યે, જિનવિજયજી ભાયાણી વગેરેએ, સાહિત્યને લગતી માહિતી, ઇતિહાસ ને અંતર વર્ણનના વિષયમાં દલાલ, યાકોબી, ગાંધી, મોદી, ગુણે, આલ્સડોર્ફ જૈન, દેસાઈ, જિનવિજયજી શાસ્ત્રી, ભાયાણી, મિશ્ર, કોઠારી, અને ... નોંધ વગેરેએ કામ કર્યું છે

અપભ્રંશના પ્રાચીન વ્યાકરણસાહિત્યમાંથી જે છૂટકછૂટક આપણી પાસે ઉપલબ્ધ રહ્યું છે તેમાં હેમચંદ્રના સિદ્ધહેમ વ્યાકરણને અપભ્રંશ વિભાગ સૌથી વધુ વિસ્તૃત અને મહત્ત્વનો છે. ગુજરાતી, હિંદી વગેરેના ઉદ્ગમની દૃષ્ટિએ એનું તેટલું જ મહત્ત્વ છે તેમ તેમાં આપવામાં આવેલાં ઉદાહરણપદ્યોની સાહિત્યિક ગુણવત્તા પણ જેવી તેવી નથી

હેમચંદ્ર વ્યાકરણના અપભ્રંશવિભાગ(ને આપી ઉદાહરણો)નું, આદર સ્થાપે છે પ્રાકૃતવિભાગ સાથે, ઉદાહરણોના ભાષાદૃષ્ટિએ સંપાદનમાં, પીશલે જર્મનમાં, વૈદ્યે અંગ્રેજીમાં, ગુલેરીએ હિન્દીમાં અને મો. દ. દેસાઈ શ્રી ર. આપીને, કે પ્ર. શાસ્ત્રી તથા જ પીઠ અને ૬ જૂની ગુજરાતીમાં ભાષાંતર કરેલ છે. કેટલાક પદ્યોનો અર્થ બરોબર કે પરાબર છૂટક પ્રયાસો પણ આલ્સડોર્ફ બેચરદાસ, દ નીલ વગેરેએ કર્યો છે. પ્રસ્તુત પ્રકાર પણ એ જ વિભાગમાં છે. સૂત્ર, વૃત્તિ, ઉદાહરણ, સંસ્કૃત શબ્દાર્થ તથા છાયા, ગુજરાતી ભાષાંતર, ટિપ્પણ, અપભ્રંશ ભાષા,

શુદ્ધિપત્રક

મૂળગ્રંથ પૃષ્ઠ	પંક્તિ	શુદ્ધિ
૧૫	૨	[illegible]
૧૬	૧૩	[illegible]
૨	૨	[illegible]
"	૧	[illegible]
૨૪	૧૮	[illegible]
૩૩	૯	[illegible] (૧)—
૪૭	૧૯	" "
૪૮	૨	પાણી જળથી, તેમ ભારી ભારણથી એમ અર્થ ઘટાવવો પણ યોગ્ય.
૫૩	૧૧	વૃત્તિ પછે (૪)—
"	૧૨	સુમતિને
૫૭	૧૫	[illegible]
"	૧૬	[illegible]
૫૯	૨૧	[illegible]
"	૨૪	"
૭૭	૧	[illegible]
૭૯	૧૩	[illegible]—
"	૧૫	
"	૨૫	[illegible]
૮૧	૧૩	[illegible]
	છેલ્લી	[illegible]
૮૩	૧૯	[illegible]
૮૭	છેલ્લી	[illegible]
૮૮	૪	[illegible] (ટિ.)
૯૨	૧૧	[illegible]
૯૩		
૯૪	છેલ્લી	૩૦૯/૩
૧૧	૧૫	[illegible]
૧૧૫	૨૧	[illegible]

અનુક્રમ

ભૂમિકા

૧ અપભ્રંશ સાહિત્ય

અપભ્રંશ સાહિત્યની એક તરત જ ઊડીને આંખે વળગે તેવી વિશિષ્ટતા તેને સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યથી નોખું તારવી આપે છે. ઉપલબ્ધ અપભ્રંશ સાહિત્ય એટલે જૈનોનું જ સાહિત્ય એમ કહીએ તો પણ ચાલે. કેમ કે તેમનું એમાં બહુ સમર્થ અને વિવિધતાવાળું નિર્માણ છે. તેની તુલનામાં બૌદ્ધ અને બ્રાહ્મણીય (એ તો હજી શોધવાનું રહ્યું—મળે છે તે છૂટાછવાયા ઉલ્લેખો ને થોડાંક ટાંચણો જ માત્ર) પરંપરાનું પ્રદાન અપવાદરૂપ, અને તેનું મૂલ્ય પણ મર્યાદિત. અત્યારે તો એમ જ કહેવાય કે અપભ્રંશ સાહિત્ય એટલે જૈનોનું આપણું ચિત્ર—એ કે આપણને મળી છે તેટલી જ અપભ્રંશ કૃતિઓ હોય, તો જ ઉપરનું વિધાન સ્થિર સ્વરૂપનું ગણાય. પણ અપભ્રંશ સાહિત્યની ખોજની ઇતિશ્રી નથી થઈ ગઈ—એ દિશામાં હજી ઘણું કરવાનું બાકી છે. એટલે ભવિષ્યમાં મહત્ત્વની કે ગણનાપાત્ર સંખ્યામાં જૈનેતર કૃતિઓ મળવાનું જાણવામાં આવે એ બહુ શક્ય છે.

પ્રધાનપણે જૈન અને ધર્માશ્રિત હોવા ઉપરાંત અપભ્રંશ સાહિત્યની બીજી એક આગળ પડતી લાક્ષણિકતા તે તેનું એકાન્તિક પદ્યસ્વરૂપ. અપભ્રંશ ગદ્ય નગણ્ય છે. તેનો સમગ્ર સાહિત્યપ્રવાહ છંદમાં જ વહે છે. પણ ભામહ, દંડી, વગેરે સ્પષ્ટપણે અપભ્રંશ ગદ્યકથાનો ઉલ્લેખ કરે છે. એ ઉપરથી ગદ્યસાહિત્ય પણ હોવાનું અનુમાન થાય છે. છતાં એ જોવાનું રહે છે કે અપભ્રંશમાં સાહિત્યિક ગદ્યની કોઈ નક્કર પ્રણાલી વિકસેલી ખરી ?

કઈ જાતની પરિસ્થિતિ વચ્ચે અપભ્રંશ ભાષા અને સાહિત્યનો ઉદ્‌ગમ થયો ? આ બાબત હજી સુધી તો ઘણુંખરું અંધકારમાં દટાયેલી છે. આરંભનું સાહિત્ય સાવ લુપ્ત થયું છે. અપભ્રંશ સાહિત્યવિકાસના પ્રથમ સોપાન ક્યાં તે જાણવાની કશી સાધનસામગ્રી ઉપલબ્ધ નથી. અપભ્રંશના આગવા ને લાક્ષણિક સાહિત્યપ્રકારો તથા છંદોનો ઉદ્‌ભવ ક્યાંથી થયો તે નિર્ણયપૂર્વક રીતે સ્પષ્ટપણે સમજાવી શકવાની અત્યારે આપણી સ્થિતિ નથી.

આરંભ અને મુખ્ય સાહિત્યસ્વરૂપો

સાહિત્યમાં તથા ઉત્કીર્ણ લેખોમાં મળતા ઉલ્લેખો પરથી સમજાય છે કે ઈસવી છઠ્ઠી શતાબ્દીમાં તો અપભ્રંશે એક સ્વતંત્ર સાહિત્યભાષાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. સંસ્કૃત અને પ્રાકૃતની સાથોસાથ તે પણ એક સાહિત્યભાષા તરીકે ઓળખાતી ગણાતી. આમ છતાં આપણને મળતી પ્રાચીનતમ અપભ્રંશ કૃતિ ઈસવી નવમી શતાબ્દીથી બહુ વહેલી નથી. એનો અર્થ એ થયો કે તે પહેલાંનું

પુસ્તક, પૃષ્ઠ	પંક્તિ	શુદ્ધિ
૧૨૧	૧૨	શ્રી તેમાં
	૨૧	ઉપાદાનોની
૧૨૨	૨૪	જાણે
૧૨૭	૨૫	૩૩ /૨
૧૨૮	૧૫	નીચે મથાળું
	૧૭	ઉમેરવું
" ૧૩	૭	૩૩૨
૧૩૩	૧૭	માટે
	૨	મળ્યુ ને
" ૧૪૧	પાન નીચે	૩૩૬, ૩૩૮
૧૭૭	નીચેથી ૫મી	ઉમેરો ગાથા ૪ ૧-૨
૧૭૮	છેલ્લે નીચે	૩૩૫ ગાથાના શ્લોકો ક્રમ અનુક્રમે બદલતા હોવાથી જુદા મળ્યા.

નોંધ પૃ. ૪૪ ગાથાંક ૪૨૬.૧ ની છાયા અને ભાષાંતર નીચે પ્રમાણે સુધારીને વાંચો

છાયા હર્ ચમ્મ્ વસંતે વર્ સમાજ (અલિ) નિસર્ગે। વર ગુણ સમર્થ (છે કૈર વત)। તત્ર કેતમ નામ કિમ્।

ભાષાંતર્થનું તો તે ચહ્માને પ્રેમ છે જરાક (મધુ) વિશદત. પણ ત્યાં ભાષાંતરનું થયું (તે શેઠ) થયો (?) તે શેઠનું નામ શું (કેવું)?

જુદા જૈન શ્રેષ્ઠીઓના આશ્રયે રહી અપભ્રંશરચના કરી હોવાનું જણાય છે. સ્વયંભૂ યાપનીયનામક જૈન પંથનો હોય એ બહુ સંભવિત છે. એ પંથનો તેના સમય આસપાસ દક્ષિણ પ્રદેશમાં ઘણો પ્રચાર હતો. સ્વયંભૂની ત્રણ કૃતિઓ જળવાઈ રહી છે : 'પઉમચરિય' અને 'રિટ્ઠણેમિચરિય' નામે બે પૌરાણિક મહાકાવ્ય અને 'સ્વયમ્ભૂચ્છન્દ'[1] નામનો પ્રાકૃત અને અપભ્રંશ છંદોને લગતો ગ્રંથ.

પઉમચરિય

પઉમચરિય (સં. પદ્મચરિત) એ રામાયણપુરાણ એવા બીજા નામે પણ જાણીતું છે. એમાં પદ્મ એટલે રામના ચરિત પર મહાકાવ્ય રચવાની સંસ્કૃત તથા પ્રાકૃત સાહિત્યની પરંપરાને સ્વયંભૂ અનુસરે છે. પઉમચરિયમાં રજૂ થયેલું રામકથાનું જૈન સ્વરૂપ વાલ્મીકિરામાયણમાં મળતા બ્રાહ્મણ પરંપરા પ્રમાણેના સ્વરૂપથી પ્રેરિત હોવા છતાં તે તેનાથી અનેક બાબતની બાબતમાં જુદું પડે છે. સ્વયંભૂરામાયણનો વિસ્તાર પુરાણની સ્પર્ધા કરે તેટલો છે. તે વિજ્જાહર (સં. વિદ્યાધર) ઉજ્ઝા (સં. અયોધ્યા) સુંદર જુજ્ઝ (સં. યુદ્ધ) અને ઉત્તર એમ પાંચ કાંડમાં વિભક્ત છે. આ દરેક કાંડ મર્યાદિત સંખ્યાના 'સંધિ' નામના ખંડોમાં વહેંચાયેલો છે. પાંચે કાંડના બધા મળીને નેવું સંધિ છે. આ દરેક સંધિ પણ બારથી વીસ એટલા કડવક નામના નાના સુગ્રથિત એકમોનો બનેલો છે. આ કડવક (=પ્રાચીન ગુજરાતી સાહિત્યનું કડવું) નામ ધરાવતો પદ્યપરિચ્છેદ અપભ્રંશની અને અર્વાચીન ભારતીય-આર્યના પૂર્વકાલીન સાહિત્યની વિશિષ્ટતા છે. કથાપ્રધાન વસ્તુ ગૂંથવા માટે તે ઘણું જ અનુકૂળ છે. કડવકદેહ વિવિધ માત્રાછંદમાં રચેલા સામાન્યતઃ આઠ પ્રાસબદ્ધ ચરણયુગ્મનો બનેલો હોય છે. કડવકના આ યુગ્મ એકંદરમાં વર્ણ્ય વિષયનો વિસ્તાર થાય છે, જ્યારે જરા ટૂંકા છંદમાં લખેલો ચાર ચરણનો અંતિમ ટુકડો વર્ણ્ય વિષયનો ઉપસંહાર કરે છે કે વધારેમાં પછીના વિષયનું સૂચન કરે છે. આવા વિશિષ્ટ બંધારણને લીધે, તથા પ્રવાહી ચરણો ને મોકળાશ આપતા માત્રાછંદોને લીધે અપભ્રંશ સંધિ, સ્વતંત્રબંધ શ્લોકોના એકમથી બંધાતા સંસ્કૃત મહાકાવ્યના સર્ગ કરતાં વિશેષ પ્રમાણમાં કથાપ્રધાન વિષયના નિર્વહન માટે અનુકૂળ હતો. ઉપરાંત અપભ્રંશ સંધિ શ્રોતાઓ સમક્ષ સળંગ રીતે પાઠ કરવાની કે ગીત રૂપે ગવાવાની પણ વધુ ક્ષમતા ધરાવતો.

પઉમચરિયના નેવું સંધિમાંથી છેલ્લા આઠ સ્વયંભૂના જરા વધારે ખ્યાત ભાગ્યશાળી પુત્ર ત્રિભુવનની રચના છે. કેમ કે કોઈ અજ્ઞાત કારણે સ્વયંભૂએ એ મહાકાવ્ય અપૂર્ણ મૂક્યું. આ જ પ્રમાણે પોતાના પિતાનું બીજું મહાકાવ્ય

1. પશ્ચિમ ભારતીય-આર્ય ભાષાઓ જેવી કે મ૦ પ્રાચીન અને મધ્યકાલીન [illegible] તેની અંદર ઉપરાંત સ્વયમ્ભૂચ્છન્દનું કોઈ મહત્ત્વ તેમાં અપાયેલાં પૂર્વકાલીન પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્યનાં ઉદ્ધરણોને લીધે છે. આથી આપણને એ સાહિત્યની ઘણી સમૃદ્ધિનો ખ્યાલ આવે છે.

બહુ સાહિત્ય શરૂ થયું છે. નવમી શતાબ્દી પૂર્વે પણ અપભ્રંશ સાહિત્ય સારી રીતે ખેડાતું રહ્યું હોવાના પુષ્કળ પુરાવા મળે છે. નવમી શતાબ્દી પૂર્વેના ચતુર્મુખાદિ નવ્યાસ કવિઓનાં નામ અને થોડાક ઉતારાઓ આપણી પાસે છે જેમાં જૈન તેમ જ બ્રાહ્મણ પરંપરાની કૃતિઓનાં સૂચન મળે છે અને ઉપલબ્ધ પ્રાચીનતમ નમૂનાઓમાં પણ સાહિત્યસ્વરૂપ, શૈલી અને ભાષાની જે સુનિશ્ચિત પ્રથા જોવા મળે છે તે ઉપરથી એ વાત સમર્થિત થાય છે. નવમી શતાબ્દી પૂર્વેના બે વિચારણીય પ્રતિપાદન પરથી સ્પષ્ટ સમજાય છે કે પૂર્વકાલીન સાહિત્યમાં અગત્યનાં એવાં ઘણાંખરાં એમાં બે નવાં સાહિત્યસ્વરૂપો—સંધિબંધ અને રાસાબંધ—તથા છંદોબંધ પ્રયત્નપૂર્વક નવતર માત્રાવૃત્તો અપભ્રંશમાં અસ્તિત્વમાં આવ્યાં હતાં.

સંધિબંધ

આમાં સંધિબંધ શૈલી વધુ પ્રચલિત રચનાપ્રકાર હતો. એનો ઉપયોગ કથાવાર્તાની રજૂઆત માટે થયેલો છે. પૌરાણિક આખ્યાન, ચરિતાખ્યાન, ધર્મકથા—પછી તે જૈન જ હોય કે અન્ય પ્રકારની હોય—આ બધા વિષયો માટે ઔચિત્યપૂર્વક સંધિબંધ યોજાયો છે. ઉપલબ્ધમાં પ્રાચીનતમ સંધિબંધ નવમી શતાબ્દીના સ્વયંભૂનો છે પણ તેની પૂર્વે લાંબી પરંપરા રહેલી હોવાનું વધારે યોગ્ય લાગે છે. સ્વયંભૂની પહેલાં થઈ (? ઈશાન), ગોવિંદ અને ચતુર્મુખે રામાયણ અને કૃષ્ણકથાના વિષય પર રચનાઓ કરી હોવાનું સાહિત્યિક ઉલ્લેખો પરથી અનુમાન થઈ શકે છે. આમાંથી ચતુર્મુખનો નિર્દેશ પછીની અનેક શતાબ્દીઓ સુધી માનપૂર્વક થતો રહ્યો છે. આમ વિષયોનું સંધિબંધમાં નિરૂપણ કરનાર એ આગવી અને પ્રબળ જૈન પરંપરાનો કવિ હતો. તેના અભિમત નામ સંધિબંધ કાવ્યનો લોકે અને હેમચંદ્રે ઉલ્લેખ કર્યો છે. દેવચંદ્ર કોઈ ચતુર્મુખ એવો વિષય હતો એવી ભાષાથી નિશ્ચિત કહું તેની વિશે કશી ચોક્કસ તેમ નથી.

સ્વયંભૂદેવ

ઉપર્યુક્ત પ્રાચીન કવિઓમાંથી કોઈની કૃતિ ઉપલબ્ધ ન હોવાથી કવિરાજ સ્વયંભૂદેવ (ઇસવી સાતમીથી દશમી શતાબ્દી વચ્ચે)નાં મહાકાવ્યો એ સંધિબંધ વિશેની માહિતી માટે આપણો પ્રાચીનતમ આધાર છે. ચતુર્મુખ, સ્વયંભૂ અને પુષ્પદંત ત્રણે અપભ્રંશના પ્રથમ પંક્તિના કવિઓ છે અને તેમાંયે પહેલું સ્થાન સ્વયંભૂને આપવા પણ કોઈ પ્રેરાય. કાવ્યપ્રવૃત્તિ સ્વયંભૂની કુળપરંપરામાં જ હતી. તેનો પિતા, માતા અને તેની પત્નીના કહેવામાં હતા

1 'જાણ નથી ક્યાં સુધી કે' અનાખ્યાની 'અલૌકિકવિશેષતાનો' ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે અપભ્રંશના તેના વિશ્વાસ પડે નથી.

જુદા જૈન શ્રેષ્ઠીઓના આશ્રયે રહી કાવ્યરચના કરી હોવાનું જણાય છે. સ્વયંભૂ યાપનીયસંઘના જૈન પંથનો હોય એ વધુ સંભવિત છે. એ પંથનો તેના સમય આસપાસ ઉક્ત પ્રદેશમાં ઘણો પ્રચાર હતો. સ્વયંભૂની માત્ર ત્રણ કૃતિઓ જળવાઈ રહી છે : પઉમચરિઉ અને રિટ્ઠણેમિચરિઉ નામે બે પૌરાણિક મહાકાવ્ય અને સ્વયંભૂછંદ[1] નામનો પ્રાકૃત અને અપભ્રંશ છંદોને લગતો ગ્રંથ.

પઉમચરિઉ

પઉમચરિઉ (સં. પદ્મચરિત) એ રામાયણપુરાણ એવા બીજા નામે પણ ઓળખાય છે. એમાં પણ એટલે રામના ચરિત પર મહાકાવ્ય રચવાની સંસ્કૃત તથા પ્રાકૃત સાહિત્યની પરંપરાને સ્વયંભૂ અનુસરે છે. પઉમચરિઉમાં રજૂ થયેલું રામકથાનું જૈન સ્વરૂપ વાલ્મીકિરામાયણમાં મળતા ઘણુંખરું સંપૂર્ણ પ્રમાણેના સ્વરૂપથી પ્રેરિત હોવા છતાં તે તેનાથી અનેક બાબતની બાબતમાં જુદું પડે છે. સ્વયંભૂરામાયણનો વિસ્તાર પુરાણની સ્પર્ધા કરે તેટલો છે. તે વિજ્જાહર (સં. વિદ્યાધર) ઉજ્ઝા (સં. અયોધ્યા) સુંદર જુજ્ઝ (સં. યુદ્ધ) અને ઉત્તર એમ પાંચ કાંડમાં વિભક્ત છે. આ દરેક કાંડ અમર્યાદિત સંખ્યાના 'સંધિ' નામના ખંડોમાં વહેંચાયેલો છે. પાંચે કાંડના બધા મળીને નેવું સંધિ છે. આ દરેક સંધિ પણ બારથી વીસ એટલા કડવક નામના નાના સુગ્રથિત એકમોનો બનેલો છે. આ કડવક (પ્રાચીન ગુજરાતી સાહિત્યનું કડવું) નામ ધરાવતો પદ્યપરિચ્છેદ અપભ્રંશની અને અર્વાચીન ભારતીય-આર્યના પૂર્વકાલીન સાહિત્યની વિશિષ્ટતા છે. કથાપ્રધાન વસ્તુ ગૂંથવા માટે તે ઘણું જ અનુકૂળ છે. કડવકનો મોટો ભાગ એક જ છંદમાં રચેલા સમાન્તર આઠ પ્રાસબદ્ધ ચરણયુગ્મનો બનેલો હોય છે. કડવકના આ મુખ્ય કલેવરમાં વર્ણ્ય વિષયનો વિસ્તાર થાય છે, જ્યારે જરા જુદા છંદમાં લખેલો ચાર ચરણનો અંતિમ ટુકડો વર્ણ્ય વિષયનો ઉપસંહાર કરે છે કે વધારામાં પછીના વિષયનું સૂચન કરે છે. આના વિવિધ બંધારણને લીધે, તથા પ્રવાહી ચરણો ને એકધારા આવતા માત્રામેળોને લીધે અપભ્રંશ સંધિ, સ્વયંપર્યાપ્ત શ્લોકોના એકમથી બંધાતા સંસ્કૃત મહાકાવ્યના સર્ગ કરતાં વિશેષ પ્રમાણમાં કથાપ્રધાન વિષયના નિર્વહન માટે અનુકૂળ હતો. ઉપરાંત અપભ્રંશ સંધિ શ્રોતાઓ સમક્ષ સળંગ રીતે પાઠ કરવાની કે ગીત રૂપે ગવાવાની પણ વધુ ક્ષમતા ધરાવતો.

પઉમચરિઉના નેવું સંધિમાંથી છેલ્લા આઠ સ્વયંભૂના જરા વધારે ઘાતા કાવ્યબળવાળા પુત્ર ત્રિભુવનની રચના છે. કેમ કે કોઈ અજ્ઞાત કારણે સ્વયંભૂએ એ મહાકાવ્ય અપૂરું મૂકેલું. આ જ પ્રમાણે પિતાના શિવાનું બીજું મહાકાવ્ય

1 માધ્યમિક ભારતીય-આર્ય ભાષો પરથી એક પ્રાચીન અને પ્રમાણભૂત સાધન હોવાથી તેની અગત્ય ઉપરાંત સ્વયંભૂછંદનું મોટું મહત્ત્વ તેમાં આપેલાં પૂર્વકાલીન પ્રાકૃત અને અપભ્રંશ કવિઓનાં ઉદાહરણોને લીધે છે. આથી આપણને એ સાહિત્યની કંઈક સમૃદ્ધિનો થોડો ખ્યાલ આવે છે.

રિટ્ઠણેમિચરિઉ પૂરું કરવાનો યશ પણ ત્રિભુવનને ફાળે જાય છે અને તેણે પંચમચરિત (સં. પંચમીચરિત) નામે એક સ્વતંત્ર ગ્રંથ રચ્યું હોવાનો પણ ઉલ્લેખ છે

સ્વયંભૂએ પોતાના પુરોગામીઓના ઋણનો સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર કર્યો છે મહાકાવ્યના સંવિધાન માટે તે ચતુર્મુખનો અનુગ્રહીત હોવાનું જણાવે છે જ્યારે વસ્તુ અને તેના કાવ્યાત્મક નિરૂપણ માટે તે આચાર્ય રવિષેણનો આભાર માને છે પઉમચરિઉના કથાનક પૂરતો તે રવિષેણના સંસ્કૃત પદ્મચરિત કે પદ્મપુરાણ (ઈ સ ૬૭૭–૭૮) ને પગલે પગલે ચાલે છે તે એટલે સુધી કે પઉમચરિઉને પદ્મચરિતનો મુક્ત અને સંક્ષિપ્ત અપભ્રંશ અવતાર કહેવો હોય તો કહી શકાય¹ ને છતાં યે સ્વયંભૂની મૌલિકતા અને ઉચ્ચ કવિની પ્રતિભાશક્તિનાં પ્રમાણ પઉમચરિઉમાં ઓછાં નથી એક નિયમ તરીકે તે રવિષેણે આપેલા કથાનકના ચોકઠાને વળગી રહે છે—અને આમેય એ કથાનક તેની નાનીમોટી વિગતો સાથે પરંપરાથી રૂઢ થયેલું હોવાથી કથાવસ્તુ પૂરતો તો મૌલિક કલ્પના માટે કે સંવિધાનની દૃષ્ટિએ પરિવર્તન કે રૂપાંતર માટે આમે જ ઓછો અવકાશ રહેતો. પણ શૈલીની દૃષ્ટિએ, કથાવસ્તુને બહલાવવાની બાબતમાં, વર્ણનો ને રસનિરૂપણની બાબતમાં, તેમ જ ભાવાત્મક પ્રસંગને બહેલાવવાની બાબતમાં, કવિને એટલી તેટલી છૂટ મળતી. આવી મર્યાદાની બંધબેસી હોવા છતાં સ્વયંભૂની સૂક્ષ્મ કાવ્યદૃષ્ટિએ પ્રશસ્ય સિદ્ધિ મેળવી છે પોતાની પ્રતિભાશક્તિને અનુસરીને તે આધારભૂત સામગ્રીમાં ફેરફાર કરે છે તેને નવો ઘાટ આપે છે કે કદીક નિરાળો જ માર્ગ ગ્રહણ કરે છે

પઉમચરિઉના કેટલાંક સુંદર વર્ણનાં દૃષ્ટાંતોની નોંધ ટૂંકમાં પણ આપીએ: આગળ આપેલાં ઉદાહ, વનિતાઓ, પ્રતિવર્ષતાક જલક્રીડાવર્ણન એક બેજોડ સર્જન તરીકે પહેલેથી જ પામ્યું આવ્યું છે જુદાં જુદાં યુદ્ધદૃશ્યો, અંજનાના વિરહભાવ (સંધિ ૧૭–૧૯)માંના કેટલાક ભાવોદ્રેકવાળા પ્રસંગો, રાવણના અનિવાર્ય વિનાશની પ્રસંગમાંથી નીતરતો વેધક વિષાદ (૭૭મો સંધિ)—આવાં આવાં ઉદાહરણ જોઈએ સ્વયંભૂની પ્રતિભાના પ્રબળ ઉન્મેષનું આપણે દર્શન કરી શકીએ

રિટ્ઠણેમિચરિઉ

સ્વયંભૂનું બીજું મહાકાવ્ય રિટ્ઠણેમિચરિઉ (સં. અરિષ્ટનેમિચરિત) અથવા હરિવંસપુરાણ (સં. હરિવંશપુરાણ) પણ પ્રસિદ્ધ વિષયને લગતું છે તેમાં બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિનું જીવનચરિત તથા કૃષ્ણ અને પાંડવોની, જૈન પરંપરા પ્રમાણેની, કથા આપેલી છે કેટલાક નષ્ટપ્રાય થયેલા ભાગ કરતાં તે ૬૦

---

૧ આ અંગેનું વિગતવાર [illegible] સુધી [illegible] અને [illegible] જેવી [illegible] આપ્યું છે.

૨ રવિષેણનું પદ્મચરિત પોતે પણ જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલા વિમલસૂરિના પઉમચરિય (ઈસવી [illegible] સદીની) [illegible] સંસ્કૃત [illegible] જ [illegible] છે

સુધી અપ્રકાશિત છે તેના એક સો બાર સંધિઓ (એનાં બધાં મળીને ૧૯૩ કડવક અને ૧૮ અગીઆર-બારી એક્મો— ‘પ્રમાણ’—સોનાનું કહેવ છે)નો ચાર કાંડમાં સમાવેશ થાય છે યાદવ (સં. યાદવ) કુરુ, યુદ્ધ (સં. યુદ્ધ અને ઉત્તર. આ વિષયમાં પણ સ્વયંભૂ પાસે કેટલીક આદર્શભૂત પૂર્વકૃતિઓ હતી નવમી શતાબ્દી પહેલાં વિમલસૂરિ (?) અને વિદગ્ધ પ્રાકૃતમાં, જિનસેને (ઈ સ ૭૮૩–૮૪) સંસ્કૃતમાં અને ચઉ (કે ઇન્દ્રરાજે? હદાયે?) ગોવિન્દે ત અપભ્રંશમાં હરિવંશના વિષય પર મહાકાવ્યો રચ્યાં હોવાનું જણાય છે રિટ્ઠણેમિચરિયનો નવાણુમા સંધિ પછીનો ભાગ સ્વયંભૂના પુત્ર ત્રિભુવનની રચિ છે અને પાછળથી ૧૬મી શતાબ્દીમાં તેમાં ગોપાચલ(ગ્વાલિયર)ના એ અપભ્રંશ કવિ યશઃકીર્તિ વગેરેએ કેટલાક ઉમેરા કરેલા છે

રામ અને કૃષ્ણના ચરિત પર સ્વયંભૂ પછી રચાયેલાં અપભ્રંશ સંધિબ કાવ્યોમાંથી કેટલાંકનો ઉલ્લેખ અહીં જ કરી લઈએ—આ બધી કૃતિઓ હ અપ્રસિદ્ધ છે ધવલે (કદાચ અગીઆરમી શતાબ્દી પહેલાં) ૧૨૨ સંધિ હરિવંશપુરાણ રચ્યું ઉપર્યુક્ત યશઃકીર્તિ વગેરેએ ૩૪ સંધિમાં પાંડુપુરાણ (સં. પાં પુરાણ) (ઈ સ. ૧૫૨૩) તથા તેના સમકાલીન પંડિત રઈધૂ અપરના સિંહસેને ૧૧ સંધિમાં રામાયણવિષયક પદ્મપુરાણ (સં. પદ્મપુરાણ) તેમ ણેમિણાહચરિય (સં. નેમિનાથચરિત) રચ્યાં. એ જ સમય લગભગ શ્રુતકીર્તિ ૪ સંધિમાં હરિવંસપુરાણ (સં. હરિવંશપુરાણ) (ઈ સ. ૧૫૫૫) પૂરું કર્યું કૃતિઓ સ્વયંભૂ પછી સાત સો એટલાં વરસે પણ રામાયણ ને હરિવંશ વિષયોની ચાલતી પરંપરા અને લોકપ્રિયતાના પુરાવારૂપ છે

પુષ્પદન્ત

પુષ્પદન્ત (અપ. પુપ્ફયંત) અપરનામ ખણ્ડ (ઈ સ. ૯૫૭–૯૭૨ વિદ્યમાન)ની કૃતિઓમાંથી આપણને સંધિબંધમાં ગૂંથાતા બીજા બે પ્રકારો જાણ થાય છે પુષ્પદંતનાં માતાપિતા બ્રાહ્મણ હતાં. તેમણે પાછળથી દિગંબર જૈ ધર્મ સ્વીકારેલો. પુષ્પદંતનાં ત્રણે અપભ્રંશ કાવ્યોની રચના માન્યખેટ (હાલ ઓંધ્ર પ્રદેશમાં આવેલું માલખેડ)માં રાજ્ય કરતા રાષ્ટ્રકૂટ રાજાઓ કૃષ્ણ ત્રી (ઈ સ. ૯૩૯–૯૬૮) અને ખોટ્ટિગદેવ(ઈ સ. ૯૬૮–૯૭૨)ના પ્રધાન અનુક્રમે ભરત અને તેના પુત્ર નન્નના આશ્રય નીચે થઈ હતી. સ્વયંભૂ અને તે પુરોગામીઓએ રામ અને કૃષ્ણવિષયક કથાનકો લઈને કાવ્ય રચ્યાં હતાં પુષ્પદન્તની પ્રતિભાએ જૈન પુરાણકથાના જુદા—અને વિશાળતર—પ્રદેશો વિસ્તારનું પસંદ કર્યું જૈન પૌરાણિક માન્યતા પ્રમાણે પૂર્વના સમયમાં ત્રેસ મહાપુરુષો (કે શલાકાપુરુષો) થઈ ગયા. તેમાં ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી નવ વાસુદેવ (અર્ધચક્રવર્તી) નવ બલદેવ (તે તે વાસુદેવના ભાઈ) અને ન

પ્રતિવાસુદેવ (એટલે કે તે તે વાસુદેવના વિરોધી)નો સમાવેશ થાય છે આમ, પદ્મ (=રામ) અને રાવણ એ આઠમા બલદેવ, વાસુદેવ ને પ્રતિવાસુદેવ, તથા કૃષ્ણ, બલભદ્ર અને જરાસંધ એ નવમા ગણાય છે આ ત્રેસઠ મહાપુરુષોનાં જીવનવૃત્તાંત આપતી રચનાઓ મહાપુરાણ અથવા ત્રિષષ્ટિમહાપુરુષ (કે –શલાકાપુરુષ–) ચરિતને નામે ઓળખાય છે આમાં પહેલા તીર્થંકર ઋષભ અને પહેલા ચક્રવર્તી ભરતનાં ચરિતને વર્ણવતો ભાગ તે આદિપુરાણ અને બાકીના મહાપુરુષોનાં ચરિતવાળો અંશ ઉત્તરપુરાણ કહેવાય છે

મહાપુરાણ

પુષ્પદંત પહેલાં પણ આ વિષય પર સંસ્કૃત અને પ્રાકૃતમાં કેટલીક પદ્યકૃતિઓ રચાયેલી. પણ અપભ્રંશમાં પહેલવહેલો એ વિષયનું મહાકાવ્ય બનાવનાર પુષ્પદંત એકલો જ જણાય છે મહાપુરાણ કે તિસટ્ઠિમહાપુરિસગુણાલંકાર (સં. ત્રિષષ્ટિમહાપુરુષગુણાલંકાર) નામ ધરાવતી તેની એ મહાકૃતિમાં ૧૦૨ સંધિ છે જેમાંથી પહેલી સાડત્રીસ સંધિ આદિપુરાણને અને બાકીના ઉત્તરપુરાણને ફાળે જાય છે

પુષ્પદંતે પ્રધાનપણે જિનસેન ગુણભદ્રકૃત સંસ્કૃત ત્રિષષ્ટિમહાપુરુષગુણાલંકાર (ઈ. સ. ૮૯૮ માં સમાપ્ત)નો અને કવિ પરમેષ્ઠીની જૂની કૃતિનો આધાર લીધો જણાય છે આ વિષયમાં પણ પ્રસંગો અને વિગતો ઉપરાંત કથાનિરૂપણ સભર કોઠાર પરંપરાથી ઠરી ચૂક્યું હતું, એટલે નિરૂપણમાં નાવીન્ય અને તાજગી લાવવા કવિને માત્ર પોતાની વર્ણનની અને શૈલીકલાની શક્તિઓ પર જ આધાર રાખવાનો રહેતો. સિવાય કથાનક સ્વરૂપના ને પૌરાણિક હોવા છતાં જૈન અપભ્રંશ કવિઓ તેમના નિરૂપણમાં પ્રશિષ્ટ સંસ્કૃતના આલંકારિક મહાકાવ્યની પરંપરા અપનાવે છે અને કાવ્યશાસ્ત્રના કથાનાયકોવરને અનુસાર, ભ ને ૫ ત્રિવર્ગના પ્રાપ્તિની અવાંતરકથાને છે તેનું એક કારણ આ પણ છે રિટ્ઠણેમિચરિઉમાં સ્વયંભૂ આપણને સ્પષ્ટ કહે છે કે કાવ્યરચના કરવા માટે તેને વ્યાકરણ દૃઢ દીધું, રસ આપ્યો, વિસ્તાર આપ્યો, છંદ પિંગલે, અલંકાર ભામહ અને દંડીએ, અક્ષરાડંબર બાણે, નિપુણત્વ શ્રીહર્ષે અને ભરતે, ત્રિપદી ને ચતુષ્પદી સહિત પદ્ધડિયા ચતુર્મુખે આપ્યાં. પુષ્પદંત પણ પરોક્ષ રીતે આવું કહે છે સિવાય બીજાં કેટલાંક જૈનમાં પ્રતિષ્ઠિત જૈન ધીરક નામો ઉમેરે છે અને એવી ઘોષણા કરે છે કે પોતાના મહાપુરાણમાં પ્રાકૃતલક્ષણ, સકલ નીતિ, છંદોરચના, અલંકાર, વિવિધ રસો તથા તત્ત્વાર્થનો નિર્ણય મળશે. સંસ્કૃત મહાકાવ્યોનો આદર્શ સામે રાખી તેની પ્રેરણાથી રચાયેલાં અપભ્રંશ મહાકાવ્યોનું ઘણું બળ વસ્તુના વૈવિધ્ય કે સંવિધાન કરતાં વિશેષ તો તેના વર્ણન કે નિરૂપણમાં રહેલું છે

સ્વયંભૂની [illegible] રચનામાં પુષ્પદંત આકારની સમૃદ્ધિ, અલંકારપ્રિયતા અને વ્યુત્પત્તિ ઉપર [illegible] રાખે છે અલંકારોની વિપુલતા તથા સંધિ અને

કાવ્યની દીર્ઘતા પુષ્પદન્તના સમય સુધીમાં સંધિબંધનું સ્વરૂપ કેટલે વધુ સંકુલ થયું હોવાની સૂચક છે. મહાપુરાણના ચોથા, બારમા, સત્તરમા, છેતાળીસમા, બાવનમા ઇત્યાદિ સંધિઓના કેટલાક અંશો પુષ્પદન્તની અસામાન્ય કવિત્વશક્તિનાં ઉત્તમ ઉદાહરણો તરીકે ટાંકી શકાય. મહાપુરાણના ૬૯થી ૭૯ સંધિમાં રામાયણની કથાનો સંક્ષેપ અપાયો છે. ૮૧થી ૯૨ સંધિ જૈન હરિવંશ આપે છે, જ્યારે અંતિમ અંશમાં ત્રેવીસમા તથા ચોવીસમા તીર્થંકર પાર્શ્વ અને મહાવીરનાં ચરિત છે.

ચરિતકાવ્ય

પુષ્પદન્તનાં બીજાં બે કાવ્ય, ણાયકુમારચરિઉ (સં. નાગકુમારચરિત) અને જસહરચરિઉ (સં. યશોધરચરિત) પરથી જોઈ શકાય છે કે વિશાળ પૌરાણિક વિષયો ઉપરાંત જૈન પુરાણ, અનુશ્રુતિ કે પરંપરાગત ઇતિહાસની પ્રસિદ્ધ વ્યક્તિઓનાં વિષયક જીવનચરિત આપવા માટે પણ સંધિબંધ વપરાતો. વિસ્તાર અને નિરૂપણની દૃષ્ટિએ આ ચરિતકાવ્યો કે કથાકાવ્યો સંસ્કૃત મહાકાવ્યોની પ્રતિકૃતિ જેવાં ગણાય. આમાં પણ પુષ્પદન્ત પાસે કેટલાક પૂર્વવર્તી હોવાં જોઈએ. આવતા ઉલ્લેખ પરથી જાણવું પુષ્પદન્તની પહેલાંનાં સૈકામાં એવાં બે ચરિતકાવ્યોનાં નામ આપણે જાણીએ છીએ. એક તે સ્વયંભૂકૃત સુલોચનાચરિત અને બીજું તેના પુત્ર ત્રિભુવનકૃત પંચમીચરિત. ણાયકુમારચરિઉ નવ સંધિમાં તેના નાયક નાગકુમાર(જૈન પુરાણકથા પ્રમાણે ચોવીસ કામદેવમાંનો એક)નાં પરાક્રમો વર્ણવે છે અને સાથે તે કાર્તિક સુદિ પાંચમને દિવસે શ્રીપંચમીનું વ્રત કરવાથી થતી ફલપ્રાપ્તિનું ઉદાહરણ પૂરું પાડે છે.

પુષ્પદન્તનું ત્રીજું કાવ્ય જસહરચરિઉ ચાર સંધિમાં ઉજ્જયિનીના રાજા યશોધરની કથા આપે છે ને તે દ્વારા પ્રાણિવધના પાપનાં કડવાં ફળો ઉદાહૃત કરે છે. પુષ્પદન્તની પહેલાં અને પછી આ જ કથાનકને સૂચવતી પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ અને અર્વાચીન ભાષાઓમાં મળતી અનેક રચનાઓ એ વિષય જૈનોમાં અતિશય લોકપ્રિય હોવાની સૂચક છે.

પુષ્પદન્તનું પ્રબળ કલ્પનાશક્તિ પરનું પ્રભુત્વ, અપભ્રંશ ભાષામાં અનન્ય પારંગતતા, તેમ જ બહુમુખી પાંડિત્ય તેને ભારતના કવિઓમાં માનવંતુ સ્થાન અપાવે છે. એક સ્થળે કાવ્યના પોતાના આદર્શનો આછો ખ્યાલ આપતાં તે કહે છે કે ઉત્તમ કાવ્ય શબ્દ અને અર્થના અલંકારથી તથા લીલાયુક્ત પદાવલિથી મંડિત, રસભાવનિરંતર અર્થની ગાઢતાવાળું, સર્વ વિદ્યાકલાથી સમૃદ્ધ, વ્યાકરણ અને છંદથી પુષ્ટ અને આગમથી પ્રેરિત હોવું જોઈએ. ઉચ્ચ કોટિનું અપભ્રંશ સાહિત્ય આ આદર્શનો સાક્ષાત્કાર કરવામાં પ્રયત્નશીલ રહ્યું છે, પણ તેમાં સૌથી વધુ સફળતા પુષ્પદન્તને મળી છે એમ કહેવામાં કશી અત્યુક્તિ નથી.

પુષ્પદન્ત પછીનાં ચરિતકાવ્ય

પુષ્પદન્ત પછી આપણને સંખ્યાબંધ ચરિતકાવ્યો કે કથાકાવ્યોનાં પુષ્કળ નમૂના મળે છે. પણ તેમાંનાં ઘણાંખરાં હજી માત્ર હસ્તપ્રતરૂપે જ રહ્યાં છે. જે થોડાં ઘણાં પ્રકાશિત થયાં છે તેમાં સૌથી મહત્ત્વની ધનપાલકૃત ભવિસત્તકહા (સં. ભવિષ્યદત્તકથા) છે. ધનપાલ દિગંબર ધર્કટ વણિક હતો અને સંભવત: દસમી બારમી શતાબ્દી પહેલાં થઈ ગયો. બાવીસ સંધિના વિસ્તારવાળું તેનું કાવ્ય પ્રમાણમાં સરળ શૈલીમાં ભવિષ્યદત્તની જિંદગીની કથા કહે છે અને સાથેસાથે કાર્તિક શુદિ પંચમીને દિવસે આચરવું શ્રુતપંચમીનું વ્રત કરવાથી મળતું ફળનું ઉદાહરણ આપવાનો હેતુ પણ પાર પાડે છે. તેનું કથાનક એવું છે કે એક વેપારી નિષ્કારણ અપમાનથી આવતું પુત્ર ભવિષ્યદત્ત સહિત પોતાની પત્નીનો ત્યાગ કરે છે અને બીજી પત્ની કરે છે. ભવિષ્યદત્ત મોટો થતાં કંઈ પ્રસંગે પરદેશ ખેડવા જાય છે ત્યારે તેનો ઓરમાન ભાઈ બે વાર કપટ કરી તેને એક નિર્જન દ્વીપ પર એકલોઅટૂલો છોડી જાય છે. પણ માતાએ કરેલા શ્રુતપંચમીના વ્રતને પરિણામે છેવટે તેની બધી મુશ્કેલીઓનો અંત આવે છે. તેનો ભાગ્યોદય થાય છે અને શત્રુનો પરાજય કરવામાં રાજાને સહાય કરવા બદલ તે રાજ્યાર્ધનો અધિકારી બને છે. પરંતુ પછી ચોથા ભવમાં શ્રુતપંચમીનું વ્રત કરવાથી તેને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. ધનપાલ પહેલાં આ જ વિષય પર અપભ્રંશમાં ત્રિભુવનનું પંચમીચરિઉ તથા પ્રાકૃતમાં મહેશ્વરની નાણપંચમીકહાઓ (સં. જ્ઞાનપંચમીકથા) મળે છે. ધનપાલની સમીપના સમયમાં શ્રીધરે પણ સંધિબંધ અપભ્રંશ ભવિસત્તચરિઉ (સં. ભવિષ્યદત્તચરિત) (ઈ. સ. ૧૧૭૪) રચેલું છે જે હજી અપ્રકાશિત છે.

કનકામરનું કરકંડચરિઉ (સં. કરકંડુચરિત) દસ સંધિમાં એક પ્રત્યેકબુદ્ધ (એટલે કે સ્વયંબુદ્ધ સંત)નો જીવનવૃત્તાંત આપે છે. બૌદ્ધ સાહિત્યમાં પણ કરકંડુની વાત આવે છે.

ધાહિલકૃત પઉમસિરિચરિઉ (સં. પદ્મશ્રીચરિત) (ઈસવી અગિયારમી શતાબ્દી લગભગ) કપટાચરણયુક્ત આચરણનું ભાવિ ફળ ઉદાહૃત કરવા ચાર સંધિમાં પદ્મશ્રીનો પૂર્વ ભવનો વૃત્તાંત આપે છે. વસ્તુ હરિભદ્રની પ્રસિદ્ધ પ્રાકૃત કથા સમરાઇચ્ચકહાની એક અવાંતરકથા ઉપરથી લીધેલું છે.

પણ પહેલાં કહ્યું તેમ સંખ્યાબંધ ચરિતકાવ્યોના ઘણા મોટા ભાગને હજી મુદ્રણનું સદ્ભાગ્ય નથી સાંપડ્યું. અહીં આપણે તેમાં ગ્રંથોની એક યાદી—અને તે પણ સંપૂર્ણ નહીં—આપીને જ સંતોષ માનશું. સામાન્ય રીતે આ ગ્રંથો જૈન સિદ્ધાંત કે ધાર્મિક-નૈતિક માન્યતાના દૃષ્ટાંત તરીકે કોઈ તીર્થંકરનું કે જૈન પુરાણકથાના કે દંતકથાના કોઈ મહત્ત્વના પાત્રનું ચરિત વર્ણવે છે.

ચરિતકાવ્યોની યાદી

નામ		કવિ	સંધિ સંખ્યા	રચનાસમય ઇસવીસનમાં
પાસપુરાણ	(સં. પાર્શ્વપુરાણ)	પદ્મકીર્તિ	૧૮	૯૯૩
જમ્બૂસામિચરિય	(સં. જમ્બૂસ્વામિચરિત)	સાગરદત્ત	૧૧	૧ ૨
જમ્બૂસામિચરિય	(સં. જમ્બૂસ્વામિચરિત)	વીર	૧૧	૧ ૨
સુદંસણચરિય	(સં. સુદર્શનચરિત)	નયનંદી	૧૧	૧ ૪
વિલાસવઇકહા	(સં. વિલાસવતીકથા)	સાધારણ કે સિદ્ધસેન	૧૧	૧ ૬૮
પાસચરિય	(સં. પાર્શ્વચરિત)	શ્રીધર	૧૨	૧૧૩૩
સુકુમાલચરિય	(સં. સુકુમાલચરિત)	શ્રીધર	૬	૧૧૫૨
સુકુમાલસામિચરિય	(સં. સુકુમાલસ્વામિચરિત)	પૂર્ણભદ્ર	૬	
પજ્જુણ્ણકહા	(સં. પ્રદ્યુમ્નકથા)	સિંહ કે સિદ્ધ	૧૫	૧૨ મી શતાબ્દી
જિણદત્તચરિય	(સં. જિનદત્તચરિત)	લક્ખણ	૧૧	૧૨૧૮
વયરસામિચરિય	(સં. વજ્રસ્વામિચરિત)	વરદત્ત	૨	
બાહુબલિદેવચરિય	(સં. બાહુબલિદેવચરિત)	ધનપાલ	૧૮	૧૩૯૮
સેણિયચરિય	(સં. શ્રેણિકચરિત)	જયમિત્ર હલ્લ	૧૧	૧૫ મી શતાબ્દી
ચંદપ્પહચરિય	(સં. ચન્દ્રપ્રભચરિત)	યશઃકીર્તિ	૧૧	”
સમ્મઇજિણચરિય	(સં. સન્મતિજિનચરિત)	રઇધૂ	૧૦	”
મેહેસરચરિય	(સં. મેઘેશ્વરચરિત)	”	૧૩	
ધણકુમારચરિય	(સં. ધનકુમારચરિત)		૪	”
વડ્ઢમાણકવ્વ	(સં. વર્ધમાનકાવ્ય)	જયમિત્ર હલ્લ	૧૧	”
અમરસેણચરિય	(સં. અમરસેનચરિત)	માણિક્યરાજ	૭	
ણાયકુમારચરિય	(સં. નાગકુમારચરિત)	”	”	”
સુલોચણાચરિય	(સં. સુલોચનાચરિત)	દેવસેન	૨૮	

કથાકોશો

અહીં સુધીમાં ગણાવ્યા તે ઉપરાંત બીજો એક વિષયપ્રકાર પણ સંધિબંધમાં મળે છે તે છે કોઈ વિશિષ્ટ જૈન મતમાં પ્રતિપાદિત થયેલા અમુક ધાર્મિક કે નૈતિક વિષયને ઉદાહૃત કરતી કથાવલી. કથાકોશ નામે ઓળખાતા આ સાહિત્યની સંખ્યાબંધ કૃતિઓ સંસ્કૃત અને પ્રાકૃતમાં મળે છે. અપભ્રંશમાં ૫૬ તથા ૫૮ સંધિના બે ભાગમાં રચાયેલું નયનંદીકૃત સકલવિધિવિધાનકવ્વ (સં. સકલવિધિવિધાનકાવ્ય) (ઈ. સ. ૧ ૪૪) તથા ૫૩ સંધિમાં નિબદ્ધ શ્રીચંદ્રકૃત કહકોસ (સં. કથાકોશ) (ઈસવી અગિયારમી સદી) એ બંને, ક્રમવૃદ્ધિને લગતા ને જૈન શૌરસેનીમાં રચાયેલા આગમમાન્ય પ્રસિદ્ધ દિગંબર ગ્રંથ ભગવતી-આરાધનાની

સાથે સંકળાયેલી કથાઓ વર્ણવે છે. નયનંદી અને શ્રીચંદ્રે પોતાની કૃતિઓ પુરોગામી સંસ્કૃત અને પ્રાકૃત આરાધનાકથાકોશોને આધારે રચી હોવાનું જણાવ્યું છે.

૨૧ સંધિનો શ્રીચંદ્રકૃત દંસણકહરયણકરંડુ (સં. દર્શનકથારત્નકરંડ) (ઈ. સ. ૧૦૬૪) ૧૧ સંધિની હરિષેણ કૃત ધમ્મપરિક્ખા (સં. ધર્મપરીક્ષા) (ઈ. સ. ૯૮૮) ૧૪ સંધિનું અમરકીર્તિકૃત છક્કમ્મુવએસ (સં. ષટ્કર્મોપદેશ) અને સંભવતઃ ૭ સંધિનું શ્રુતકીર્તિકૃત પરમેટ્ઠિપયાસસાર (સં. પરમેષ્ઠિપ્રકાશસાર) (ઈ. સ. ૧૪૯૭) વગેરેનો પણ આ જ પ્રકારમાં સમાવેશ થાય છે. આ બધી કૃતિઓ પણ હજી પ્રકાશમાં નથી આવી.

આમાં હરિષેણની ધમ્મપરિક્ખા તેના વસ્તુની વિશિષ્ટતાને કારણે ખાસ રસપ્રદ છે. તેમાં મુખ્યત્વે, બ્રાહ્મણ પુરાણો કેટલાં વિસંગત અને અર્થહીન છે તે સચોટ યુક્તિથી પુરવાર કરીને મનોવેગ પોતાના મિત્ર પવનવેગ પાસે જૈન ધર્મનો સ્વીકાર કરાવે છે તેની વાત છે. મનોવેગ પવનવેગની હાજરીમાં એક બ્રાહ્મણસભા સમક્ષ પોતાને વિશે સાવ અસંબદ્ધ અને ઉટપટાંગ એવી કેટલીક વાતો કરે છે અને જ્યારે પેલા બ્રાહ્મણો તેને માનવાની ના પાડે છે ત્યારે તે રામાયણ, મહાભારત અને પુરાણોમાંથી એવા જ અસંબદ્ધ પ્રસંગો ને બનાવો સમર્થનમાં ટાંકી પેલાના શબ્દોને પ્રમાણભૂત કરાવે છે. હરિષેણની આ કૃતિનો આધાર કોઈ પ્રાકૃત રચના હતી. ધમ્મપરિક્ખાને અનુસરીને પછીથી સંસ્કૃત તેમ જ બીજી ભાષાઓમાં કેટલાક ગ્રંથો રચાયા છે. હરિભદ્રકૃત પ્રાકૃત ધૂર્તાખ્યાન (ઈસવી આઠમી શતાબ્દી)માં આ જ પ્રયુક્તિ અને પ્રયોજન છે. આ વિષયની સર્વોત્તમ કૃતિ એ હોવાની પણ જાણીતી છે.

આ સંક્ષિપ્ત વૃત્તાંત પરથી અપભ્રંશ સાહિત્યમાં સંધિબંધનું કેટલું મહત્ત્વ છે તેનો ઠીક ખ્યાલ મળી રહેશે.

રાસાબંધ

સંધિબંધની જેમ અપભ્રંશે સ્વતંત્રપણે વિકસાવેલ અને ઠીકઠીક પ્રચલિત બીજું સાહિત્યસ્વરૂપ તે રાસાબંધ. તે ઊર્મિપ્રધાન કાવ્યના પ્રકારની, મધ્યમ માપની (આમ સંસ્કૃત ખંડકાવ્યનું સ્મરણ કરાવતી) રચના હોવાની અટકળ થઈ શકી છે. તેમાં કાવ્યના કલેવર માટે સામાન્ય રીતે અમુક એક પરંપરાગત માત્રાછંદ પ્રયોજાતો, જ્યારે વૈવિધ્ય માટે વચ્ચે વચ્ચે ભાતભાતના વિવિધ છંદો વપરાતા. રાસાબંધનો પ્રચાર અને લોકપ્રિયતા આપણને ઉપલબ્ધ પ્રાચીનતમ પ્રાકૃત–અપભ્રંશના છંદશાસ્ત્રીઓએ આપેલી રાસાની વ્યાખ્યાથી સમર્થિત થતાં હોવા છતાં (અપભ્રંશ તો તેને અતિપ્રતિષ્ઠિતોમાં રાસાબંધરૂપ કહીને વખાણે છે) એક પણ પ્રાચીન રાસાનો નમૂનો તો ઠીક, નામે ય નથી જળવાયું

રહ્યુ એ આશ્ચર્યની વાત છે અને પાછળના સમયમાં પણ આ મહત્ત્વના અપભ્રંશ કાવ્યપ્રકાર વિષેનું આપણું અજ્ઞાન ઘટાડે તેવી સામગ્રી સ્વલ્પ છે રાસક અને ધરમૂળનું પરિવર્તન પામીને રાસા અર્વાચીન ભારતીય-આર્ય સાહિત્યમાં ઓગણીસમી શતાબ્દીના અંત સુધી ચાલુ રહ્યો છે પ્રાચીન રાજસ્થાની સાહિત્યમાં ઘણું ખરુ જૈન લેખકોના રચેલા રાસાઓ મોટી સંખ્યામાં મળે છે પણ અપભ્રંશમાં કે તેરમી શતાબ્દી લગભગના સંદેશરાસક અને બારમી શતાબ્દી લગભગના સાહિત્યદૃષ્ટિએ મૂલ્યહીન એક ઉપદેશાત્મક જૈન રાસ સિવાય બીજું કશું મળતું નથી. આમાં પાછલી કૃતિ ઉપદેશરસાયનરાસ નામથી પદ્યોમાં સદ્ગુરુ અને સદ્ધર્મની પ્રશંસા અને કુગુરુ અને કુધર્મની નિંદા કરે છે એ રાસકકાવ્ય એક પ્રતિનિધિરૂપ કૃતિ નહીં પણ લોકપ્રિય સાહિત્યપ્રકારનો ધર્મપ્રચાર અર્થે ઉપયોગ થયાનું ઉત્તરકાલીન ઉદાહરણ માત્ર છે કંઈ અંતરંગરાસનો ઉલ્લેખ અગિયારમી શતાબ્દીની, અને માણિક્ય-મલ્લારિકા-પ્રતિબદ્ધ-રાસનો બારમી શતાબ્દીની કૃતિમાં મળે છે

સંદેશરાસકના વિશિષ્ટ મહત્ત્વને કારણે તેને લગતી માહિતી સહેજ વિસ્તારથી પરિશિષ્ટમાં આપી છે

વસંતોત્સવ સાથે સંકળાયેલી ચર્ચરીનામક ગેય રચનાઓ પણ અપભ્રંશમાં રચાયેલી જણાય છે પણ અગિયારમી શતાબ્દીની શાન્તિનાથચરિતના ઉલ્લેખ સિવાય અને તેરમી શતાબ્દીની એક ઉપદેશાત્મક જૈન રચના સિવાય કશું જળવાયું નથી.

સર્ગબંધ મહાકાવ્ય

વિશિષ્ટ બંધવાળા સંધિકાવ્ય ઉપરાંત અપભ્રંશમાં સર્ગબંધ છંદોબદ્ધ મહાકાવ્યો પણ રચાયાં છે અપભ્રંશ કથાકાવ્ય માટે સંધિબંધ જ નિયત હતો એવું નથી. જેમ કે આરંભથી અંત સુધી નિરપવાદપણે એક જ છંદ યોજ્યો હોય અને બંધારણ કે વિભાગીકરણને અવગણીને કોઈ પણ જાતના વિભાગ કે આ પ્રકારમાં ન આવ્યા હોય તેવાં કથાકાવ્યોનાં આપણને એકબે નમૂના મળે છે ઈ. સ. ૧૧૫ માં સમાપ્ત થયેલા હરિભદ્રના ણેમિણાહચરિઉ(સં. નેમિનાથચરિત)નું પ્રમાણ ૮ હજાર શ્લોક જેટલું છે અને તે રડ્ડા નામના એક મિશ્ર છંદમાં રચાયું છે હરિભદ્ર પહેલાં ઓછામાં ઓછી એક શતાબ્દી પૂર્વે થયેલા ગોવિંદ નામે અપભ્રંશ કવિએ પણ રડ્ડાછંદના વિવિધ પ્રકારોમાં એક કૃષ્ણકાવ્ય રચ્યું હોવાનું આપણે સ્વયંભૂછંદમાં આપેલાં ઉદ્ધરણો પરથી અનુમાન કરી શકીએ છીએ. ગઉડવહો જેવી પ્રાકૃતરચનાઓ પણ આ પ્રકારની છે

ધાર્મિક તથા આધ્યાત્મિક કૃતિઓ

અપભ્રંશમાં કથાકાવ્યોની (અને સંભવત ઊર્મિપ્રધાન કાવ્યોની) વિપુલતા હતી, એનો અર્થ એવો નથી કે તે બીજા કાવ્યપ્રકારોથી સાવ અજ્ઞાત હતો.

ધાર્મિક-બોધક વિષયની કેટલીક નાની નાની રચનાઓ ઉપરાંત થોડીક આધ્યાત્મિક કે યોગવિષયક રચનાઓ પણ મળે છે

આમાં યોગીન્દુદેવ (અપ. જોઇંદુ)નો પરમપ્પપયાસુ (સં. પરમાત્મપ્રકાશ) અને યોગસાર સૌથી વિશેષ મહત્ત્વના છે પરમપ્પપયાસુના બે અધિકારમાંથી પહેલામાં ૧૨૩ દોહા છે જેમાં બાહ્યાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ, રસળતી શૈલીમાં પ્રતિપાદન કરેલું છે ૨૧૪ પદો (મુખ્યત્વે દોહા)ના બીજા અધિકારમાં મોક્ષતત્ત્વ અને મોક્ષસાધન ઉપર છે યોગીન્દુ સાધક યોગીને આત્મ-સાક્ષાત્કારનું સર્વોચ્ચ મહત્ત્વ સમજાવે છે અને તે માટેના માર્ગ તરીકે વિષયોપભોગ તજવાનો, ધર્મના માત્ર બાહ્યાચારને નહીં, પણ આંતરિક તત્ત્વને વળગી રહેવાનો, આંતરિક શુદ્ધિનો અને આત્માના સાચા સ્વરૂપનું ધ્યાન ધરવાનો ઉપદેશ આપે છે યોગસારમાં ૧૦૮ પદો (મુખ્યત્વે દોહા)માં સંસારભ્રમણથી વિરક્ત મુમુક્ષુને પ્રબુદ્ધ કરવા માટે ઉપદેશ અપાયેલો છે સ્વરૂપ, શૈલી અને સામગ્રીની દૃષ્ટિએ તેનું પરમપ્પપયાસ સાથે ઘણું સામ્ય છે

આ જ રીતે રામસિંહકૃત દોહાપાહુડ (સં. દોહાપ્રાભૃત)ને લાગુ પડે છે તેનાં ૨૧૨ દોહાબદ્ધ પદ્યોમાં એ જ આધ્યાત્મિક-નૈતિક દૃષ્ટિ પર ભાર મુકાયો છે તેમાં શરીર અને આત્માનો તાત્ત્વિક ભેદ નિરૂપી, પરમાત્માની સાથે આત્માની અભેદાનુભૂતિને સાધક યોગીનું સર્વોચ્ચ સાધ્ય ગણ્યું છે વિચારમાં તેમ જ પરિભાષામાં આ બંને કૃતિઓ બ્રાહ્મણ અને બૌદ્ધપરંપરાની અધ્યાત્મવિષયક કેટલીક કૃતિઓ સાથે નોંધપાત્ર સામ્ય ધરાવે છે તેમની ભાષા અને શૈલી સરળ, સચોટ, લોકગમ્ય અને અલંકારના તથા પંડિતાઈના ભારથી મુક્ત છે તેમને ભારતીય અધ્યાત્મરહસ્યવાદી સાહિત્યમાં જૈન પરંપરાના મૂલ્યવાન પ્રદાન તરીકે ગણવી ઘટે

બૌદ્ધોની જેમ જૈનોનું અધ્યાત્મરહસ્યવાદી સાહિત્ય પણ કેટલુંક અપભ્રંશમાં રચાયું છે બૌદ્ધ રચનાકારો મહાયાન સંપ્રદાયની વજ્રયાન ને સહજયાન એ તાંત્રિક શાખાઓના સિદ્ધો હતા તેમાંથી સરહ અને કાન્હના દોહાકોશો (આશરે ૧૦ મી શતાબ્દી) અવ્યવસ્થિત રૂપમાં મળે છે કર્મકાંડનો ને બાહ્યાચારનો વિરોધ, ગુરુનું મહત્ત્વ, ચિત્તશુદ્ધિ, સહજપ્રાપ્તિ વગેરે વિષય પર સીધી, વેધક લગભગ લોકગમ્ય વાણીમાં વહેતી આ રચનાઓમાં ભારતના સંતસાહિત્યની રીતિ, વાણી ને ભાવનાઓનાં મૂળસ્રોત જડે છે બૌદ્ધ અપભ્રંશ સાહિત્યની વિરલ ઉપલબ્ધ કૃતિઓ હોવે પણ તેમનું મૂલ્ય ઘણું છે

નાની ધાર્મિક કૃતિઓમાં લક્ષ્મીચંદ્રકૃત સાવયધમ્મદોહા (સં. શ્રાવકધર્મદોહા) અપરનામ નવકારશ્રાવકાચાર (૧૧ મી શતાબ્દી પહેલાં) ઉલ્લેખનીય છે તેમાં નામ પ્રમાણે શ્રાવકોનું કર્તવ્ય લોકભોગ્ય શૈલીમાં સમજાવ્યું છે એ ઉપરાંત ૨૫

ટેકાની મહેશ્વરકૃત સંયમવિષયક સંયમમંજરી (સંભવત ૧૩મી શતાબ્દી લગભગ)-નો, જિનદત્ત (ઈ.સ. ૧૦૭૬–૧૧૫૨) કૃત ચર્ચરી અને કાલસ્વરૂપકુલકનો, અને ધનપાલકૃત સત્યપુરમંડનમહાવીરોત્સાહ (ઈસવી ૧૧મી શતાબ્દી) અભયદેવકૃત જયતિહુયણ આદિ સ્તવનો વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

પ્રકીર્ણ કૃતિઓ અને ઉત્તરકાલીન વલણો

સ્વતંત્ર કૃતિઓ ઉપરાંત જૈન પ્રાકૃત તથા સંસ્કૃત ગ્રંથોમાં અને ટીકાસાહિત્યમાં નાનામોટા સંખ્યાબંધ અપભ્રંશ ખંડો મળે છે. ઉદાહરણ લેખે થોડાંક જ નામ ગણાવીએ: વર્ધમાનકૃત મનોરમાચરિત (ઈ.સ. ૧૧ ૪) દેવચંદ્રકૃત શાન્તિનાથચરિત (ઈ.સ. ૧૧ ૪) હેમચંદ્રકૃત સિદ્ધહેમ વ્યાકરણ તથા કુમારપાલચરિત અપરનામ દ્વયાશ્રય (ઈસવી ૧૨ મી શતાબ્દી) રત્નપ્રભકૃત ઉપદેશમાલાદોઘટ્ટીવૃત્તિ (ઈ.સ. ૧૧૮૨) સોમપ્રભકૃત કુમારપાલપ્રતિબોધ (ઈ.સ. ૧૧૮૫) હેમહંસગણિકૃત સંયમમંજરીવૃત્તિ (ઈસવી ૧૫મી શતાબ્દી પહેલાં) વગેરે. આ ઉપરાંત અલંકારસાહિત્યમાં ઉદ્ધૃત પદ્યોમાં જે જૈનેતર અપભ્રંશ રચનાઓનાં સૂચક છે તેમનું વિશેષ મૂલ્ય છે. આમાંથી સિદ્ધહેમનાં ઉદાહરણો ખાસ ઉલ્લેખ માગી લે છે. એ પોણા બસો જેટલાં (મુખ્યત્વે દોહાબદ્ધ) પદ્યોમાંથી ઘણાંખરાં હેમચંદ્રે ઉપલબ્ધ અપભ્રંશ સાહિત્યમાંથી કે પૂર્વેના વ્યાકરણોમાંથી લીધાં હોવાનું જણાય છે. કૃત્રિમ કે ઘડી કાઢેલાં હોય તેવાંની સંખ્યા નજીવી છે. ઉદાહરણોની આવા વિવિધ સમય ને સ્થળની છાપ ધરાવે છે. વિષયની વિવિધતા, અનાયાસસિદ્ધ લાગતા અલંકારો, ભાવોની તીક્ષ્ણતા અને તેમની સરલ પણ સચોટ અભિવ્યક્તિ અને અનુભૂતિની ખરી સ્વાભાવિકતા—આવા ગુણોને કારણે હેમચંદ્રીય ઉદાહરણો એક તાજગી ને ઉષ્માથી ધબકતા સાહિત્ય તરફ આંગળી ચીંધે છે.

સંધિ

તેરમી શતાબ્દી આસપાસ ટૂંકા અપભ્રંશ કાવ્યો માટે સંધિ નામે (આગલા 'સંધિબંધ'થી આ ભિન્ન છે) એક નવો રચનાપ્રકાર વિકસે છે. તેમાં કોઈ ધાર્મિક ઉપદેશાત્મક કે આખ્યાન વિષયનું થોડાંક કડવાંમાં નિરૂપણ કરેલું હોય છે અને તેમનો મૂળ આધાર ઘણી વાર આગમિક કે આગમસાહિત્યનો—અથવા તો પૂર્વકાલીન ધર્મકથાસાહિત્યનો—કોઈ પ્રસંગ કે ઉપદેશવચન હોય છે. રત્નપ્રભકૃત અંતરંગસંધિ (ઈસવી ૧૩મી શતાબ્દી), જયદેવકૃત ભાવનાસંધિ જિનપ્રભ (ઈસવી ૧૩મી શતાબ્દી) કૃત [illegible] મયણરેહાસંધિ (ઈ.સ. ૧૨૪૧) તથા અન્ય સંધિઓ, વગેરે.

તેરમી શતાબ્દીમાં અને તે પછી રચાયેલી કૃતિઓના ઉત્તરકાલીન અપભ્રંશમાં તત્કાલીન બોલીઓનો વધતો જતો પ્રભાવ છતો થાય છે. આ બોલીઓમાં

પણ ક્યારનીયે સાહિત્યરચના થવા લાગી હતી—એ કે પ્રાંતમાં આ સાહિત્ય અપભ્રંશ સાહિત્યપ્રકારો ને સાહિત્યસ્વરૂપોના વિસ્તારરૂપ હતું. ગુજરાતની વાતને આ પ્રધાન આશ્રયમાં તો ઠેઠ હેમચંદ્રીય અપભ્રંશ ઉદાહરણોમાં પણ છે. ઉત્તરપછી સાહિત્યમાં અપભ્રંશપરંપરા ઠેઠ પંદરમી શતાબ્દી સુધી ચાલુ છે અને ક્વચિત્ પછી પણ ચાલુ રહેલી જોવા મળે છે.

વસ્તુનિર્માણની અને શૈલીની મર્યાદા છતાં નૂતન સાહિત્યસ્વરૂપો અને છંદસ્વરૂપોનું સર્જન, પરંપરાપુનિત કાવ્યરીતિનું પ્રવર્તન, વર્ણનનિપુણતા અને રસનિષ્પત્તિની શક્તિ—આ બધાં દ્વારા અપભ્રંશ સાહિત્યનાં જે સામર્થ્ય અને સિદ્ધિ પ્રકટ થાય છે તેથી ભારતીય સાહિત્યના ઇતિહાસમાં સહેજે તેને ઊંચું ને ગૌરવવાળું સ્થાન પ્રાપ્ત થાય છે. પ્રાચીન ગુજરાતી, વ્રજ, અવધી, મરાઠી વગેરેનાં સાહિત્યમાં છંદો, કાવ્યરીતિ અને સાહિત્યસ્વરૂપો અપભ્રંશની જ પરંપરા ચાલુ રાખે છે અથવા તો તેમાંથી નવતર વિકાસ સાધે છે. તે દૃષ્ટિએ પણ અપભ્રંશ સાહિત્યનાં સ્થાન ને મહત્ત્વ નિરાળાં છે.



પરિશિષ્ટ

સંદેશરાસક

પ્રાસ્તાવિક

અત્યાર લગીમાં પ્રકાશમાં આવેલી બીજી અપભ્રંશ સાહિત્યકૃતિઓથી સંદેશરાસક કેટલીક તેની અપૂર્વ વિશિષ્ટતાઓને લઈને ઠીકઠીક જુદું પડી આવે છે. કાવ્ય તો સવા ત્રણસોએક પદ્યોમાં જ પૂરું થાય છે, છતાં એની વિશિષ્ટતાઓને કારણે તે ઘણું અગત્યનું બની રહે છે. પ્રથમ તો શુદ્ધ સાહિત્યની દૃષ્ટિએ સંદેશરાસક એક સારી રીતે મૂલ્યવાન કૃતિ ગણાય. પ્રસિદ્ધ થયેલી પ્રસિદ્ધ અપભ્રંશની કૃતિઓમાં એકે એવી નથી કે જેને સાચે શુદ્ધ સાહિત્યની કૃતિ કહી શકીએ. ધર્મકથાઓ, ચરિતો, પુરાણો વગેરે વિપુલતાથી કે ધાર્મિક રચનાઓ જ અપભ્રંશમાં અત્યાર સુધીમાં મળી છે. પણ સ્વયંભૂ, હેમચંદ્ર વગેરેએ આપેલાં અપભ્રંશ ટાંચણો પરથી એ અનુમાન કરવાનું હોય તો એ વાત પણ નિઃશંક છે કે શૃંગાર ને વીરરસના સાહિત્યના તેમ જ સુભાષિતોના ખેડાણની પરંપરા પ્રાકૃત પછી અપભ્રંશે પણ ચાલુ રાખેલી. પણ આવાં હાલ તો છૂટાછવાયાં કહેવાવાને લાયક પદ્યોને બાજુ પર રાખતાં શૃંગારરસની કે ઇતર પ્રકારની શુદ્ધ લલિત વાઙ્મયની કહી શકાય એવી એકે અપભ્રંશ કૃતિ હાથ લાગી ન હતી. સંદેશરાસક આ પ્રકારની પહેલી કૃતિ છે. રસાનંદ જ તેની રચનાનું પ્રમુખ પ્રવૃત્તિનિમિત્ત: સીધું ઉદ્બોધન નહીં, કાન્તાસંમિત ઉપદેશ પણ નહીં, પણ વાંચનાર કે સાંભળનારને સદ્ય ને પર એવી નિર્વૃત્તિનો લાભ થાય એ જ સંદેશરાસકની રચનાનું પ્રયોજન. પોતાનું આ કાવ્ય રસિકોને રસસંજીવનીરૂપ ને અનુરાગીને પથદીપરૂપ હોવાનું એવું કવિએ પ્રસ્તાવનામાં જ જણાવ્યું છે.

કર્તા

સંદેશરાસકની બીજી વિશિષ્ટતા એ કે તેનો રચનાર કવિ મુસ્લિમ છે. એનું નામ અદ્દહમાણ કે અબ્દુલ રહમાન. 'પશ્ચિમદેશમાં આવેલા પ્રખ્યાત મ્લેચ્છદેશ'ના રહીશ મીરસેન નામે શિલ્પિ વણકરનો તે પુત્ર હતો. પોતે પ્રાકૃત કાવ્યો ને ગીતો રચવામાં પ્રસિદ્ધિ મેળવેલી એમ પણ તે કહે છે. અને આખા કાવ્યમાં ક્યાં યે તે એક પરદેશી-આર્યેતર કવિને હાથે રચાયું હોવાની ગંધ સરખી ભાગ્યે જ મળે, એ વસ્તુ દેખાડી આપે છે કે સંદેશરાસકકારે ભારતીય કાવ્યરીતિ અને સંસ્કૃતિ કેટલા પ્રમાણમાં આત્મસાત્ કરી હતી. એ ખરું કે કાવ્યનું આદિમંગળ તેમ જ સમાપન અમુક વિશિષ્ટતા ધરાવે છે. કાવ્ય શરૂ કરતાં કવિએ કરેલું ઈશ્વરનું સ્તવન જુઓ : "સમુદ્ર, પૃથ્વી, ગિરિઓ, વૃક્ષો, નક્ષત્રો વગેરે જેણે

ઘરનાં તે તમને પ્રણામપૂર્વક દાન કરો, મનુષ્ય, દેવ, વિદ્યાધર તેમ જ સુરેશ્વર જેને નમે છે તે કિરતારને, કે જગત્પતિ, તમે નમન કરો. તેમ કાવ્યની અંતિમ પંક્તિમાં 'જેને આદિ કે અંત નથી' તેવા પરમેશ્વરની જય બોલાવી છે. પણ કાવ્યના આ પ્રાસના આદિ ને અંત પહેલેથી જાણી લેવ કે આ એક મુસ્લિમના હાથની કૃતિ છે તો જ ખાસ સૂચક લાગે. કાવ્યશિલ્પનું જે રીતિ નિરૂપણ કરવામાં આવ્યું છે અનેક સ્થળે જે હૃદ્ય અને સુભગ અલંકારો પ્રયોજાયા છે. વિરહિણીની કરુણ અવસ્થાનું હૃદયદ્રાવક ચિત્ર જે રીતે રજૂ કરવામાં આવ્યું છે અને સમગ્ર કાવ્યમાં ચાલતા ને છંદ પરત્વે જે સાહજિક કાબૂ જણાય છે તે સૌ પણ એવી છાપ પાડી જાય છે કે સંસ્કૃત, પ્રાકૃત તેમ જ અપભ્રંશના ખાસ કરીને શૃંગારિક સાહિત્યનું કવિએ આકંઠ પાન કરેલું હોવું જોઈએ. અને 'ગાથાસપ્તશતી' ને 'વજ્જાલગ્ગ' જેવા પ્રાકૃત ગાથાસંગ્રહોની કેટલીક ગાથાઓના અપભ્રંશ અનુવાદ કે પ્રતિધ્વનિ 'સંદેશરાસક'માં મળે છે તેથી આ વાત સમર્થિત થાય છે.

વસ્તુ

સંદેશરાસકની બીજી વિશિષ્ટતા તેના સ્વરૂપમાં રહેલી છે. કઈ જાતની એ વિશિષ્ટતા છે તે તપાસવા માટે પહેલાં કાવ્યના વસ્તુ પર એક નજર નાખી લઈએ. કૃતિના નામ ઉપરથી જ એ એક વિપ્રલંભાશ્રિત સંદેશકાવ્ય હોવાનું સમજાય છે. પણ મેઘદૂતની રચના પછી તેના અનુકરણમાં જે અનેક સામાન્ય કે ઉતરતી કોટિનાં દૂતકાવ્યો રચી નીકળ્યાં તેમની અને સંદેશરાસકની વચ્ચે એકજાતનું અંતર લાગે. કાવ્યના આરંભે કવિએ આત્મપરિચય આપ્યો છે. અને સારું ગુણપદ પામેલાં અનેક ઉત્કૃષ્ટ કાવ્ય પૂર્વસૂરિઓનાં રચેલાં વિદ્યમાન હોવા છતાં, પોતાના જેવા પામર જનના આવા નમ્ર પ્રયત્નને પણ રસિક હૃદયોને રીઝવવાનો કોઈક અધિકાર અને અવકાશ છે એ વાત પૂર્વપરિચિત પણ રોચક નિદર્શનોની એક આખી માળા દ્વારા પ્રકટ કરી છે. કાવ્યના આ પ્રાસ્તાવિક ભાગ પછી જ કાવ્યવસ્તુ આરંભાય છે.

રાજસ્થાનમાં કોઈ સ્થળે આવેલા વિજયનગરમાં રહેતી કોઈ પ્રોષિતભર્તૃકા કોઈક પ્રવાસીને માર્ગ પર આવીને જતો જોઈ જરા પૂછપરછ કરે છે. પથિક મૂલતાનથી નીકળી કોઈના સંદેશવાહક તરીકે ખંભાત જઈ રહ્યો હતો. એ પ્રસંગે પથિક મૂલતાનની સમૃદ્ધિનું હૃદયંગમ વર્ણન કરે છે. અહીં તેમ જ બીજાં વર્ણનખંડોમાં કવિ ક્યાંય અસ્વાભાવિકતા નહીં લાગે. બાગ, વન, જળાશયો ને નગરજનોની અનેકવિધ પ્રવૃત્તિઓની કવિને સહજ જાણ હોવાની જ પ્રતીતિ થશે. વિરહિણીનો પતિ પણ કેટલાય વખતથી કામધંધાર્થે ખંભાત ગયેલો. એટલે તે પથિકને વીનવે છે કે મારો થોડો સંદેશો તેને પહોંચાડ. પથિકની સંમતિ મળી વિરહિણી સંદેશો કહે છે. તેમાં સ્થૂળ ભાષાથી તરીકે તો વિરહને લીધે થયેલી પોતાની કરુણ, દુઃખી, દયનીય અવસ્થાનું વર્ણન, આગલી સમગ્ર અતીત થઈ

આમ છતાં પરદેશથી પાછા ન ફરવા માટે ઉપાલંભ, વિરહના તીવ્ર દાહનો અને મિલનની આશાના અભાવે વારંવાર અનુભવ લેતા પોતાના હૃદયની નિશ્ચેષ્ટવત્ સ્થિતિ અને એ સૌને લઈને અસહ્ય એવું બની ગયેલું પોતાનું જીવિત—આટલું છે પણ અપૂર્વતા અભિવ્યક્તિની રીતમાં જ વિશેષ છે જુદાજુદા ભાવાનુકૂળ છંદોનો આશ્રય લઈ પહેલાં બેચાર વેણ કહે વળી કહેતાંકહેતાં હૈયું ભાંગી પડે વળી બેચાર વેણ કહે, એટલામાં પથિકનું હૃદય સમભાવથી ભીનું થતાં, તે સર્વ તે નિઃસંકોચ કહેવા આગ્રહ કરે આમ ઉપરની અભિવ્યક્તિ સામગ્રી અનેક રમ્ય ભંગીઓનાં રંગબેરંગી પટકૂળ પહેરી કાવ્યરસનું વાહન બને છે પછી પથિક મોડું થવાનો ભય આગળ ધરી રજા માગે છે એટલે સુંદરી છેવટના બેચાર શબ્દો સાંભળી લેવાનું કહે છે આમ કાવ્ય આરંભ સુધી આવે છે દરમિયાન પથિકના હૃદયમાં સમભાવપ્રેર્યું કુતૂહલ થાય છે ને વિરહિણીને પૂછે છે કે કેટલા વખતથી તું આવી આર્ત દશા ભોગવી રહી છે અને આમ થતાં સમભાવી હૃદયમાં ભારી રાખેલાં દુઃખભર્યા સંવેદનોને એક સૌહાર્દભરી મૂર્તિ આગળ વાચાળ કરવાની સગવડ મળતાં, રમણી પોતાની કથની માંડે છે અહીં કાવ્યનો બીજો ખંડ પૂરો થાય છે આરંભનો ભાગ બાદ કરતાં, આ ખંડ સ્વતંત્ર રીતે જ વિપ્રલંભના આર્ત, કરુણાભર્યા સૂરે ગવાતાં વિલાપગીતોની એક માળા જેવો બની રહે છે

ત્રીજા ખંડમાં ષડ્ઋતુઓનું મનોરમ અને તાદૃશ વર્ણન છે પતિ પરદેશ સિધાવ્યો ત્યારે કેવો ગ્રીષ્મ તપતો હતો ત્યાંથી માંડીને એક પછી એક ઋતુ ને તે વેળાની પોતાની દશા એ પ્રકારે વર્ણન આગળ ચાલતાં છેવટમાં વસંતને વર્ણવી વિરહિણી અટકે છે ને અને પથિકને વિદાય કરી પોતે હજી તો પાછી ફરે છે ત્યાં જ દક્ષિણ દિશામાં નજર પડતાં, તે દૂર રસ્તા પર પોતાના પતિને પરદેશથી પાછો આવતો જુએ છે ને કવિ જેમ તે વિરહિણીનું કાર્ય ઓચિંતુ જ સીધ્યું તેમ શ્રોતા અને પાઠકનું પણ સિદ્ધ થજો' એવી પ્રાર્થના સાથે અનાદિ-અનંતનો જય બોલાવતી કાવ્યની સમાપ્તિ કરે છે

સ્વરૂપ

આ કાવ્યસામગ્રીને જે કલેવરમાં ગોઠવવામાં આવી છે તે હવે જોઈએ. પ્રથમ તો એ કે કૃતિનું નામ કાવ્યનો પ્રકાર જણાવી દે છે જૂની ગુજરાતીમાં ને હિંદીમાં સંખ્યાબંધ રાસાગ્રંથો લખાયાં છે અપભ્રંશમાં એનો જ ઉપદેશરસાયનરાસ આ પહેલાં પ્રસિદ્ધ થયેલો છે પણ સ્વરૂપ અને ભાષાની દૃષ્ટિએ સૌથી નોંધે પછી આવતો આ પહેલો જ અપભ્રંશ રાસો પ્રસિદ્ધિમાં આવ્યો છે કવિએ કાવ્યને વિષયાનુકૂળ એવા ત્રણ વિભાગોમાં વહેંચી નાખ્યું છે ને દરેકને પ્રક્રમ એવું નામ આપ્યું છે વળી પહેલા પ્રક્રમમાં પ્રાસ્તાવિક વાતો આપવામાં આવી છે ને બાકી તેની ભાષા પણ પ્રાકૃત છે અપભ્રંશ નહીં. કાવ્યમાં વપરાયેલા છંદોમાં ગાથા

આવે છે તે દરેક સ્થળે પ્રાકૃતનો જ ઉપયોગ કરાયો છે ને જે મેઘાર કર્પૂરનો વાપરવામાં આવ્યા છે તેમની ભાષા પણ પ્રાકૃતપ્રચુર છે. વિરહાંકના વૃત્તજાતિ-સમુચ્ચય કે સ્વયંભૂના 'સ્વયંભૂછંદ' જેવા છંદોગ્રંથોએ રાસાનું જે એવું લક્ષણ આપ્યું છે કે એની અડિલ્લા, રાસા, ચઉપઇ જેવા વગેરે છંદોમાં રચના કરવામાં આવે તે રાસો, તે સંદેશરાસકને બરોબર લાગુ પડે છે અને સંદેશરાસકમાં પણ જાતુ રૂપકોમાં (છંદોમાં) મિશ્ર એવો રાસક એવું રાસકનું લક્ષણ આપ્યું છે.

રાસા નામથી જે ઓળખ પદ્યોના આ પ્રબંધમાં કવિએ વીસ જેટલા જુદાજુદા છંદો પ્રયોજ્યા છે. વણાયેલા છંદોનું નામ કવિએ પ્રબંધમાં જ વણી લીધું છે. જેને મારા પિયુને પાસ લેવા કહેજે એક વસ્તુ, એક ગાથા ને ડોમિલક કહેજે હવે એક ચૂલિકા ને એક ખડહડક કહેજે હવે મડિલા ને અડિલા કહેજે વગેરે. આમ સંદેશરાસકનું છંદોવૈવિધ્ય મહત્ત્વ ધરાવે છે.

કાવ્યની ભાષા અપભ્રંશ છે. પરંતુ તે વૈદિક બોલીઓના પ્રભાવ ધરાવતી ઉત્તરકાલીન અપભ્રંશ છે. આમાં હેમચંદ્રના સિદ્ધહેમ અપભ્રંશના કેટલાક દૂહાઓ ઉપરાંત હરિભદ્ર અને સોમપ્રભના શ્વેતામ્બર અપભ્રંશનાં લક્ષણો મળે છે. એની ભાષામાં કેટલીક એવી વિશિષ્ટતાઓ આપણે જોઈએ છીએ કે જે સિદ્ધ એક પ્રાંતની ભાષાની અસરથી નહિ પણ બધા ઉત્તરકાલીન અપભ્રંશોમાં વ્યાપી સામાન્ય છે. ને આ સૌ ઉપરાંત પણ સંદેશરાસકની ભાષામાં કેટલાંક શબ્દો ને રૂપો એવાં છે કે જેમના આધારે તેને જૂની પશ્ચિમ રાજસ્થાનીના ઉત્તરવિભાગના પ્રદેશ એના સંપર્કમાં આવેલી હોવાનું અનુમાન અનિવાર્ય થઈ પડે છે. વળી રાજસ્થાની ભાષાઓ સાથે પશ્ચિમી હિંદીની પ્રાચીન બોલીઓની અસરથી મુક્ત રહેવું એ બહુ સંભવે તેમ ન હતું. એટલે સંદેશરાસકની ભાષામાં પણ આપણને વ્રજ વગેરેની છાંટ દેખાય છે. ટૂંકમાં સંદેશરાસકની ભાષા પ્રાકૃત અને પ્રાચીન મારવાડી તરફ ઢળતી અને વ્રજ ભાષાની છાંટવાળી જૂની પશ્ચિમ રાજસ્થાનીથી રંગાયેલો એવો શ્વેતામ્બર અપભ્રંશ છે.

---

૨ અપભ્રંશ ભાષા

અપભ્રંશના સ્વરૂપવિષયક પ્રાચીન ઉલ્લેખો

(અલંકાર, વ્યાકરણ વગેરે વિષયના પ્રાચીન ગ્રંથો વગેરેમાંથી અપભ્રંશને લગતા ઉલ્લેખોનું ભાષાંતર અહીં આપ્યું છે મૂળ ઉલ્લેખો આ વિભાગના પરિશિષ્ટમાં મૂક્યા છે)

૧ 'અપભ્રંશ'ના અર્થો

૧ ઊંચે કે માન્ય સ્થાનથી—ધોરણથી ચ્યુત થવું નીચા પડવું તે.[1] આ પતન એટલે લાક્ષણિક અર્થમાં 'સ્ખલન' 'ભ્રષ્ટતા કે વિકૃતિ' (આચારવિચારના પ્રદેશમાં)

(૧) મોટાઓને માટે પણ નહુ થવાનું પરિણામ અપભ્રંશમાં આવે છે (કાલિદાસ).

(૨) હારની બાજુ પાસની સાંકળ ઉખાડવી એના હાથમાં હતી. પેલી પાસની સાંકળ કૃષ્ણભક્તિએ ઉખાડી હતી—ખાસી ન હતી; આ તેનું સર્વાંગ કુસુમસુંદરીના અપભ્રંશને અતિ અનુકૂળ .. લાગ્યું

'આ સેનાપતિ નવીનચંદ્રને પવિત્ર ચિત્તને અપભ્રંશકાર લાગ્યો.

'આ અપભ્રંશ અને ભ્રષ્ટતાના હેતુ ઉપર ભાવના સ્વભાવભૂત—પ્રકૃતિસ્થ—ભાષા. (ગોવર્ધનરામ).

૨ 'ભાષાની ભ્રષ્ટતા' કે 'વિકૃતિ થઈ' 'વિકૃત' 'અશિષ્ટ રૂપ કે શબ્દ-પ્રયોગ (સરખાવો, અપભાષા અપશબ્દ અપપ્રયોગ વગેરે)'[2]

(૩) 'ભાષામાં અપભ્રંશ જેવું કંઈ છે જ નહિ. ભાષામાં ભ્રંશ થતો જ નથી. (ઉમાકાર)

(૪) (દરેક) અપભ્રંશની પ્રકૃતિ સાધુ (= વ્યાકરણશુદ્ધ) શબ્દ હોય છે' (વ્યાડિ)

(૫) 'અપશબ્દો (જ) ઘણા હોય છે (જ્યારે) શબ્દો (તો) થોડા હોય છે કેમ કે એકએક શબ્દના અનેક અપભ્રંશ હોય છે જેમ કે ગૌ એ શબ્દના ગાવી ગોણી ગોતા ગોપોતલિકા વગેરે અનેક અપભ્રંશ છે (પતંજલિ)

---

૧ ભરત 'સમાન શબ્દ' 'વિભ્રષ્ટ' ને 'દેશીમત' એમ ત્રિવિધ પ્રાકૃત બતાવે છે અને 'જે અક્ષર વર્ણો, સંયોગ, સ્વર કે વર્ણનું પરિવર્તન કે લોપ પામી તેમને વિભ્રષ્ટ કહે છે' એવી વ્યાખ્યા આપે છે (નાટ્યશાસ્ત્ર, ૧૭-૩, ૫, ૬).

૨ 'અપશબ્દ' માટે પણ આવું જ કહેવાયું છે [illegible] (ભર્તૃહરિ) 'અસાધુ' 'પ્રભવ' 'અપભ્રંશ' વગેરે આગળ જતાં રીતે ઉપયોગ શબ્દો તે જ અપશબ્દો કહેવાય છે

આવે છે તે દરેક સ્થળે પ્રાકૃતનો જ ઉપયોગ કરાયો છે ને જે એમાં વર્ણવૃત્તો વાપરવામાં આવ્યા છે તેમની ભાષા પણ પ્રાકૃતપ્રચુર છે વિરહાંકના 'વૃત્તજાતિ-સમુચ્ચય' કે સ્વયંભૂના 'સ્વયંભૂછન્દ' એવા ગ્રંથોમાંયે રાસાનું જે એવું લક્ષણ આપ્યું છે કે જેની અડિલ્લા, રાસા ઘત્તા દોહા વગેરે છંદોમાં રચના કરવામાં આવે તે રાસો, તે ભરતેશ્વરરાસને બરોબર લાગુ પડે છે અને ધૂર્તરાસકમાં પણ બહુ રૂપમિશ્ર (અક્ષરો) મિશ્ર એવો રાસા એવું રાસકનું લક્ષણ લાગુ છે

સવા બસોથી યે ઓછાં પદના આ કાવ્યમાં કવિએ વીસ જેટલા જુદાજુદા છંદો પ્રયોજ્યા છે વસ્તુવાર છંદોનું નામ કવિએ કાવ્યદેહમાં જ વણી લીધું છે 'હવે માસ પિયુને પાય દોહા કહેશે એક વસ્તુ, એક ગાથા ને ઠવણિ કહેશે હવે એક ચૂલિકા ને એક ખડહડ કહેશે હવે ત્રાડિતા ને અડિલ્લા કહેશે' વગેરે. આમ ભરતેશ્વરરાસનું છંદોરીતિએ પરત્વ ઉપયોગ છે

કાવ્યની ભાષા અપભ્રંશ છે ખરી પણ તે વાદિક જૈનસૂરિઓના પ્રાકૃત સંપાદ્યમાં આવેલી ઉત્તરકાલીન અપભ્રંશ છે આમાં હેમચંદ્રના સિદ્ધહૈમ અપભ્રંશનાં કેટલાક લક્ષણો ઉપરાંત હરિભદ્ર અને સોમપ્રભના શ્વેતામ્બર અપભ્રંશનાં વધુ લક્ષણો મળે છે એવી આગળ આવતાં કેટલીક એની વિશિષ્ટતાઓ ઉપરથી કોઈએ કહ્યું કે જે સિદ્ધ એક પ્રાન્તની ભાષાની આગવી નથી, પણ આખા ઉત્તરકાલીન અપભ્રંશોએ વધ્યો શાસન છે ને આ સૌ ઉપરાંત પણ ભરતેશ્વરરાસની ભાષામાં કેટલાંક લક્ષણો ને રૂપો એવાં છે કે એના આધારે તેને જૂની પશ્ચિમ રાજસ્થાનીના ઉત્તરવિભાગના સારા એવા સંપર્કમાં આવેલી હોવાનું અનુમાન અનિવાર્ય થઈ પડે છે વળી રાજસ્થાની ભાષાઓ માટે પશ્ચિમી હિંદીની પ્રાચીન બોલીઓની અસરથી મુક્ત રહેવું એ બહુ બન્યું તેમ ન હતું એટલે ભરતેશ્વરરાસની ભાષામાં પણ આખ્યાને વ્રજ વગેરેની છાંટ દેખાય છે આમ ભરતેશ્વરરાસની ભાષા પ્રાકૃત અને પ્રાચીન મારવાડી તરફ ઢળતી અને વ્રજ ભાષાની છાંટવાળી જૂની પશ્ચિમ રાજસ્થાનીથી રંગાયેલી એવી શ્વેતામ્બર અપભ્રંશ છે

(૧૫) 'આ તથા દેશભાષી પ્રાયઃ અપભ્રંશ નીચે આવે છે (રામચંદ્ર, ૧૨મી શતાબ્દી)

(૧૬) ગીત દ્વિવિધ કહેવાય છે સંસ્કૃત અને પ્રાકૃત. હે નરપતિ ત્રીજું અપભ્રંશ છે તે અનંત છે દેશભાષાના ભેદ અનુસાર તેનો અહીં અંત નથી. (વિષ્ણુધર્મોત્તર)

૪ એ નામની સાહિત્યભાષા

(૧૭) (કાવ્યના) સંસ્કૃત, પ્રાકૃત ને ઉપરાંત અપભ્રંશ—એમ ત્રણ પ્રકાર છે (ભામહ, આ. છઠ્ઠી શતાબ્દી)

(૧૮) એ પ્રમાણે આર્યોએ આ વિશાળ વાઙ્મય સંસ્કૃત પ્રાકૃત, અપભ્રંશ અને મિશ્ર—એમ ચતુર્વિધ હોવાનું કહ્યું છે

આભીર વગેરેની ભાષાઓને કાવ્યમાં અપભ્રંશ કહેવાની રૂઢિ છે પણ શાસ્ત્રમાં સંસ્કૃતથી જુદું હોય તે અપભ્રંશ કહેવાય છે (દંડી, આ. સાતમી શતાબ્દી)

(૧૯) 'સંસ્કૃત, પ્રાકૃત, ને અપભ્રંશ એ ત્રણ ભાષામાં નિબદ્ધ એવા પ્રબંધોની રચનામાં જેનું અંતઃકરણ નિપુણતર હતું. (વલભીના ધરસેન દ્વિતીયનું [illegible] દાનપત્ર આ. સાતમી શતાબ્દી)

(૨) (સંસ્કૃત પ્રાકૃત અને અપભ્રંશના ઉલ્લેખ પછી)—જ્યારે એક ચોથી ભાષા પૈશાચી પણ છે તો આ એ જ હશે (ઉદ્યોતનસૂરિ, ઈ સ ૭૭૮)

(૨૧) (હે કાવ્યપુરુષ,) શબ્દાર્થ તારું શરીર છે સંસ્કૃત મુખ પ્રાકૃત બાહુ, અપભ્રંશ જઘન, પૈશાચ ચરણ, મિશ્ર વક્ષઃસ્થળ (રાજશેખર, નવમી શતાબ્દી)

(૨૨) 'મહાકાવ્ય, પદ્યમય અને ઘણુંખરુ સંસ્કૃત પ્રાકૃત, અપભ્રંશ ને ગ્રામ્ય ભાષાનિબદ્ધ ...(હેમચંદ્ર, બારમી શતાબ્દી)

(૨૩) 'અવહટ્ટ (અપભ્રંશ) સંસ્કૃત, પ્રાકૃત અને પૈશાચિક ભાષામાં જેમણે લક્ષણ ને છંદોનાં આભરણ વડે સુકવિત્વને ભૂષિત કર્યું (અબ્દલ રહમાન, આ. ૧૨ મી શતાબ્દી).

(૨૪) 'સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ભૂતભાષા એ ચારેય ભાષાઓ કાવ્યશરીર તરીકે પ્રયોજ્ય છે (વાગ્ભટ ૧૨ મી શતાબ્દી)

(૨૫) 'ભાષાભેદ અનુસાર (કાવ્ય)ના છ ભેદ સંભવે છે પ્રાકૃત, સંસ્કૃત, માગધ પિશાચભાષા, અને શૌરસેની, તથા છઠ્ઠો દેશવિશેષ અનુસાર અનેક ભેદવાળો અપભ્રંશ (રુદ્રટ, નવમી શતાબ્દી)

(૬) (શુદ્ધ શબ્દ) જેની પ્રકૃતિ ન હોય એવો સિદ્ધ સ્વતંત્ર અપભ્રંશ (અપભ્રષ્ટ શબ્દ) નથી. બધા અપભ્રંશની સાધુ શબ્દ જ પ્રકૃતિ હોય છે. પણ પ્રસિદ્ધિને લીધે રૂઢ બની જતા કેટલાક અપભ્રંશો સ્વતંત્ર પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. તેથી ગૌ એમ પ્રયોગ કરવાનો હોય ત્યાં અશક્તિ કે પ્રમાદ વગેરેને કારણે તેના ગાવી વગેરે અપભ્રંશો પ્રયોજાય છે. (ભર્તૃહરિ).

૩ અથ, વિકૃત બોલી કે ભાષા—તે તે પ્રદેશની દેશભાષા (આ અર્થમાં 'અપભ્રષ્ટ'-'અપભ્રંશ' પણ વપરાયો છે):

(૭) શાસ્ત્રોમાં, સંસ્કૃતથી જુદું હોય તેને અપભ્રંશ કહ્યું છે (દંડી).

(૮) "ભાષા" એટલે સંસ્કૃતનો અપભ્રંશ. ભાષા નો અપભ્રંશ તે "વિભાષા" એ તે તે દેશમાં ગહ્વરવાસીઓની ને પ્રાકૃત જનોની .... (અભિનવગુપ્ત) "અપભ્રંશોનો શો નિયમ છે? એના ઉત્તરમાં કહે છે કે ... (પ્રાકૃત ભાષાનું નિરૂપણ કરતાં અભિનવગુપ્ત).

(૯) જે ત્રીજું તે અપભ્રષ્ટ. તે અનંત, દેશભાષાના ભેદે અનુસાર તે અનંત છે (વિષ્ણુધર્મોત્તર).

(૧૦) તે તે દેશોમાં જે શુદ્ધ બોલાતું હોય તે અપભ્રંશ (વાગ્ભટ, ૧૧મી શતાબ્દી). જે તે તે દેશોમાં, એટલે કે કર્ણાટ પંચાલ વગેરેમાં શુદ્ધ એટલે કે બીજી ભાષાઓના મિશ્રણ વિના બોલાતું હોય તે અપભ્રંશ છે એમ અર્થ છે (સિંહદેવગણિ).

(૧૧) દેશી વચનો સૌ લોકોને મીઠાં લાગે છે તેથી તે અવહટ્ઠ હું કહું છું (મૈથિલ કવિ વિદ્યાપતિ, ૧૪મી શતાબ્દીનો અંતભાગ).

(૧૨) 'કચ્છભાષ એ નાગભાષાની અપભ્રંશ એ વાણી' (બાલચંદ્ર, સોળમી શતાબ્દીનો આરંભ)[1]

(૧૩) 'અપભ્રંશભાષાપ્રકાશ' (= ૧૮૮ માં પ્રકાશિત, પ્રકાશક રામચંદ્ર પરિચિત ગુજરાતીના વ્યુ પરિચાયક મિશ્રનું નામ).

(૧૪) 'આમાં છઠ્ઠો તે દેશવિશેષ પ્રમાણે અનેક ભેદ ધરાવતો અપભ્રંશ' (રુદ્રટ, ૯મી શતાબ્દી)

---

૧ સાથે સરખાવ (ઈ સ ૧૧૫૯) ભાલણ, ભાલો, પ્રેમાનંદ, શામળ વગેરે 'પ્રાકૃત' 'ગુજર ભાખા' 'ગુજરાતી ભાષા' એવી સંજ્ઞાઓ પણ ગુજરાતી માટે યોજેલી. 'સરલ બોધ-પ્રાકૃત કરી' (ભાલણ, ૧ ૧); 'પ્રાકૃતબંધ પ્રતિબંધિ કરી' (૬૮ ૪/૩૧૨), 'ગુજરભાખાનો નવરસ સહિત મનોહર ધારું' (નરભરામ ૧ ૧), 'પ્રાકૃત બોલે શું થયું, ઈ પ્રાકૃતથી પાછી થયું' (અખાના છપ્પા, ૨૨૭) 'ભાષું નાનાં ગુજરાતીમાં' (ભાલણદીપ, ૧૧–૫૪); 'સરસ શાસ્ત્રવિકસનો, કહું પ્રાકૃત ચરિત' (નળાખ્યાન ૧–૭), 'બોધાર્થમાં રચ્યું પ્રાકૃતમાં સૌ પુસ્તક કીધું' (સિંહાસનબત્રીસી, વાર્તા...)

ભાષાઓની વચ્ચેની ભાષાઓ, (૬) લોકભાષા ગુજરાતી અવધી વ્રજ વગેરે આ ઉપરાંત પણ મિશ્રણ અર્થ નોંધી શકાય. 'અપભ્રંશ' એ સંજ્ઞાનું પણ એવું જ છે

ઇસુ પહેલાની બીજીથી માંડીને ઇસુની વીસમી શતાબ્દી સુધી એકના એક અર્થમાં 'અપભ્રંશ' શબ્દનો પ્રયોગ થયો છે એમ માની બેસનાર પોતાને માટે પાર વગરની મૂંઝવણો ઊભી કરવાનો. હકીકતમાં એવી ઠીકઠીક મૂંઝવણો ઊભી થયેલી જ છે. અપભ્રંશને લગતાં પ્રાચીનોનાં સમયે સમયે ને અલગ અલગ સંદર્ભમાં કરાયેલાં કથનો એ શબ્દના અમુક એક નિશ્ચિત અર્થને અનુલક્ષીને છે એમ પહેલેથી સ્વીકારી લઈને કેટલાક અર્વાચીન વિદ્વાનોએ અપભ્રંશ વિશે ભ્રમભરેલા મતો બાંધ્યા છે અને એથી એમને કેટલીક આધારભૂત સામગ્રીને એ મતોના ચોકઠામાં મારીમચડીને બેસાડવી પડી છે

અપભ્રંશના અર્થો વિશે ઉપર ટાંકેલાં પ્રમાણો ઉપરથી જોઈ શકાશે કે અપભ્રંશનો સાધારણ યૌગિક અર્થ છે ઊંચે કે માન્ય સ્થાનથી—ધોરણથી ચ્યુત થવું, નીચે પડવું તે. લાક્ષણિક અર્થમાં આ પતન એટલે 'સ્ખલન', ભ્રષ્ટતા, 'વિકૃતિ' એ પછી આચારવિચારના પ્રદેશમાં હોય કે વાગ્વ્યવહારના પ્રદેશમાં. ઠેઠ આપણા સમય સુધી આ અર્થમાં 'અપભ્રંશ' વપરાતો રહ્યો છે

શબ્દો ને અપશબ્દો—એટલે કે સાધુ અથવા વ્યાકરણશુદ્ધ શિષ્ટ શબ્દો અને અસાધુ અથવા અશુદ્ધ, અ-શિષ્ટ શબ્દો વિશેની ચર્ચામાં પતંજલિ (ઈ. પૂ. ૧૫)ની પણ પહેલાંથી શિષ્ટ, સંસ્કારી વર્ગના 'સંસ્કૃત'ના વિરોધમાં જનસમૂહની સંસ્કારહીન ભાષા તે 'પ્રાકૃત' ને તેના ભ્રષ્ટ ગ્રામ્ય પ્રયોગો તે 'અપભ્રંશ' કહેવાતા. અને પછીથી સમયે સમયે લોકભાષાનું સ્વરૂપ બદલાઈ રહ્યું તે અનુસાર અપભ્રંશ એ એક સામાન્ય સંજ્ઞા તરીકે જુદીજુદી બોલીઓને લાગી છે પ્રાકૃતો, પ્રાકૃતનું શિષ્ટ રૂપ કે રૂપવિશેષો, મધ્યકાલીન દેશભાષાઓ અને અર્વાચીન મૈથિલી, ગુજરાતી આદિ ભાષાઓ, સમયભેદે કે સંદર્ભભેદે 'ભાષા' 'પ્રાકૃત' 'અપભ્રંશ' ને અપભ્રષ્ટ એવા નામનિર્દેશ પામી છે. તેમ 'દેશી' ને 'સામાન્ય ભાષા' એવી સંજ્ઞાઓ પણ દસમી શતાબ્દી પહેલાં વ્યવહારગત બોલીઓ માટે વપરાતી

શરૂઆતમાં સંસ્કૃતના વિરોધમાં ગ્રામ્ય, અ-શિષ્ટ ગણાતી પ્રાકૃત બોલીઓ માટે 'અપભ્રંશ' શબ્દનો વ્યવહાર થતો, પણ પછીથી સાહિત્યિક પ્રાકૃતો વધુને વધુ રૂઢ સ્વરૂપ પામીને વ્યવહારની બોલીઓથી દૂર ને દૂર થતા ગયા, તે અરસામાં 'અપભ્રંશ' સામાન્ય નામમાંથી વિશેષ નામ બન્યું. કોઈ પણ ગ્રામ્ય 'વિકૃત' ભાષા માટે નહીં, પણ ભાષાવિશેષ માટે અપભ્રંશ વપરાવા લાગ્યું. ભામહ (ઈ. છઠ્ઠી શતાબ્દી) તથા દંડી (આ. ઈ. સાતમી શતાબ્દી) સાહિત્યની ત્રણ ભાષાઓ તરીકે સંસ્કૃત પ્રાકૃત ને અપભ્રંશનાં નામ આપે છે. આ સાતમી શતાબ્દીના એક તામ્રપત્રમાં,

વલભીરાજ ગુહસેન સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ એ ત્રણ ભાષાઓમાં ગૂંથાયેલા સાહિત્યપ્રબંધ રચવામાં નિપુણ હતો એવો ધરસેન (બીજા)ને નામે ઉલ્લેખ છે. આ ઉલ્લેખોમાં અપભ્રંશ એ અમુક એક વિશિષ્ટ સાહિત્યભાષા તરીકે નિર્દિષ્ટ થયેલી છે. આગળ જતાં ઉદ્યોતન (આઠમી શ), સ્વયંભૂ (નવમી શતાબ્દી પહેલાં) પુષ્પદંત (દસમી) વગેરે અનેક અપભ્રંશ કવિઓ રાજશેખર (નવમી શ) હેમચંદ્ર અને બીજા ઘણા અપભ્રંશને એક સાહિત્યભાષા તરીકે ઓળખતા હોવાનું તેમના ઉલ્લેખ, અવતાર, નિરૂપણ આદિ દ્વારા આપણે જાણીએ છીએ. વળી બીજે પક્ષે રુદ્રટ (નવમી શ) નમિસાધુ (અગિયારમી શ) તથા પુરુષોત્તમ (૧૧–૧૨મી શ)! રામશર્મા ને માર્કંડેય જેવા પ્રાકૃત વ્યાકરણકારો અપભ્રંશ એક નહીં પણ અનેક હોવાનું જણાવે છે. તો અપભ્રંશની એકતા ને અનેકતાને લગતા નિર્દેશો ને પ્રમાણો-ની આ વિસંગતિનો ખુલાસો શો?

આમાં એક વસ્તુ તો સ્પષ્ટ છે કે સાહિત્યશાસ્ત્રીઓ અને વૈયાકરણોને અપભ્રંશની વાત કરવાનું એટલા માટે પ્રાપ્ત થાય છે કે તે સાહિત્યમાં વપરાય છે. જનસાધારણમાં કેવળ બોલચાલના વ્યવહારમાં જ વપરાતી બોલીઓ સાથે એમને કશી નિસ્બત ન હતી. પ્રાચીન સમયમાં સંસ્કૃતનું જ્ઞાન ધરાવતો શિષ્ટજન રાજસભામાં કે વિદગ્ધગોષ્ઠીમાં પ્રતિષ્ઠા મેળવવા જે પ્રયત્નો કરતો તેના ઉપ-યોગ માટે—તેના શિક્ષણ માટે અલંકારશાસ્ત્ર ને વ્યાકરણ રચાતાં. નાટકના વિષયમાં એવી પ્રથા પડી ગયેલી કે તેમાં ઉચ્ચ પાત્રોની ભાષા સંસ્કૃત હોય, બીજાની પ્રાકૃત. રંગભૂમિ ઉપર રજૂ થતા, સમાજના સંસ્કારસ્થિત વર્ગોમાંથી ને ભિન્ન ભિન્ન પ્રાદેશિક વિસ્તારોમાંથી લીધેલાં પાત્રોને સહેજ વાસ્તવિકતાનો પુટ આપવા તેમની ઉક્તિઓમાં, લોકરુચિએ થોડી ઉચ્ચારણોની તથા પ્રયોગોની મિલાવટ લાક્ષણિ-કતાઓને અવકાશ મળ્યો. આમાં વાસ્તવિક જીવનમાં જેવી બોલીઓ વપરાતી, તેને જ હવે તે પાત્રોક્તિઓમાં મૂકવાનો સિદ્ધ પ્રશ્ન નહોતો—વાસ્તવિકતામાં સમતા અર્વાચીન યુગમાં પણ એટલે સુધી સિદ્ધ નથી થતું. એવું શક્ય પણ નથી. પ્રાકૃતનાં સંસ્કૃતથી ભિન્ન એવા થોડાંક વ્યાપક લક્ષણો તારવી તેમાં બોલીવિશેષ પ્રમાણે સહેજસાજ ફેરફાર કરી દેવાતો. ભરતનાટ્યશાસ્ત્રમાં આવી પ્રાકૃતબોલીઓમાં માગધી, આવન્તી, શૌરસેની વગેરે સાત 'ભાષાઓ' અને શાબરી, આભીરી વગેરે અનેક 'વિભાષાઓ' ગણાવેલી છે તથા અમુક પ્રદેશની ઉચ્ચારણની ઢબ, અમુક પ્રકારની તાસીરની—એમ પ્રાદેશિક વિશિષ્ટતાની યાદી આપી છે. કયા પાત્રની ભાષા કેવી બનાવવી તે બાબત, નાટકકારને ધ્યાનમાં રાખવાના નિયમો વિશે પણ આ પદ્ધતિને સ્થાન મળ્યું છે અને આમાં જ હેતુથી સંસ્કૃતમાં ઉચ્ચારણોમાં કેવા કેવા ફેરફાર કરવા, જેથી નવું સંસ્કૃત પેઠાં બનાવે પ્રાકૃત બોલીઓ જેવું થાય, તે અંગેના નિયમો તત્કાલીન પ્રાકૃત વ્યાકરણો આપતાં

ભરતની પરંપરાને અનુસરનારા પુરુષોત્તમ રામશર્મા, માર્કંડેય વગેરે પ્રાચ્ય વૈયાકરણો વિસ્તારપૂર્વક ભાષાઓ ને 'વિભાષાઓ'નાં લક્ષણ આપે છે 'ભાષાઓ'નાં નામ મુખ્યત્વે પ્રદેશમૂલક તથા 'વિભાષાઓ'નાં જાતિમૂલક છે તે ઉપરથી કેટલાક અભ્યાસીઓએ એમ માની લીધું કે વૈયાકરણોએ તે તે પ્રદેશ અને જાતિની વાસ્તવિક બોલીનું નિરૂપણ કર્યું છે. પણ ઉપરની ચર્ચાથી સ્પષ્ટ થશે કે વસ્તુતઃ તો તેમણે તે તે બોલીના લોકદૃષ્ટિએ ઊઠીને આંખે વળગે તેવાં થોડાંક સ્થૂળ, કામચલાઉ લક્ષણો જ રંગભૂમિ આદિના ઉપયોગ અર્થે નોંધ્યાં છે. એટલું જ નહીં સમય જતાં એ લક્ષણો રૂઢ ને પરંપરાગત બનતાં ગયાં, એટલે પછી તો વધુ આગળમાં તેમને તત્કાલીન વાસ્તવિક પરિસ્થિતિ સાથે કશીયે લેવાદેવા ન રહી. પ્રાકૃતોની યાદી બદલાતી ગઈ તેમ તેમ બોલીઓનાં નામોમાં અને લક્ષણોમાં વધઘટ ને ફેરફાર થતા રહ્યા, પણ પ્રયોજન અને નિરૂપણની દૃષ્ટિ એની એ જ રહી.

પણ આ બોલીઓનો નાટક ઉપરાંત સાહિત્યમાં અન્યત્ર પણ ઉપયોગ થતો ભરતે જેમને વિભાષાઓ અને દેશભાષાઓ કહી અને અભિનવગુપ્તે જે વિભાષાઓની ભાષાનો અપભ્રંશ તે વિભાષા એવી વ્યાખ્યા આપી, તેમાંથી જેમનો નાટક બહાર પ્રયોગ થતો તેમને સારુ 'અપભ્રંશ' નામ આપવાની પ્રથા પ્રાચ્ય વ્યાકરણકારોએ સ્વીકારી. છઠ્ઠી–સાતમી શતાબ્દીથી અપભ્રંશ કથાઓ–ગદ્યમય તેમ જ પદ્યમય–ના અને પ્રબંધોના ઉલ્લેખો મળે છે અને કાવ્યશરીર તરીકે વપરાતી એક ભાષા તરીકે અપભ્રંશના વિશિષ્ટ બંધો ને છંદોની વાત સાહિત્યશાસ્ત્રીઓ કરે છે આ પ્રકારની સંસ્કૃત ને પ્રાકૃતની એક સમકક્ષ સાહિત્યભાષા લેખે વ્યાકરણકારો તેનું નિરૂપણ કરે છે અને અપભ્રંશમાં રચના કરવા ઇચ્છનાર વિદ્યાર્થી માટે સંસ્કૃતમાંથી અપભ્રંશ કેમ બનાવવું તેના નિયમો આપે છે પણ મહાકાવ્ય, કથા, આખ્યાયિકા, સંધાન વગેરે જેવા વિશિષ્ટ પ્રબંધો ઉપરાંત સાહિત્ય વિનોદ અર્થે અપભ્રંશ અન્યત્ર પણ વપરાતું પ્રાંતપ્રાંતના લોકોની ભાષા ને વેશભૂષાને લગતી અનુકરણ રચનાઓ કરવાની રૂઢિ સાતમી શતાબ્દીથી ચાલુ થયેલી. ક્રીડા, ગોષ્ઠી વગેરેમાં વિનોદ માટે થતી ભાષાચિત્ર રચનાઓમાં પણ ભાષાઓનું મિશ્રણ વપરાતું ભોજના 'સરસ્વતીકંઠાભરણ' વગેરે જેવા ગ્રંથોમાં આનું વિગતે નિરૂપણ થયું છે આવી રચનાઓમાં જ્યારે પ્રાદેશિક બોલીઓની છાંટ વાળી ભાષા વપરાતી ત્યારે તે પણ કેટલીક વાર અપભ્રંશ કે અપભ્રષ્ટ કહેવાતી. આ દૃષ્ટિએ અપભ્રંશના અનેક ભેદો ગણાતા. વિષ્ણુધર્મોત્તર અને વાગ્ભટની 'અપભ્રંશ'ની વ્યાખ્યા આ જ રીતે ઘટતી લાગે. તેમજ ઉપનાગર, આભીર ને ગ્રામ્ય જેવા નમિસાધુએ નોંધેલા ભેદો, કે નાગર, વાચડ ને ઉપનાગર (તથા પાંચાલ, માળવ, વૈદર્ભ વગેરે બીજા બીજા) એ પ્રાચ્ય વૈયાકરણોએ આપેલા ભેદો, અથવા તો રુદ્રટે કહેલા દેશવિશેષ પ્રમાણેના ભૂરિભેદો ઉક્ત પ્રકારની રચનાઓને અનુલક્ષીને હોય એ પણ સંભવિત છે

પણ આ પ્રકારે સમયે સમયે જુદાજુદા અર્થોમાં અપભ્રંશ એ સંજ્ઞા પ્રચલિત બનવાને પ્રસંગે અપભ્રંશના સ્વરૂપ વિશે સારો એવો ગૂંચવાડો ઊભો થયો રહ્યો છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પૈશાચિક એ પ્રકારનું વર્ગીકરણ દંડી, ઉદ્યોતનસૂરિ, રાજશેખર અને અન્ય ગ્રન્થકારોમાં સ્વીકારાયું છે તો બીજે બધે સંસ્કૃત, પ્રાકૃત, માગધી, શૌરસેની, પૈશાચી અને અપભ્રંશ એ ભાષાની વ્યવસ્થા પણ રુદ્રટ, ભોજ, હેમચંદ્ર, અમરચંદ્ર વગેરેમાં મળે છે.

દંડી અપભ્રંશને આભીર વગેરેની ભાષા તરીકે ઓળખાવે છે અને પછીથી પણ વિશ્વનાથ વગેરે આભીરી ભાષા કે આભીરોક્તિ તરીકે જે નમૂના આપે છે તે અપભ્રંશના જ હોય છે. આભીરી સાથે અપભ્રંશનો ગાઢ સંબંધ હોવાના બીજા પણ અનેક પ્રમાણો છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં બીજી શતાબ્દીમાં સૌરાષ્ટ્રમાં આભીરરાજ ઈશ્વરસેનનું શાસન હોવાનો ઉલ્લેખ મળે છે. પુરાણોમાં ઉત્તરના વાયવ્ય કે પશ્ચિમના પ્રદેશો સાથે આભીરોનો સંબંધ બતાવ્યો છે. મહાભારત (સભાપર્વ) ને બ્રહ્માંડપુરાણ આભીરોને સિંધુપ્રદેશમાં મૂકે છે. આભીરોની વસ્તી હતી એમ કહીને દક્ષિણ તરફ ખસી હોવાના પણ પુરાવા મળે છે. બૃહત્સંહિતામાં આભીરો આનર્ત ને સૌરાષ્ટ્રમાં હોવાનું તેમ જ કોંકણમાં હોવાનું કહ્યું છે. આમ સિંધ, રાજસ્થાન, મરુભૂમિ, માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર, ખાનદેશ ને વરાડ સુધીનો પ્રદેશ સમયેસમયે આભીરો સાથે સંકળાયેલો જણાય છે. અપભ્રંશનું વિસ્તૃત મહા-ત્મ્યો ભિન્ન આસપાસના દિગંબર જૈન કવિઓ ને રાજસ્થાનના શ્વેતાંબર જૈન કવિઓના, અપભ્રંશ સાહિત્યરચનાનો શિલાલેખગત પ્રાચીન ઉલ્લેખ સૌરાષ્ટ્રના વલભીનો, ઉપર પ્રમાણે સવિસ્તર નિરૂપણ ગુજરાતના હેમચંદ્રનું વગેરે હકીકતો એનો તેમ જ અર્વાચીન હિંદી, રાજસ્થાનની ને ગુજરાતીનો અપભ્રંશ સાથેનો નિકટ સંબંધ એના ઉપર્યુક્ત કથન સમર્થિત થાય છે.

ભાષાવિકાસની દૃષ્ટિએ અપભ્રંશનું સ્થાન પ્રાકૃત પછી અને અર્વાચીન ઉત્તર ભારતીય ભાષાઓની પહેલાં છે. ભારતીય ભાષાઓને—ભારતીય-આર્ય ભાષાનો વેદથી લઈને આજ સુધીનો ઇતિહાસ અભ્યાસની સગવડ ખાતર ત્રણ ભૂમિકામાં વહેંચી નાખ્યો છે: પ્રાચીન ભારતીય-આર્ય (વૈદિક ભાષા, પ્રશિષ્ટ સંસ્કૃત), મધ્યમ ભારતીય-આર્ય (પાલિ, પ્રાકૃતો, અપભ્રંશ) ને નવ્ય ભારતીય આર્ય (હિંદી, ગુજરાતી, મરાઠી, બંગાળી વગેરે). આમાંથી મધ્યમ ભારતીય-આર્ય ભૂમિકાના પ્રાચીન (અશોકકાલીન શિલાલેખો, પાલિ વગેરે) મધ્યમ (સાહિત્ય, નાટક વગેરેની પ્રાકૃતો) અને અંતિમ (અપભ્રંશ) એવા પેટાવિભાગ પાડી શકાય. એ રીતે જોતાં અપભ્રંશ મધ્યમ અને અર્વાચીન ભૂમિકા વચ્ચેની સંક્રમણ દશા રજૂ કરે છે. અપભ્રંશ અમુક અંશે પ્રાકૃત જ હોવા છતાં તેની પોતાની આગવી વિશિષ્ટતાઓ વધી છે, જે આગળ જતાં અર્વાચીન ભૂમિકામાં ઊતરી આવે છે. અપભ્રંશનું ઉચ્ચારણ મુખ્ય વિગતોમાં પ્રાકૃત ભૂમિકાનું ચાલુ રહ્યું હોવાનું કહી

શકાય. અન્ત્ય સ્વરોને હ્રસ્વ ઉચ્ચારવાનું પ્રબળ વલણ, અનાદિ સ્થાને રહેલા 'એ–ઓ'નું પણ હ્રસ્વ ઉચ્ચારણ, અનુનાસિક સ્વરોની બહુલતા, નાસિક્ય વ્યંજન અને સ્વર વચ્ચેના મ્‌નો વ્‌ ... > (પૂર્વસ્વરદીર્ઘત્વ)+ વ—એ પ્રક્રિયા અને અમુક અપવાદ વાળા સંયુક્ત વ્યંજનો જાળવી રાખવા ને ક્વચિત્ (આદ્યાક્ષરમાં) રકારનો પ્રક્ષેપ—વગેરે નિયતોમાં અપભ્રંશ પ્રાકૃતથી જુદી પડે છે રૂપાખ્યાનમાં સાર્વનામિક પ્રત્યયોમાંથી ઊતરી આવેલા પ્રત્યયો નામિક રૂપાખ્યાનમાં પણ મોટા પ્રમાણમાં વપરાતા થઈ ગયા છે અને અકારાંત અંગોનો પ્રભાવ સર્વવ્યાપી છે પ્રથમા–દ્વિતીયા, તૃતીયા સપ્તમી અને પંચમી–ષષ્ઠીની ભેળસેળ થતાં ચારેક વિભક્તિઓ અલગ પાડી શકાય છે અને પરિણામે અનુગોનો પ્રચાર વધ્યો છે આ ઉપરાંત જે કેટલાક ખાસ ધ્યાન ખેંચે છે તે વિભક્તિના વિશિષ્ટ પ્રયોગો, અને રૂઢિપ્રયોગો. એ દૃષ્ટિએ અપભ્રંશ પ્રાકૃત કરતાં અર્વાચીન ભાષાઓની વધુ નિકટ છે શબ્દભંડોળના વિષયમાં પણ આવી વસ્તુ જણાઈ આવે છે પ્રાકૃતની તુલનામાં અપભ્રંશમાં દેશ્ય શબ્દોનો વપરાશ વધ્યો છે અને તેમાંથી કેટલાયે અર્વાચીન ભાષાઓમાં ઊતરી આવ્યા છે

અપભ્રંશ સાહિત્યની ઉપલબ્ધ કૃતિઓમાં જે ભાષા મળે છે તે સ્થૂળ દૃષ્ટિએ એકરૂપ ગણી શકાય તેવી છે પણ અર્વાચીન વ્યાકરણની દૃષ્ટિએ એના સમય અને પ્રદેશ અનુસાર તેમાં કેટલીક ભિન્નતા તરત જ તરી આવે છે દિગંબરો અને શ્વેતાંબરોની અપભ્રંશ કૃતિઓની ભાષા—મૂળે તો પ્રાદેશિક ભેદને કારણે—કેટલીક પોતપોતાની વિશિષ્ટતા ધરાવે છે તેમ સ્વયંભૂ, પુષ્પદંત, હરિભદ્ર વગેરેના મિશ્ર ઉપરાંત [illegible] અપભ્રંશની તુલનામાં હેમચંદ્રમાં ઉદ્ધૃત થયેલા કેટલાક દોહાઓ કંઈક આ તરફનો [illegible] અપભ્રંશ જુદો પડે છે

પરિશિષ્ટ

(૧) [illegible] । (શાકુન્તલ, ૪ ૫) (૨) [illegible] ૧ (નવમી આવૃત્તિ, ૧૯૩૪) પૃ ૨૧૯ (૩) ઉમાશંકર જોશી, 'પ્રભૂમિ' [illegible], ૧૨ ૫–૧૯૪૪ (૪) [illegible] । (ભર્તૃહરિકૃત વાક્યપદીય, ૧ ૧૪૮ વૃત્તિ) (૫) [illegible] । (મહાભાષ્ય ૧ ૧ ૧) (૬) [illegible] । (વાક્યપદીય, ૧ ૧૪૮ વૃત્તિ) (૭) [illegible] । (દંડી, કાવ્યાદર્શ ૧ ૩૬) (૮) [illegible] । (અલંકાર[illegible] ૧૦ ૪૪ ૫ ઉપરની અભિનવ

भारती). (९) अपभ्रंशं तृतीयं च तदनन्तं नराधिप । देशभाषाविशेषेण ॥ (विष्णुधर्मोत्तर, ३ ३). (१०) अपभ्रंशस्तु यच्छुद्धं तत्तद्देशेषु भाषितम् । (वाग्भटालंकार २, ३) कतेषु तेषु वर्णोच्चारणादिषु भेदेषु सुकुमारस्वभावादिरमितिर्वे भाषितं सोऽपभ्रंश भारती कर्ण । (ઉપરના શ્લોકોમાં भारती सिंहदेवगणिनी टीका). (११) देसिल बअना सब जन मिट्ठा । तं तैसन जंपओ अवहट्ठा (कीर्तिलता, १, १३). (१२) नाट्यशास्त्र, १–११. (१४) प्रायोऽत्र भूरिभेदो देशविशेषादपभ्रंशः ॥ (रुद्रट काव्यालंकार, २ १२). (१५) इत्थं च देशभेद भाषाऽपभ्रंशो निरूपितोऽपि । (रामचन्द्र–गुणचन्द्र नाट्यदर्पण १८५ क) (१६) संस्कृत प्राकृत चैव गीतं द्विविधमुच्यते ॥ अपभ्रंशं तृतीयं च तदनन्तं नराधिप । देशभाषाविशेषेण तस्यान्तो नेह विद्यते ॥ (विष्णुधर्मोत्तर ३ ३). (१७) संस्कृतं प्राकृतं चान्यदपभ्रंश इति त्रिधा (वाग्भट, काव्यानुशासन १–१६). (१८) तदेतद् वाङ्मयं भूयः संस्कृतं प्राकृतं तथा । अपभ्रंशश्च मिश्रं चेत्याहुरार्याश्चतुर्विधम् ॥ (दंडी, काव्यादर्श (–काव्यलक्षण) १ ३२) आभीरादिगिरः काव्येष्वपभ्रंश इति स्मृताः । शास्त्रेषु संस्कृतादन्यदपभ्रंशतयोदितम् ॥ (काव्यादर्श, १–३६). (१९) संस्कृतप्राकृतापभ्रंशभाषात्रयप्रतिबद्धप्रबन्धरचनानिपुणतरान्तःकरण । (वलभीना राजा धरसेन २ ना ताम्रपत्रमां गुहसेननुं विशेषण, इन्डियन एन्टिक्वेरी, १०–२८४). (२०) कुवलयमाला, पृ ११ (२१) संस्कृतं स्वर्गिणां भाषा, शब्दशास्त्रेषु निश्चिता । प्राकृतं तज्जतत्तुल्य देश्यादिकमनेकधा ॥ अपभ्रंशस्तु यच्छुद्धं तत्तद्देशेषु भाषितम् । (राजशेखर काव्यमीमांसा, पृ ८). (२२) यद प्राग् संस्कृत-प्राकृत-अपभ्रंशग्राम्यभाषानिबद्ध महाकाव्यम् । (हेमचन्द्र काव्यानुशासन, ८ ३३) (२३) अपभ्रंशनिबद्धसन्धि पैशाचीमि प्रत्याए । अपभ्रंश-छायाहरणे सुप्रत्ती प्रविस वेदी ॥ (अपभ्रंश रत्नमाल, संदेशरासक १–६) (२४) तदर्थे प्राकृत तत्समानभिधे भूतभाषितम् । इति भाषाचतुष्कोऽपि कस्मिन् भाषास भारताम् । (वाग्भट वाग्भटालंकार, २–१) (२५) प्राकृतसंस्कृतमागध पिशाचभाषाश्च सूरसेनी च । षष्ठोऽत्र भूरिभेदो देशविशेषादपभ्रंशः ॥ (रुद्रट, काव्यालंकार, २।११ १२) (२६) प्राकृतेनैव भाषितं प्राकृतेनैव चापरं । अपभ्रंशे एवमेव भवितव्यमसंदेह या तुम ॥ पैशाच्या शौरसेन्या च मागध्याऽन्यो निगद्यते । (भोज सरस्वतीकण्ठाभरण, २।१०–११). (२७) लटकमनसकरा भासानयोगि निश्चयीलंकार सतीं पत्यनसार मही । तत्र सर्वं चैव वा प्राकृतम् । –

तदेव च देशविशेषाद् अपभ्रंश समानविविधविशेष सत्, तस्मात्पञ्चमीमेवावयोरीति तथा प्राकृतमेवापभ्रंश । स चान्यैरुपनागराभीरग्राम्यत्वभेदेन त्रिधोक्त सतिरासार्थमुक्तं भूरिभेद इति कुतो देशविशेषाद् धरणाद् । तस्य च लक्षणं लोकादेव सम्यगवसेयम् । (नमिसाधु, काव्यालंकारवृत्ति, २–१२). (२८) भाषा षट् संस्कृतादिका । भाषन्ते भाषा संस्कृत-प्राकृत-मागधी-शौरसेनी पैशाच्यपभ्रंशरूपा । (हेमचन्द्र अभिधान चिन्तामणि २।१९९) (२९) शौरसेनी चतुःस्वभावा पैशाचिकस्य प्राकृत काव्यदेश्यता । तत्स्वभावदेश अवन्त्यनुसारतरमनमथय ॥ आवन्त्या पारियात्रा सह दशपुरैस्तु–

भाषं भजन्ते । यो मध्ये मध्यदेशं निवसति स कविः सर्वभाषानिषण्णः ॥ (राजशेखर काव्यमीमांसा, पृ. ५१) (३०) पश्चिमेनापभ्रंशिनः कवयः । (काव्यमीमांसा, पृ. ५४-५५). (३१) शृण्वन्ति लटभं लाटाः प्राकृतं संस्कृतद्विषः अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गुर्जराः ॥ (भोज सरस्वतीकण्ठाभरण, २–१३) (३२) स्वरांशसमापनिवेशसमभिव्याहारमभिव्याप्य । ग्राम्यापभ्रंशभाषानिबद्धावस्कन्दकबन्धं भीम काव्यादि । (हेमचंद्र, शब्दानुशासन, ८–३३७)

૩ હેમચંદ્રીય અપભ્રંશ

પુરુષોત્તમ, રામશર્મા માર્કંડેય, ત્રિવિક્રમ, લક્ષ્મીધર વગેરેના પ્રાકૃત વ્યાકરણોમાં અપભ્રંશ વિશે વધતીઓછી માહિતી આપેલી છે પણ એક તો તેઓ હેમચંદ્ર કરતાં અર્વાચીન છે તેના ઉપજીવી છે અથવા તો તેમની માહિતી ટૂંકી ને અવ્યવસ્થિત છે પ્રાચીનતાની તેમ જ વિસ્તાર અને વ્યવસ્થાની દૃષ્ટિએ હેમચંદ્રનું અપભ્રંશનું નિરૂપણ સૌમાં આગળ પડતું ને ઉદ્ધૃત ઉદાહરણોને લીધે પ્રામાણિકતાની સ્પષ્ટ છાપવાળું છે

ઉપર જણાવ્યું તેમ હેમચંદ્રે અપભ્રંશ એકરૂપ હોય તેવી રીતે તેનું પ્રતિપાદન કર્યું છે તેમણે ક્યાંય અપભ્રંશના વિવિધ ભેદોનો ઉલ્લેખ સરખોયે નથી કર્યો તેઓ અપભ્રંશને એક સાહિત્યભાષા ગણવાની પરંપરાને અનુસરે છે જેમ શૌરસેની, માગધી, પૈશાચી વગેરે પ્રાકૃતપ્રકારોની અને તેમનાં વ્યાવર્તક લક્ષણોની તેમણે સ્પષ્ટપણે નોંધ લીધી છે તેવી રીતે અપભ્રંશપ્રકારો વિશે કશો યે ઇશારો નથી કર્યો તેમના શબ્દાનુશાસનમા એક સ્થળે ગ્રામ્ય અપભ્રંશનો—અને તેમાં રચાયેલા ગ્રન્થના નામનો—નિર્દેશ છે ખરો, પણ તે તો શિષ્ટ સર્વસાધારણ સાહિત્યભાષાના સ્થાનિક અસરવાળા શૈલભેદિયા રૂપને ઉદ્દેશીને હોવાનું સમજાય છે એટલે એ સ્પષ્ટ છે કે હેમચંદ્રને 'અપભ્રંશ' નામ નીચે એક પ્રતિષ્ઠિત સાહિત્યભાષા જ અભિપ્રેત હતી.

પણ જુદાજુદા સમયનાં પૂર્વરચિત વ્યાકરણો અને સાહિત્યરચનાઓ પર આધારિત હોવાથી હેમચંદ્રનિરૂપિત અપભ્રંશમાં ભાષાકીય ભૂમિકાની દૃષ્ટિએ ભિન્નભિન્ન દેશકાળની વિવિધ ભાષાસામગ્રીનો શંભુમેળો હોવો અનિવાર્ય છે

પહેલાં આપણે હેમચંદ્રે આપેલાં ઉદાહરણોપરથી હેમચંદ્રથી સ્વતંત્ર રીતે વ્યાકરણની રૂપરેખા તારવીએ.

વ્યાકરણની રૂપરેખા

આ રૂપરેખા ધ્વનિવિકાસ, આખ્યાતિક રૂપતંત્ર, શબ્દસિદ્ધિ, નામિક રૂપતંત્ર ને પ્રયોગ એવા વિભાગમાં વહેંચી છે

૧ ધ્વનિવિચાર

મુખ્યત્વે પ્રાકૃતની પરિસ્થિતિ અપભ્રંશમાં ચાલુ રહી છે પ્રાચીન ભારતીય આર્યમાંથી મધ્યમ ભારતીય-આર્યમાં થયેલા ધ્વનિપરિવર્તનનો ટૂંક સાર (અપભ્રંશની રહીસહી વિશિષ્ટતાઓ સાથે) આ પ્રમાણે છે

સ્વરો ૧. મૂળના શબ્દના સ્વરો સામાન્ય નિયમ તરીકે સર્વત્ર એમ ને એમ જળવાઈ રહે છે અપવાદો (૧) આદ્ય ઋ > રિ અનાદ્ય 'ઋ' > 'અ' 'ઉ' (ઓષ્ઠ્ય સંદર્ભમાં) 'ઇ' (૨) સંયુક્ત વ્યંજનની, કે અનુસ્વારની પૂર્વેનો (એટલે કે બંધ અક્ષરમાં રહેલો) દીર્ઘ સ્વર હ્રસ્વ થાય છે ક્વચિત નાસિક્ય વ્યંજન પૂર્વેના એ ઓ હ્રસ્વ થાય છે (૩) સ્, ને લ્ ના લોપ થતાં, પૂર્વ સ્વર દીર્ઘ થાય છે (૪) ક્વચિત આદ્ય સ્વર (બલાઘાતહીન પરિસ્થિતિમાં) લુપ્ત થાય છે

૨ સંયુક્ત સ્વરોમાં 'ઐ' > 'એ' કે 'અઇ' અને 'ઔ' > 'ઓ' કે 'અઉ' એવી પ્રક્રિયા છે

૩ અપભ્રંશમાં અંત્ય સ્વર હ્રસ્વ હોય છે એટલે મૂળના અંત્ય દીર્ઘ સ્વર હ્રસ્વ બને છે અને 'એ'નો હ્રસ્વ 'એ' કે 'ઇ' 'ઓ'નો હ્રસ્વ 'ઓ' કે 'ઉ' થાય છે ક્વચિત અંત્ય 'અ'નો 'ઇ' થાય છે

વ્યંજનો. વ્યંજનોના પરિવર્તનનો આધાર તેમના શબ્દગત સ્થાન ને સંદર્ભ ઉપર છે

૪ શબ્દના આદ્ય વ્યંજન જળવાઈ રહે છે અપવાદો (૧) અપભ્રંશ હસ્તપ્રતોમાં આદ્ય ન્ ને સ્થાને 'ણ્' લખવાનું પ્રચલન વ્યાપક છે (૨) ય્ > 'જ્' (૩) ષ્, શ્ < સ્ (ક્વચિત ષ્). (૪) ક્વચિત અલ્પપ્રાણનું મહાપ્રાણ થાય છે.

૫. શબ્દના અંત્ય વ્યંજન લુપ્ત થાય છે

૬. શબ્દના મધ્યવર્તી વ્યંજનોમાં નીચે પ્રમાણે પરિવર્તન થાય છે (૧) ક્ ગ્ ચ્ જ્ ત્ દ્ ય્ વગેરે લુપ્ત થાય છે પાછળના (કે આગળના તેમ જ પાછળના) સ્વર 'અ' કે 'આ' હોય ત્યારે લુપ્ત વ્યંજનને સ્થાને યશ્રુતિ આવે છે પૂર્વસ્વર 'ઉ' 'ઓ' હોય તો ક્વચિત વશ્રુતિ આવે છે હસ્તપ્રતોમાં યશ્રુતિ ને વશ્રુતિ અંગે ઘણી અવ્યવસ્થા છે (૨) ક્વચિત ઉપર્યુક્ત વ્યંજનો લુપ્ત ન થતાં, તેમાંથી ઘોષ હોય તે એમને એમ જળવાઈ રહે છે અઘોષ હોય તે ઘોષ બને છે (૩) ખ્ ઘ્ થ્ ધ્ ફ્ ભ્નો હ્ થાય છે. (૪) ક્વચિત (૩)માં ગણાવેલાનો 'હ્' ન થતાં, તેમાંથી ઘોષ હોય તે જળવાઈ રહે છે

મૂળના વ્યંજનોમાંનો એક રકાર કે ઊષ્મવ્યંજન હોય ત્યારે <<અનુસ્વાર + એકવડો વ્યંજન>> આવવાનું વલણ.

૧૧. (૧). ઊષ્મવ્યંજન + નાસિક્ય વ્યંજન, કે ર્ણ ર્ન ર્મ ર્ (૨) રકાર + ઊષ્મવ્યંજન કે ર્શ ર્ષ ર્હ (૩). ર્ય + ર્ (૪) સ્પર્શ + નાસિક્ય વ્યંજન, કે ગ્ન (૫) ઈકાર+યકાર—એ સંયોગોને સ્વરભક્તિથી વિશ્લેષ થાય છે અંકિત સ્વર ઇ કે અ આવતા (કોષ્ઠક સંદર્ભમાં) ઉ હોય છે

૧૨ બેવડો ન (= સ્ન) ને ણ (= ણ્ણ) કેટલીક વાર એકવડો બને છે ને ત્યારે પૂર્વેનો હ્રસ્વ સ્વર દીર્ઘ થાય છે

૧૩ વ્યંજનલોપને લીધે પાસેપાસે આવેલા સમાન સ્વર મળીને એક દીર્ઘ સ્વર બને છે

૧૪ 'અસ્' > 'એ' 'અર્' > ઓ. બીજે પણ પરવર્તી ર્, વ્ > ઇ ઉ.

૧૫ સાહ્યના ઉપયુક્ત નિયમો પ્રમાણે વિશ્લેષ થતા સંયુક્ત વ્યંજનોમાંથી, ક્વચિત્, ચાર ઘણાનો વ્યંજન જ બચવા પામે રહે છે આના ઉદાહરણ ઉપરના નિયમમાં આપ્યા છે

અપભ્રંશના કેટલાક લાક્ષણિક ધ્વનિવલણો

૧ 'એ' 'ઓ' 'એઁ' કે 'ઇ' અને 'ઓ' 'ઓઁ' કે 'ઉ' (આ બધા સ્વર અપભ્રંશમાં હ્રસ્વ ઉચ્ચારના વલણને જ એક રૂપે છે). ઉદાહરણો: અકારાન્ત પું. નું એક. વ. ના 'સ્વ' 'ઉ' પ્રત્યયો, તથા બહુ. વ. ના 'હિં' 'હિ' પ્રત્યયો, સપ્તમી એક વ. નો 'એ' અંકિત ઉ. એક વ. નો 'ઉં' તથા સંબોધન એક વ. નો ઉ સર્વનામના પું. પ્રથમા બહુ વ. નો 'એં' (જે તે, જાંઈ) કે 'ઇ' (જેઇ તેઇ) આજ્ઞાર્થ બીજા પુ. એક વ. નો 'ઇ' (કરિ, કરિઉ, કરેઇ)

પુ પ્ર-દ્વિ એક વ. નો 'ઉ' ષષ્ઠી એક વ. નો 'હું' અંકિત પ્ર-દ્વિ બહુ વ. નો 'એં' 'ઉ'

૨. આકારની અનુનાસિકતા (ઉચ્ચારમાં 'ઇં'). ઉદાહરણો: કુંત, ગરિહ (ચાર વાર) મંહ, ગુરુ (પાદાન્તમાં) હુંહુ (બે વાર), સુહુ.

સૂત્ર ૩૯૪ ખાસ 'સ્તન'ને લાગુ છે

૩. રકારની અનુશ્રુતિ. ઉદાહરણો: ત્રણ દ્ર, ગ્રહ, દ્રહ, ત્રેહિ, પ્રુ, પ્રભુ, પ્રમાણિત, પ્રવાસી, પ્રસ્ત, પ્રાણ, પ્રાપ્ત, પ્રાંગ, પ્રિય (૭ વાર), પ્રુ, ક્રો ભ્રતી, ભ્રાંતિ, વ્રત.

સૂત્ર ૩૯૨, ૩૯૩, ૩૯૮, ૪૧૪ ૪૧૮ રકાર અનુસરતી રચના શબ્દોને આપ્યાં છે. પ્રાકૃતમાં પણ દ્ર એ સંયોગ અનુસરતી રચનાનું પ્રાયિક વલણ હતું

૪ રકારનો પ્રક્ષેપ. ઉદાહરણો: ગ્રહ (બે વાર) ત્ર, વ્રુ (!) (બે વાર), અગ્નિ, વ્યાસ.

સૂત્ર ૩૯૯ રેફપ્રક્ષેપને લગતું છે ભાષ ગુન્ (૩૯૨)માં ન્ છે

ઉપર્યુક્ત ૨ થી ૪. લક્ષણો અપભ્રંશમાં પ્રાદેશિકતા તથા પ્રાચીનતાના દ્યોતક છે

૫. ત નો 'દ્' (કે 'દ્' ની અસરથી) આ ઘોષભાવના લક્ષણનો જ એક અંશ છે ઉદાહરણો ગદ, આગદ, ચિંત સુકુદ, સુધિદ, કુદત, કધિદ, બિદ, વિહિદ, વિહિઅસિદ (બધામાં ભૂતકૃદંતનો 'દ'<'ત' પ્રત્યય) કીલદિ, એએદિ પ્રસદિ (વર્તમાન ત્રી. પુ. એક વ.નો 'દિ'<'તિ' પ્રત્યય) વિદસ, મદિ, રદિ.

સૂત્ર ૩૯૬ ઘોષભાવને લગતું છે આ લક્ષણ પ્રાચીનતાનું દ્યોતક છે

૬. મ નો 'વઁ' (કે 'વ્') ઉદાહરણો. જવઁ, તવઁ (જઉઁ તઉઁ) એમ્વઁ (એવંઇ, એવંહિ) જેવઁ એવઁ, તવઁ (જિવઁ, જિમ તિવઁ) પ્રાણ્ય, પવિઅઁ (ચિંતિત રૂપ 'પ્રાણ્મ' 'પમિમ્મ') નવ્ નાઉં ઠાઈ કવઁલ, ભવઁર પવાણુ, સવઁલ, નીસાવઁણુ, રવણ્ણુ

સૂત્ર ૩૯૭ આ લક્ષણને લગતું છે અપભ્રંશમાં આ એક પ્રાદેશિક લક્ષણ હતું.

૭ વકારનો લોપ. ઉદાહરણ (આગત) જિમાઉ, નિમત્ત્ ખાસ, ખડ્ગ, ખપ, પરિભવ, પિઆસ, ભમરુ રુઅ, લાવણ્ણુ, લોઈ, સાઉ, સુઉ, (પ્રત્યય પૂર્વે) આઉંબ ઉઠ઼ તઉ પડાઉ જઉ તાઉ નાઉં ઠાઉ

અપભ્રંશમાં આ લક્ષણ પ્રાદેશિક હતું.

૮. 'સ' નો 'હ' આનાં ઉદાહરણો ઉપર 'ધ્વનિવિકાસ'માં ૭ (૧૧)માં આપ્યાં છે

૯ સંયુક્ત વ્યંજનોનું મેળવણ.

પૂર્વ સ્વરદીર્ઘત્વ વિના : ઉપાંત્ય અક્ષર પછી—લગભગ (પ્રત્યયમાં) એવડ, જેવડ, એવડ, તેવડ, એત્તુલ, કેત્તુલ, જેત્તુલ, તેત્તુલ, ભણ્યાંણ, કરંત (છંદોમૂલક ?) આદ્ય અક્ષર પછી—અત્તુ, કટરિ, કટમ્મ, કણ્ણિઆર, પલ્લ, દેમ્હડ અકારાંત પું પછી આત વ નો સ પ્રત્યય લક્ષિમનો બસ્ત્ 'હ' પ્રત્યય.

પૂર્વસ્વરદીર્ઘત્વ સાથે. નીસાવઁણુ અકારાંત પું પછી એકવચનનો 'આસુ' પ્રત્યય, લક્ષિમનો 'હિ' પ્રત્યય 'સાહ'.

અપભ્રંશમાં આ લક્ષણ અર્વાચીનતાનું દ્યોતક હતું.

છંદોમૂલક પરિવર્તન

અહિન, વિનાસિઅ, પુલ, ઉલ્લ્ત્તુઅ, ઊ કરેંત, તં, કઉ (કારને માટે) એ છંદ જાળવવા સારુ થતાં ફેરફારનાં ઉદાહરણ છે. ટિપ્પણમાં કેટલેક સ્થળે આ બાબત ધ્યાન ખેંચ્યું છે

આખ્યાતિક અંગ

ભાષાંતરમાં આખ્યાતિક રૂપ આખ્યાતિક અંગ અને પ્રત્યયોનું બનેલું છે

આખ્યાતિક અંગ (૧). આખ્યાતિક ધાતુમૂલક (૨). યૌગિક કે (૩). નામમૂલક હોય છે

યૌગિક —(ક). ઉપસર્ગ ને આખ્યાતિક ધાતુના સંયોગવાળાં : અણુહર્, પસર્, પરિચિંતમ્ પરિહર્ વિહણ, (તથા નિમિત્ત પત્થાવ, પસર્ વિલોલ્, વિક્ષુર્, વિક્ષિમ્ભમ્ વિનાશ્, સંપર્ સંપિડ્, સંભલ્ વગેરે)
(ખ) નામાદિ ને આખ્યાતિક ધાતુ(કર્ હો)ના સંયોગવાળાં નમિકર્ (નમિકર્) મણાપ્રસિદ્ધિ ગુણાગ્રહી બહુધિ.

નામમૂલક — જેઓ કે મૂળે નામ, વિશેષણ વગેરે હોય તેવાં નિકમ્ પાર્ પહિલિમ્, ધણ્ણ

આખ્યાતિક ધાતુમૂલક—આદિના કર્ ભાણ્ મર્ હક્ ભિડ્ પડ્ ભ, ભા, દે, હો, કુણ વગેરે.

આ યૌગિક અંગો પરથી બીજાપ્રયોજક પ્રત્યય વગેરે દ્વારા નીચે પ્રમાણે સાધિત અંગો થયાં છે

પ્રેરક અંગ — પ્રત્યયસાધિત પ્રકાર :

આવ્ પ્રત્યયવાળાં : ઉહ્લાવ્ કરાવ્ ચલાવ્ નચ્ચાવ્ પાડ્ કરાવ્
આવ્ પ્રત્યયવાળાં : ઉવ્વેદ્, કર્ વિક્ષિમ્ભમ્

(બંને પ્રત્યય મૂળે સંસ્કૃત આપ્ પ્રત્યયમાંથી થયા છે)

—વિકારસાધિત પ્રકાર

કેવળ સ્વરવિકારવાળાં : (અ>આ) પાડ્, ભામ્ માર્ ચાલ્ વાડ્ વિનાસ્, (ઉ>ઓ) તોડ્

સ્વરના તથા વ્યંજનના વિકારવાળાં : ફેર્ (મૂળ ફિર્) વિલોર્ (મૂળ વિલુર્) ફેર્ (મૂળ ફુર્)

કર્મણિ અંગ — પ્રત્યયસાધિત પ્રકાર

ઇજ્જ પ્રત્યયવાળાં : ભણ્ણ્ કરિજ્જ્ પાડ્ ભીડ્ ભાષ્ વટ્ટ્ ધાવ્

ઈ(ય)અ પ્રત્યયવાળાં કર્ ભિડ્, ભર્ ભોલ્ દેખ્ કુણ્ ભિડ્ કલ્, વર્ણ્ વિક્ષુર્ સુમર્ ભ, લે, કિ કિ કિ, કિ, (અય્ પ્રત્યયવાળાં) ભા

(બંને પ્રત્યય મૂળે સંસ્કૃત કર્મણિના ય્માંથી થયા છે)

સિદ્ધ પ્રકાર (સીધું સંસ્કૃત કર્મણિ અંગનું ધ્વનિપરિવર્તિત રૂપ)
કેપ્પ્ કજ્જ્ લબ્ભ્, સમપ્પ્

કર્મણિ અંગ મૌલિક અથવા પ્રેરક અંગ ઉપરથી સાધિત હોય છે
ભવિષ્ય અંગ — 'ઇસ્' ('એસ્, ઇસ્') 'સ્' (સ્વરાંત પછી)વાળાં : કરીસ્, પભણીસ્, પામીસ્, છુટીસ્, કીસ્, આણેસ્, સહેસ્, કુણિસ્, હોઇસ્ લેસ્, હોસ્

'ઇહ્' કે 'હ્' (સ્વરાંત પછી) વાળાં : ગમિહ્, હોહ્
(ભવિષ્યના અંગસાધક પ્રત્યયો સંસ્કૃત (ઇ)ષ્યમાંથી આવ્યા છે)
ભવિષ્ય આજ્ઞાર્થ અંગ — એજ્જ્ ('ઇજ્જ્') કે 'જ્જ્' (સ્વરાંત પછી)વાળાં :
રહેજ્જ્, વજ્જજ્જ્ પાઠવજ્જ્ દિજ્જ લહિજ્જ્, હોજ્જ્

(અંગસાધક પ્રત્યયો વિધ્યર્થના એય્યમાંથી આવ્યા છે)

સંયોજક સ્વર

કેટલાંક રૂપોમાં અંગ અને રૂપસાધક પ્રત્યય લગોલગ છે તો કેટલાંકમાં તેમની વચ્ચે સંયોજક સ્વર છે (૧) સ્વરાંત અંગો પછી, (૨) આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનના સ્વરાદિ પ્રત્યયો પહેલાં, અને (૩) ભવિષ્ય કાળના પહેલા પુરુષ એકવચનના પ્રત્યય પહેલાં સંયોજક સ્વર નથી, અન્યત્ર છે

સંયોજક સ્વર ઘણુંખરું 'અ' તો ક્વચિત્ 'આ' 'ઇ' 'ઍ' કે 'એ' છે

કાળ

નિર્દેશાર્થમાં (૧) વર્તમાનકાળ અને (૨) ભવિષ્ય તથા આજ્ઞાર્થમાં (૩) વર્તમાન અને (૪) ભવિષ્ય—એટલાં રૂપ છે આ રૂપો કર્તરિ તથા કર્મણિ પ્રયોગનાં મૌલિક તથા પ્રેરક અંગ ઉપરથી સધાયેલાં છે ભવિષ્ય માટે ખાસ અંગ છે કેમકે આપેલાં ઉદાહરણો સ્વરૂપ અને પ્રમાણની દૃષ્ટિએ મુકાબલે મર્યાદિત હોવાથી તેમાં આમાંના અમુક જ રૂપપ્રકારના નમૂનાઓ છે

આ સિવાયના કાળ વગેરેના ભાવ ઉક્ત કાળનાં રૂપો દ્વારા, કૃદંતો દ્વારા કે બીજી કોઈ રીતે વ્યક્ત થાય છે તેમને માટે વિશિષ્ટ રૂપો નથી.

નિર્દેશાર્થ વર્તમાન

સંયોજક સ્વર વ્યંજનાંત અંગ અને પ્રત્યય વચ્ચે સંયોજક 'અ' હોય છે કેવળ વપરાયેલાં આગલી ભૂમિકાનાં કેટલાંક રૂપોમાં સંયોજક 'એ' કે 'આ' છે
પ્રત્યયો અને રૂપો સાહિત્યિક અપભ્રંશ રૂપો ઉપરાંત ક્વચિત્ આગલી ભૂમિકાનાં (વર્ણક છંદ, પ્રાસ વગેરે ખાતર) તો ક્વચિત્ નવું વિકસિત ભૂમિકાનાં રૂપો પણ પ્રયુક્ત થયેલાં છે એવાં કર્તરિનાં રૂપો ને પ્રત્યયો કોઠામાં મૂક્યાં છે

૧ લો પુ. એકવ.	ઉ	કરઉં
" " બહુવ.	હું	લહહું, લહું, (પામું)
૨ જો " એકવ.	હિ, (સિ)	મરહિ, રુઅહિ લહિ, (રુઅસિ)
" " બહુવ.	હુ, (હ)	પ્રમાણહુ, (પ્રમાણહ)
૩ જો " એકવ	ઇ, (દિ)	કરઇ ચિંતઇ, જાઇ (કરેઇ) (હોઇહિ, લેખહિ)
" બહુવ	હિં (ન્તિ નાનું કરહિં, ગુમાવહિં, લહિં, (અનુકિ, સ્વર + ન્તિ)	ભમિ, દહિ)

એ જ પ્રમાણે નીચેનાં રૂપો નીચે પ્રમાણેનાં અંગો પરથી બનાવેલાં છે

૧ લો પુ એકવ : કરુઉં, લહુ, ઝિજ્જઉં દેખઉં (કર્મણિ) ઝિજ્જઉં, જોઇજ્જઉં

" બહુવ (‘આ’ સંયોજકવાળાં) મરહુ, લહુ

૨ જો " એકવ જાઉ મરુ નીસરુ લહુ, વિસરુ

બહુવ : (‘હ’ પ્રત્યયવાળાં) લહહુ, પુચ્છહુ

૩ જો એકવ. : જાઉં ઉત્તરુ ઉમ્મિલઇ કરઇ, ભરઇ ગમઇ, ચલઇ, મોડઇ, વલઇ, ચાંપઇ દેખઇ ધરઇ, મિલઇ, પરિણમઇ, પરિહરઇ, ભમઇ ભમાડઇ, ખિર મિલઇ, ફુલ્લઇ રુઅઇ, લહઇ વિસરઇ (સ્વરાંત અંગ) થાઇ, ઝિજ્જઇ, જાઇ, લાઇ, ઠાઇ ખાઇ, ગાઇ, પરિહાઇ, ભાજઇ, લે, દે, હો. (પ્રેરક અંગ) મારઇ વાલઇ દેઇ કરઇ ઉલ્લઇ (કર્મણિ અંગ) ભાવિજ્જઇ, લહિજ્જઇ, પીડિજ્જઇ, પમિજ્જઇ, ભાવિજ્જઇ, પરિભવ, ધરિપ્પઇ, ઝિજ્જઇ લહિજ્જઇ જોઇજ્જઇ મિલિજ્જઇ રુસિજ્જઇ વિચુંડિજ્જઇ સુમરિજ્જઇ ભમ્મઇ ઝિજ્જઇ ખિજ્જઇ પિજ્જઇ ઘેપ્પઇ કરેઇ, દળઇ (પ્રેરક કર્મણિ) પાલિજ્જ. (એ સંયોજકવાળાં) કરે લહે લિહે, ચાલે, ધરે, મારે વળે સંભાળે, લિહે

૩ જો પુ બહુવ. (‘હિં’ પ્રત્યયવાળાં) કરહિં, ધરહિં, નમહિં, ધરહિં, ભમહિં લહહિં, સહહિં, સુણહિં, નશીહિં, (કર્મણિ) ઝિજ્જહિં (‘ન્તિ’ પ્રત્યય વાળાં) ધરન્તિ, ગમન્તિ ભમહિં લહન્તિ નમન્તિ, મિલન્તિ, જા, લા, ખા, દે, હો. (પ્રેરક) મેલ (કર્મણિ) ઘેપ્પઇ

કરઉં ઉપરથી કરુ અને ઉકાર લુપ્ત થતાં કરહિં ઉપરથી કરેં કરું ઉપરથી કરો અને કરહિં ઉપરથી કરેં: એમ અર્વાચીન રૂપ થયાં છે

નિર્દેશાર્થ ભવિષ્ય

ભવિષ્ય અંગ + (સંયોજક સ્વર) + પ્રત્યયવાળાભવિષ્ય રૂપ.

પહેલા પુ. એકવચનાંરૂપમાં સંયોજક સ્વર નથી. બીજા પુ. એકવ. માં ક્વચિત ‘ઇ’ સંયોજક છે

પ્રત્યય રૂપ

૧ લો પુ. એકવ. 'ઉં' (અંગસાધક 'ઇસ') કરીસુ, પાઅસીસુ, પામીસુ, છડ્ડીસુ, (કર્મણિ) ભણિજ્જીસુ, (અંગસાધક 'એસ') રૂસેસુ, (અંગસાધક 'અસ') કુલિસુ.

૩ જો પુ. એકવ. 'ઇ' (અંગસાધક એસ): સહેસઇ (અંગસાધક 'અસ') ગુણ્ણુમીભસઇ (અંગસાધક 'સ') હોસઇ (સંયોજક 'ઇ') એસીઇ (અંગસાધક 'અ', સંયોજક 'ઇ') ગમિહી (અંગસાધક 'હ' સંયોજક ઇ) હોહિઇ.

બીજા રૂપોનાં ઉદાહરણો નથી. એસી < 'એસિઇ' 'ગમિહી' < 'ગમિહિઇ' એમાં 'ઇઅઇ' ='ઈ' એવી સંધિ છે.

હેમચંદ્ર 'કીસુ' ને કર્મણિ વર્તમાનનું રૂપ ગણે છે (સૂ. ૩૮૯) પણ કર્મણિ અંગ 'કિ' ('ક્રિયતે' માં છે તે) + ભવિષ્ય અંગસાધક ઇસ + પહેલી પુ. એક. વ. નો પ્રત્યય 'ઉં' એમ સ્પષ્ટ પૃથક્કરણ કરી શકાય છે.

હેમચંદ્રને અનુસરીને 'સહેસઇ' (૪૨૨,૨૩) ત્રીજા પુરુષનું ગણ્યું છે. જે વ્યાકરણમાં તે આવે છે ત્યાં બીજા પુરુષના રૂપ તરીકે પણ અર્થ બેસે છે. અને તે હોસઇં (૪૧૮.૪) માં 'હિ' પ્રત્યયનું ઉચ્ચારણ સ્વરૂપ 'ઇં' છે તેમ અહીં પણ બીજા પુ. એ. વ. ના 'હિ' પ્રત્યયનું ઉચ્ચારણ 'ઇ' સ્વરૂપ છે એમ ગણી શકાય.

આજ્ઞાર્થ વર્તમાન

સ્વરથી શરૂ થતા પ્રત્યયો સીધા જ અંગને લાગે છે. વ્યંજનથી શરૂ થતા પ્રત્યયો અને વ્યંજનાન્ત અંગ વચ્ચે સંયોજક 'અ' હોય છે.

	પ્રત્યય	રૂપ
૨ પુ. એકવ.	ઇ	અચ્છિ ચરિ, જપિ, રોઇ કુણિ, મેલ્લિ સમ્ભુણિ, રોઇ સંધિ, સુમરિ
	એ	કરે
	ઉ	કરુ ગજ્જુ દેક્ખુ, પેક્ખુ, મિલ્લુ
	અ	પિઅ ચલુ
	હિ	આણહિ, કરહિ, ભણહિ ધરહિ, સુમરહિ, ચાહિ
૨ જે પુ. બહુવ.	હુ	કરહુ, નમહુ, પિઅહુ, ભમહુ, દેહુ
	હ	પયાસહ, પુચ્છહ સુણહ
૩ જે પુ. એકવ.	ઉ	અચ્છઉ ભિજ્જઉ (કર્મણિ) સમપ્પઉ, જાઉ હોઉ
૩ જે પુ. બહુવ.	ન્તુ (અનુસ્વાર + તુ)	પીંતુ

આમાં 'અ' (બીજો પુ. એ. વ.), જે (બીજો પુ. એ. વ.) ઃ (બીજો પુ. બ. વ.) પ્રત્યયવાળાં રૂપ પ્રાકૃતમાંથી ઊતરેલાં છે 'જો' પ્રત્યય 'જ'ની પૂર્ણ ભૂમિકા છે

'કરિ' જેવાં ઉપરથી 'કર' એ કરજે ઉપરથી કરી અને કરીં (બીજો પુ. બ. વ.) જેવાં ઉપરથી કરી ('ભગવાન તમારું ભલું કરી' જેવા પ્રયોગોમાં) : એમ અર્વાચીન રૂપ થયાં છે

('જ' 'જો'—સંસ્કૃત વિધ્યર્થ પરસ્મૈ. બીજા પુ. એક વચનના 'એઃ' પ્રત્યયમાંથી. 'જ' < 'ય' 'જો' ઃ વર્તમાનના 'ઉ' < 'ઇ')

આજ્ઞાર્થ ભવિષ્ય

બીજો પુ. એક વ. જે (અંગસાધક 'ઇજ્') કરિજ્જે

" બહુવ. જો (અંગસાધક 'એજ્જ્') કરિજ્જહુ

આ ઉપરાંત 'જ' પ્રત્યયવાળાં પ્રાકૃત રૂપ પુરુષ ને વચનથી નિરપેક્ષ રીતે વપરાતાં. ઉદાહરણોમાં ('એજ્જ્' અંગસાધકવાળાં) કરેજ્જ કરિજ્જ (બીજો પુ. એક વ.) અને ('ઇજ્જ્' અંગસાધકવાળું) કરેજ્જ (બીજો પુ. એક. વ.) આવાં રૂપ છે કરેજ્જા (પહેલો પુ. એ. વ.) એ સંસ્કૃત કરેયં જેમ (વિધ્યર્થ પહેલો પુ. એ. વ.)નું જ રૂપાંતર છે

કરિજ્જે (કે કરજે) રાખિજ્જહુ (કે રાખિજ્જહુ) એવાં રૂપો ઉપરથી અર્વાચીન 'કરજે' 'રાખજો' એવાં રૂપો થયાં છે

કૃદંતો

વર્તમાન, કર્મણિ ભૂત, વિધ્યર્થ ને સંબંધક ભૂત (હેત્વર્થ) એમ ચાર કૃદંત છે

વર્તમાન કૃદંત. પ્રત્યય ન્ત (અનુસ્વાર+ત). વ્યંજનાંત ધાતુ પછી વાપરો હોય ત્યાં વચ્ચે સંયોજક 'અ' હોય છે કેટલીક વાર સ્વાર્થિક 'અ'થી વિસ્તારિત બની ન્તય (સંકુચિત ન્તા') રૂપે પણ તે વપરાયો છે સ્ત્રીલિંગમાં એ ન્ત અને ન્તિ ને વિસ્તારિત ન્તિઅ છે અંત્ય ક્રમિક અનુસ્વાર રહે અનુનાસિક થયો છે અર્વાચીન વર્તમાન કૃદંતમાં નાસિક્યતા લુપ્ત થઈ માત્ર 'ત' પ્રત્યય રહ્યો છે (કરત્, કરતો, કરતી, કરતું')

ઉદાહરણ – પુંલ્લિંગ હસંત, નિરખંત, બોલંત, મેલ્હત, હસંત, ચલત, જોત, દેત, બોલિઅન્તઉ, દેખિઅન્તઉ પુછિઅન્તઉ, નાચંતઉ, રમતઉ, જાતઉ, દીતઉ, ચિંતતા, નમતા.

(સ્ત્રીલિંગ) કરંત, નિરખત વખૂતિ, હિંડિ, મેલ્હતિ, જોગંતિ, ઉદ્ઘાટતિ, બોલતિ

કર્મણિ ભૂત કૃદંત પ્રત્યય 'ઇઅ' (ક્વચિત્ 'ઇદ') કેટલીક વાર સ્વાર્થિક 'અ'થી વિસ્તારિત બની 'ઇઅય' (કે 'ઇઆ') રૂપે પણ તે વપરાયો છે. વધુ કિસ્સામાં સરખે રૂપે પ્રત્યય છે. પ્રત્યયસાધિત પ્રકાર ઉપરાંત કર્મણિ ભૂત કૃદંતનો બીજો પ્રકાર તે સિદ્ધ પ્રકાર—જેમાં સીધું સંસ્કૃત કર્મણિ ભૂત કૃદંતનું ધ્વનિપરિવર્તિત રૂપ હોય છે. એમાં અંગ ને પ્રત્યય જુદા નથી પડતાં. આમાં પણ કેટલીક વાર સ્વાર્થિક 'અ' દ્વારા વિસ્તાર થયેલો છે. સ્ત્રીલિંગ ક્વચિત્ 'ઉં' (કે 'ઇ') 'ઇઅં' પ્રત્યયથી.

ઉદાહરણ—(પ્રત્યયસાધિત પ્રકાર) 'ચલિઅ' અને તે જ પ્રમાણે ઉચ્ચાર, ચિંત્, દ, વેઢ, તોલ, નિજ્જિ, પઢ, પી, ભાવ, લજ્જ, મિલ, મુણ, લિહ, સંપડ, સંપેસ, સંવલ—એ અંગો ઉપરથી, 'ચલિઅય' અને તે જ પ્રમાણે ઉટ્ઠ, ચડ, નિવડ, પયડ, પીલ, વાટ એ અંગો ઉપરથી, 'ચરિઆ' અને તે જ પ્રમાણે 'ચિંતિઆ' 'ભરિઆ' ('ઇઆ' પ્રત્યય વાળાં) કહિદ વિણ્ણિમ્મવિદ લિહિદ

(સિદ્ધ પ્રકાર): ગય, લય, નિમ્મય, મુક્ક મુક્ક કુદ, નિવ્વ બદ્ધ, દિટ્ઠ, પઢ્ઢ, પમ્મુક્ક, દટ્ઠ, ઉમ્માહ, વિઅટ્ઠ વિસટ્ટ, પત્ત, સમત્ત તિત, કિમય મુક્ક, દિન્નય, પઉટ્ઠય, પલુટ્ઠય, વઇટ્ઠય, વિસુટ્ઠય, ગુત્તય, વિત્તય, ગુત્તય ગુત્ત, મુત્ત, કુવ્વ હુત્ત, વગ્ગ, ઠાઇ, પઠ્ઠાઇ, દ્ઠા દિસ્સા ઉત્તા અગ્ગ, ગય દિ.

(સ્ત્રીલિંગ) પઉટ્ઠિ, દિટ્ઠિ, રુટ્ઠિ દિસ્સી, કુટી ગઇઅ મુક્ક રત્તિઅ.

વિધ્યર્થ કૃદંત પ્રત્યય 'એવ્વય' 'એવા' કે 'એવ' કેટલીક રૂપોમાં સંયોજક સ્વર 'ઇ' છે કેટલાકમાં સંયોજક સ્વર નથી.

ઉદાહરણ સહેવ્વય, કરિએવ્વય, મરિએવ્વય, જએવા, સોએવા, દેવ

દેઅવ્વ દેવ ને દેતવ્ય કૃદંતનું રૂપ ગણ્યું છે પણ એ વિધ્યર્થ કૃદંત લાગે છે

સંબંધક ભૂત કૃદંત પ્રત્યય 'વિ' 'પ્પિ' 'વિણુ' 'પ્પિણુ' 'ઇ' 'ઇઅ' આમાંથી શરૂ થતા પ્રત્યયો પૂર્વે સંયોજક સ્વર 'ઇ' એ કે અ

(ઓપસગ ધાતુને સંસ્કૃતમાં લાગતા સંબંધક ભૂતકૃદંતના ય પ્રત્યયમાંથી ઇ ને વિકલ્પ દ્વારા ઇઅ તથા વૈદિક પ્રત્યયો ત્વી ને ત્વીનમ્ માંથી બાકીના ઊતરી આવ્યા છે).

ઉદાહરણ : 'વિ —મુણિવિ, દેખિવિ, છુટ્ટિવિ, લગ્ગિવિ, લાઇવિ, લાઇવિ,
કરેવિ, પાલેવિ પિએવિ, લેવિ, છિંદિવિ, ભેદવિ, ભેદવિ
વિઓઅવિ.

'પિ'—ગમેપિ, ભિન્દેપિ, ચપિ, લેપિ.

'વિણુ'—ભુંજેવિણુ, ચએવિણુ, પાલેવિણુ, લેવિણુ.

'પ્પિણુ'—કરેપ્પિણુ, ગમેપ્પિણુ, મુએપ્પિણુ, ભણેપ્પિણુ, મેલ્લે-પ્પિણુ, ચપ્પિણુ, દેપ્પિણુ, લેપ્પિણુ.

'ઇ'—કરિ, જોઇ આદિ.

આ ઉપરાંત 'ઇઉ' પ્રત્યય પણ છે અને હેમચંદ્રે તે નોંધ્યો છે. પણ તેના ઉદાહરણ તરીકે ટાંકેલું રૂપ જુદી રીતે ઘટાવી શકાય તેમ છે (જુઓ ૪૫૫/૫ પરનું ટિપ્પણ). પણ અન્યત્ર 'ઇઉ'વાળાં સંબંધક ભૂતકૃદંતના રૂપો મળે છે. 'ઇ'વાળાં રૂપોમાંથી અર્વાચીન હિન્દીના રૂપ ('કર કે', 'બોલ કર'), અને 'ઇઉ'વાળાં રૂપોમાંથી અર્વાચીન ગુજરાતીના રૂપ ('કરી' 'બોલી ને') ઉતરી આવ્યા છે.

વૈકલ્પિક 'ચપિ' 'ચપ્પિણુ'માં આગમાદિ પ્રત્યય જેવાં સંયોજક સ્વર નથી.

'ભણેપ્પિણુ' 'પાલેવિ'ને 'પાલિવુ'ને હેમચંદ્રે હેત્વર્થનાં રૂપ ગણ્યાં છે (જુઓ સૂ. ૪૪૧ પરની વૃત્તિ તથા બીજું ઉદાહરણ), પણ એ રૂપોને સં. ભૂ. કૃ. નાં રૂપોથી જુદાં ગણવાની જરૂર નથી. અર્વાચીન ગુજ.ની જેમ અપભ્રંશમાં પણ ક્રિયા સાથે સં. ભૂ. કૃ.નું રૂપ પ્રયોજવું એમ ગણવું જ સુગમ છે. પણ અન્યત્ર 'ઇ' 'પિ' 'વિણુ' ને 'પ્પિણુ' પ્રત્યયો હેત્વર્થ કૃદંત માટે વપરાયેલા મળે છે.

આ ઉપરાંત હેમચંદ્રે 'એવ' 'અણ' 'અણહં' ને 'અણહિં' એ પ્રત્યયો પણ હેત્વર્થના આપ્યા છે (સૂ. ૪૪૧ અને વૃત્તિ). પણ 'એવ', મૂળે વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય છે અને બાકીના ક્રિયાવાચક 'અણ' પ્રત્યય (કરણ વગેરેમાં છે તે) તથા તેનાં વિભક્તિ રૂપો છે અને હેત્વર્થ કૃદંત તરીકે પણ વપરાય છે. 'અણ' વાળાં રૂપો ઉપરથી મારવાડીનું 'કરણૂં' હિન્દી 'કરના' મરાઠી 'કરણે' વગેરે પ્રકારનાં સામાન્ય કૃદંત આવ્યાં છે.

૭. શબ્દસિદ્ધિ

આ વિભાગ નીચે મુખ્યત્વે નામિક અંગ સાધતા કૃત્ ને તદ્ધિત પ્રત્યયો તારવ્યા છે.

કૃત્-પ્રત્યયો

આખ્યાતિક અંગને કૃત્-પ્રત્યય લાગીને નામ કે વિશેષણ બને છે. આવા કૃત્ પ્રત્યયો પરપ્રત્યયો છે અને તે નીચે પ્રમાણે છે

અ. આ પ્રત્યય ક્રિયાવાચક નામ સાધે છે. સ્ત્રીલિંગમાં 'અ'ને બદલે 'આ' ('ઈ') પણ હોય છે.

ઉદાહરણો (પું ન.) કુડ, જૂર, વચ, ચિંકખ.

(સ્ત્રી.) ઉડ્ડ, ઘત્ત, ધર, 'અસ્સિ, મજ્જીસણી, સુહચ્છી (સુહચ્છિઅ).

છેલ્લાં બે ઉદાહરણમાં સ્વાર્થિક 'ક ને 'અ' પ્રત્યય પણ છે.

ઇર તાચ્છીલ્યવાચક: જંપિર, ભમિર.

ઉઅ. કર્તૃવાચક: પલાસુઅ.

ણ. અંગ અને પ્રત્યય વચ્ચે સંયોજક 'અ' હોય છે.

ક્રિયાવાચક: 'અબ્બાલણ, અલ્લમણ, અસણ, ગમણ, આસવણ, ઓચ્છણ, કરણ, ચિંતણ નિવડણ, પરિહણ, સુમરણ, ભણણ.

કર્તૃવાચક: 'અબ્ભુદ્ધરણ મગ્ગણ

તાચ્છીલ્યવાચક (સ્વાર્થિક 'અ સાથે) કુદ્દણય, બોલ્લણય, ભસણય, મારણય, રૂસણય.

તદ્ધિત પ્રત્યયો

પરપ્રત્યયો:

(ક) વિશેષણ-સાધક: (૧) નામ ઉપરથી વિશેષણ—(સ્વામિત્વ વાચક) આલ: પલાલ; ઇક્ક: બપ્પીકી (સ્ત્રી.); (મત્વર્થીય) આલ: સુઅલ; મા વણ્ણમા.

(૨) વિશેષણ ઉપરથી વિશેષણ—(અભિનત્વવાચક) 'યર': તુચ્છયર.

(૩) સર્વનામ ઉપરથી વિશેષણ—સ્વામિત્વવાચક 'આર' (સ્વાર્થિક 'અ' સાથે): મહારય, તુહારય, અમ્હારય, તુમ્હારય. (સાદૃશ્યવાચક) હ (ઓકારો કે સ્વાર્થિક 'અ' સાથે): જેહય, તેહ, કેહય; ઇસ ને અઇસ, જઇસ, તઇસ, કઇસ; (પરિમાણવાચક): એત્તુલ, કેત્તુલ, જેત્તુલ, તેત્તુલ (પ્રમાણવાચક) એવડ, જેવડ, તેવડ, કેવડ.

(ખ) નામ-સાધક: વિશેષણ કે નામ ઉપરથી ભાવવાચક નામ—'ઇમ' અહીલિમ, વડિમ, સરિસિમ, સુઅણિમ; 'ત્તણ (વિકલ્પે 'અ'થી

વિસ્તારિત): ઉદરવણ, દુઃખવણ; વહુવણ; બિરવણ, વહુવણ
ચટવણ, વિંઝવણ, ઘવણ—વહુઅણ.

પુંલિંગ ઉપરથી સ્ત્રીલિંગ નામ—ઈ (સ્વાર્થિક પ્રત્યય 'અ'ની વિસ્તારિત 'ઇઅ કે ઈ') વિશેષણને (આપણપણી ગોરી કુમારી, વાંઝણી વહી, સસરણી), કૃદંતને (લિપણી, સહી, ગઇઅ, મુઇઅ, એમણિ, નવણિ, ભુલ્લવિઅ), પ્રત્યયને ('ઇઅ' 'ઇર') લાગ્યો છે.

(ગ) ક્રિયાવિશેષણ-સાધક: સર્વનામ ઉપરથી ક્રિયાવિશેષણ—(રીતિવાચક) 'મ' (કે 'વ') એમ (એવ), ઇમ, એવ, જિવં, તેવ, તિવ, કેમ (કેવ) કિંવ ક જિવ, તિવ, કિવ; 'ધ': જિમ તિધ; (સ્થાનવાચક) 'ત્થ': એત્થુ એતુ તેત્થુ, કેત્થુ જુ; જત્થુ, તત્થુ; (મર્યાદાવાચક) 'મ': જામ, તામ; 'હું': જહિં, તહિં; 'મહિં' જામહિં, તામહિં.

(ઘ) સ્વાર્થિક: 'અ' (સ્ત્રી. 'ઇઅ') ઘણો જ વપરાય છે. નીચેનાં અંગોને લાગ્યો છે:

વિશેષણ—અગ્ગલ, અપૂર, ઉજ્જુ ઉડ્ડ, ઘણ, દુહ વિણ-ઠુ વહિલ, અપ્પણ, ઇત્ત, એક એક, તેક, તેવડ, મહાર, કેર, તણ
કૃદંત-પ્રત્યય: વર્તમાનનો 'ન્ત ભૂતકૃદંતનો 'ઇઅ' વિધ્યર્થકૃદંતનો 'એવ્વ તદ્ધિતપ્રત્યય 'ત્ત

સર્વનામ—અપ્પ, એકમેક.

નામ—અયલ, અભિરુહ, અધાર, કરવત, કુડીર, કુંડલ, દલક, કલક, પગલ, લક, મહ, કુલ, વેસિઅ.

પ્રત્યય—'ક, 'ત્તણ

સ્ત્રીલિંગ—અંધયારિઅ, કરિઅ, ગોરિઅ, સુપ્પણિઅ, સુડમાલિઅ, વહિઅ, (ભૂતકૃદંત) ગઇઅ, મુઇઅ; વર્તમાન કૃદંતનો 'ન્તિઅ પ્રત્યય.

'ઇઅ': અલઉલિઅ.

'ઉલ': અહિલુઅ (સ્ત્રી.)

'ઉડ' ('અ'ની વિસ્તારિત): અપ્પુડ, વડુઅ.

'ડી' ('અ'ની વિસ્તારિત): કુંડી (સ્ત્રી.), ઘુડક્ક, અહુડઅ'માં + ડ + 'અ એ લાગે છે.

'ક સ્વાર્થિક 'અ' ની સાથે જોડાઈને આ પ્રત્યય ઘણુંખરું 'ઇમ' (કે 'ય') રૂપે મળે છે. સ્ત્રીલિંગ 'ઇ ઇમા' (પ્રાકૃત 'ઇમા') કે 'ઈ' નીચેના અંગોને તે લાગેલો છે: કલ, ગોઠ, ડિમ્ભ દૂમ, દેસ, નેહ પચ્છાવ, પારક, મજ્ઝિમ, મારિમ, મિત્ત, મોક્કલ, રસ, રૂપ, સદેસ, હત્થ, હિમ, કુમ્ભર; (સ્ત્રીલિંગ) અમ્મ, અન્ન, ગોર, ધૂલિ, નિદ પરિહાસ, બુદ્ધિ ભત્તિ, મઝ્ઝીસ, મુદ્ધ, રત્તિ, વત્ત, સુહપિંછ આમાં 'મજ્ઝિમઅ'માં 'અઅ' પ્રત્યય છે 'બહુલઅ'માં 'ઉલઅ'

પૂર્વપ્રત્યયો :

અ. નકારાત્મક : અગલિઅ, અચિંતિઅ, અડોલિઅ, અપ્પિઅ, અણહુતિઅ.

સ. સહાયક : સકણ્ણ, સરોસ, સલજ્જ સસણેહી.

સુ પ્રશસ્તવાચક: સુજણ, સુપુરિસ, સુમિચ્ચ, સુવસ

લિંગપરિવર્તન

વસ્તવોનું મૂળ સસ્કૃતમાં હતું તે લિંગ પ્રાકૃતમાં અને વિશેષે અપભ્રંશમાં બદલાતું રહ્યું છે અન્ત્ય સ્વરનું સાદૃશ્ય કે પર્યાયનો પ્રભાવ આમાં પ્રધાનપણે કારણભૂત હોય છે ૪૪૫મા સૂત્રમાં હેમચન્દ્રે લિંગપરિવર્તનની નોંધ લીધી છે. ત્યાં પુંલિંગનું નપુ ('કુમ્ભઇં') નપુંનું પુંલિંગ ('અબ્ભા લગ્ગા'), નપુંનું સ્ત્રીલિંગ ('અન્ત્રડી') અને સ્ત્રીલિંગનું નપુ ('ડાલઇં') એ ઉદાહરણો આપેલા છે. 'તેવડ્ડઉં'(૩૭૧) ખલાઇં (૩૩૪)માં પુંલિંગને બદલે નપુંસકલિંગ, 'સોમ્મેવ,' જમ્મેવ, 'વારિઆ (૪૩૮-૩)મા, તેમ જ કલ, 'લિક્ખિઆ' (૩૩૫), નયણ (૪૨૨ ૬), 'વણ' (૩૬૪) વગેરેમાં નપુ ને બદલે પુંલિંગ રૂપ છે 'બુદ્ધિ' (૪૩૨) અન્ત્ય સ્વરને કારણે સ્ત્રીલિંગ બન્યું છે. હિન્દીમાં પુંલિંગ—નપુંસકલિંગનો ભેદ લુપ્ત થયો છે અને હિન્દી તેમ જ ગુજરાતી અનેક વસ્તવોના લિંગ મૂળ સસ્કૃતથી જુદાં છે તે આ વલણનું જ પરિણામ. પછીથી સ્ત્રીલિંગ લઘુતાના ભાવનું વાચક બની ગયું છે. તેની શરૂઆત 'અન્ત્રડી' (આંતરડું) જેવામાં જોઈ શકાય છે.

૪ નામિક રૂપતંત્ર

પહેલા ને બીજા પુરુષ સર્વનામોને બાદ કરતાં બાકીના સર્વનામોનાં રૂપાખ્યાન પણ કેટલાક અપવાદે સજ્ઞાના રૂપાખ્યાન જેવા જ છે. એટલે સજ્ઞા, વિશેષણ ને સર્વનામ સૌનાં રૂપાખ્યાનનું આ વિભાગમાં જ નિરૂપણ કર્યું છે.

અકારાન્ત પુંલિંગ

૧/૨. ૧ 'ઉ' પ્રત્યય અહરુ (અહર) ઘાઉ (ઘાઅ-), નિચ્ચઉં (નિચ્ચઅ-), પડિબિંબઉં (પડિબિંબઅ-); તે જ પ્રમાણે ખગ્ગુ, પિઆરુ લોઅ મિલિઅ, પત્ત, કમલ, દમ્મુ, સાયર. જુવ્વણ, જલ, ઘણ, સૂર, ધણ, કવ વગેરે ઉપરથી.

'અ' પ્રત્યય : અગ્ગહત્થ, કુસુમ, અઙ્ગઅ, જુવ્વઅ, લોઅ, કહુ, પીઅ, દેસઅ, નેહઅ, પચ્ચક્ખઅ, મણુઅ, અમ્હ, મણ, મહુઅ, અસિઅ, વાહ, અરિઅ, વેઅલ, સામલ, સીઅલ, કુમ્મ

૧/૨. ૨ અપ્રત્યય : ખગ્ગ, પત્ત, સુયણ, કર, સિહર, ખગ્ગ, દેસ, પુટ્ઠ સમ, ઘર, મણોરહ, લોઅ.

'આ પ્રત્યય : જણા, અપ્પણા, ઓહુઅ, વણ, લોઅ, અરિઅ, તથા કિઅઅ, હિઅઅ, ખિદ્ધ, બિઅ, નિસિઅ, પરિઅ, મુઅ, વણ, રણ, સત્ત, સિદ્ધત્થ.

૩/૧. 'એં' પ્રત્યય : અવઇં, અડઇં, ભુમઇં, કન્તેં, કમેં, તે, દઇં, દઇં, પમ્હેં, વચ્છેં, હત્થેં, દેસઇં, પિએં, સરેં, કુમરઇં,

'ણ' પ્રત્યય નિચ્ચણ (૩૫૮.૧).

'એણ' ('એણ' 'ણ') પ્રત્યય : અગ્ગેણ (અગ્ગ-); તે જ પ્રમાણે કમલ, જલ, નહ, સરસ, કુસુમ, મોહણ, વાસ, ઘણ, સિર : એ અંગો ઉપરથી.

મિઉણ, દઇઅણ, પાણિઅ, અસિઅ, વસિઅ, સરિઅ

'ઇ' પ્રત્યય : ઘરિ (૩૮૯.૨), કમલિ (૩૯૫.૧), અલિ 'અસિઅ' (૩૮૩.૧).

૩/૨. 'અહિં' ('હિં' 'એહિં') પ્રત્યય ઘણહિં અસરહિં લાભહિં લોઅણહિં, સમહિં સરસહિં; અસિહિં સરિહિં કરિહિં; કરહિં કમલહિં કુટહિં નમહિં નવહિં સરહિં મુણહિં 'હિં' પ્રત્યય અગ્ગહિં કરહિં દેસહિં સુઅહિં

૫/૧. 'હે' પ્રત્યય : 'અપ્પહે'; હુ પ્રત્યય 'અપ્પહુ' 'અપ્પહુ

૫/૨ હું પ્રત્યય સુઅહું સિરહું.

૪-૬/૧. 'હો' પ્રત્યય અપ્પહો, અમ્હહો, કવિઅહો, તહો, દુજ્જણહો, લોઅહો, સામિઅહો, દેસહો.

'સ્યુ પ્રત્યય : કતરસ્યુ ('કત' પરથી); અને તે જ પ્રમાણે ખય, જ્યુ, જય, તત, પર, પિંગ, મુઆણુ : એ અંગો ઉપરથી.

અપ્રત્યય : પિંગ (૩૩૨. ૨).

૪-૬/૨ 'ઉં પ્રત્યય : તણુઉં ('તણુ' ઉપરથી); અને તે જ પ્રમાણે ભાત, ઘત્તાકુસ, ધણુ, મત્ત, મયગલ, માણુસ, લોઅણુ, સમત્ત, સોકખ એ અંગો ઉપરથી.

'આઉં' પ્રત્યય : ચિંતતાઉં, નચ્ચતાઉં, નિવડ્ડાઉં, મુઆઉં, સઉણુઉં

અપ્રત્યય : અમ (?) (૩૪૫).

૭/૧ 'ઇ' પ્રત્યય : ઉપ્પજ્જિ, કરિ, 'ખણિ, જુગિ, તણિ, નિવડિ, 'પરિઆરિ, પાઇ નડિ, રહુવરિ, વણિ, વિઓઇ, વિપ્પિ, હિઅઇ; અધારઇ, કમ્મવહુઇ, કુડીરઇ, તેહઇ ઘિટ્ટઇ પપ્પહઇ, નિવડિઅઇ, સલ્લુઇ

'એં (એ) પ્રત્યય અપ્પિએં, તહેં, ત્સહેં, પિએં, ઘિઠેં; ઘિટ્ટ (૩૪૬), ફુરે (૩૪૯ ૧), બુન્વે (૪૨૧ ૨) મચ્ચે (૪ ૬ ૩), 'હિં' પ્રત્યય : ઘરહિં (૪૨૨.૧૫), દેસહિં (૩૮૬ ૧), અઆહિં, એઅહિં કમ્મહિં કહિં જહિં તહિં

૭૨. 'એહિં (ઇહિં એહિં) પ્રત્યય મગ્ગેહિં, ડુગરેહિં, અગ્ગિહિં, ગયકેહિં

૮/૧ અપ્રત્યય : ખલ, મેહ, પિંગ, ભમર, સારસ.

'આ પ્રત્યય : લેહા, પક્ખિઆ, મિત્તડા, હિઅડા, હિઆ.

૮/૨ 'હો પ્રત્યય તરુઅહો, લોઅહો.

અકારાન્ત નપુંસકલિંગ

પ્રથમા દ્વિતીયા સિવાય પુંલિંગથી જુદા પ્રત્યયો નથી. પ્ર. દ્વિ એક. વ. માં પણ સાદુ અંગ હોય ત્યા પુંલિંગમાં છે તે જ પ્રત્યયો છે. પણ સ્વાર્થિક 'અ પ્રત્યયવાળુ અંગ હોય ત્યારે વિકલ્પે 'ઉં' પ્રત્યય લાગ્યો છે. બહુવચનમાં પણ પુંલિંગની જેમ બધા રૂપ ઉપરાંત 'ઇં' પ્રત્યયવાળા રૂપ પણ છે. 'ઇ'ના પૂર્વવર્તી 'અ નો વિકલ્પે 'આ થાય છે.

૧/૨ એકવચન : 'અમ્મહઉં અને એ પ્રમાણે નીચેનાં અંગોમાંથી અંગણુ, ઉગ્ગણુ, એકમેકમ, એદવ, કિમવ, કુંડવ, ઉચ્ચ, તણુવ, તુચ્છત્વ, તેત્તુલ, વિરત્તણુવ, હિવ, પસરિઅવ, બોહિઅવ, ભગ્ગવ, વહુડવ, વિહત્તવ, ઘુત્તવ, પિઅવ, પિઅઅ—

'પાલિઆ' જેવા 'ગોમેવ' પુલ્લિંગ પ્રમાણે છે. 'સવલિઓ' પ્રાકૃત રૂપ છે

૧/૨. બહુવચન: કમલઁ અને એ જ પ્રમાણે નીચેનાં અંગો-માંથી: અક્ષિ-ઉલ, કુલ, બલ, કમર, નિમ્બિલ, પલ, ફલ, મધુરિઅ, લોઅણ, સદ

કહાઁ અને એ જ પ્રમાણે નીચેનાં અંગોમાંથી: ખલ, જલ, ચક્ખુ, ણહ, વલ્લુ, વિજ્જુ, સલ, હરિણ.

'ફલ' નામ વગેરે તથા 'લિલિઆ', 'વધૂ' વગેરે પુલ્લિંગની જેમ.

ઇકારાન્ત/ઉકારાન્ત પુલ્લિંગ નામો

૧/૨ ૧. અને ૨. આવલય: સામિ, કેસરિ, મુણિ, કઉ

૩/૧ 'ઍં' પ્રત્યય: અગ્નિએઁ; 'ણ' પ્રત્યય: અગ્ગિણ; અનુસ્વાર: અગ્નિં.

સર્વે (જુઓ ૨) આ પ્રત્યય પહેલાં અંગનો અંત્ય સ્વર લુપ્ત થયો છે

૩. ૨. હિં પ્રત્યય: ગિરિહિં

૫. ૧. હે પ્રત્યય: ગિરિહે તરુહે

૫. ૨. હું પ્રત્યય: સામિહું, તરુહું.

૪/૬ ૨ હ પ્રત્યય તરુહું સઉણિહું

૭. ૧ હિ પ્રત્યય કલિહિ.

૭. ૨ હિં પ્રત્યય ગિરિહિં; હુ પ્રત્યય કઉહુ.

સ્ત્રીલિંગ

૧/૨. ૧. આવલય: ધણ, વેલ, મુદ્ધ, સિહ, અક્ખિ, ચિત્તિ, ચક્કિ, બિપકી, વહી.

૧/૨. ૨. આવલય: ઉકારાન્ત પ્રયોગ આવ્યું નથી. અન્યત્ર મળે છે.

'ઉ' (કે 'ઓ') પ્રત્યય—વજ્જવરિઆઉ, વજ્જવરિઆઓ, અણુલિઉ, કુણિઉ, સહઉ, વિલાસિણીઓ 'અલિઅઉ' માં પૂર્વવર્તી 'અ' લુપ્ત થયો છે.

૩/૧. 'એ' પ્રત્યય—પઢિમએ, લાઉલિઅએ, નિદ્દએ, કલિએ

૩/૨. હિં પ્રત્યય— લિલિહિં સરિહિં

૫/૧ 'હે' પ્રત્યય—આઇહેં

૫/૨. 'હુ' પ્રત્યય—વયસિઅહુ

૪/૬ ૧ 'હે' પ્રત્યય—અસઇતિઅહેં, જપિરહેં, તહેં વિરહેં, પયુહેં, મજ્ઝહેં, નિવાસહેં, મુદ્ધહેં, કાસહેં, એઆવિહેં મેલ્લાવિહેં, રોમાવલિહેં, કસુહેં

'અનુરિઅં' (૩૩૩) પ્રાકૃત છે

૪/૬ ૨. 'હુ' પ્રત્યય: વયસિઅહુ; હં પ્રત્યય: માયહં

૭/૧. 'હિં' પ્રત્યય: એઅહિં ઉચ્ચેવિહિં સિહિહિં વારાયુસિહિં સહહિં, રુપિહિં 'હિ' પ્રત્યય મહિહિ

૭/૨. 'હિં' પ્રત્યય: સિસિહિં

૮/૧ અપ્રત્યય રૂપ વહિ પુત્તિ, બહિણિ, સહિ, ગોરિ, એ પ્રત્યય અભિઅએ, બહિણુએ, બિટ્ટીએ 'ઇ' પ્રત્યય અભિમ, મુદ્ધિ

૮/૨. 'હિં' પ્રત્યય તરુવિહિં

સંબોધન એકવચનનો 'એ' બિટ્ટીએ મા છન્દાનુસાર દીર્ઘ કર્યો છે

પહેલો ને બીજો પુરુષ સર્વનામ

	એકવચન		બહુવચન	
	પહેલો પુરુષ	બીજો પુરુષ	પહેલો	બીજો પુરુષ
૧.	હઉં	તુહું	અમ્હે, અમ્હઇં	તુમ્હે, તુમ્હઇં
૨.	મઇં	તઇં, પઇં	" "	" "
૩.	"	" "	અમ્હેહિં	તુમ્હેહિં "
૪/૫/૬	મહુ, મજ્ઝુ	તઉ, તુજ્ઝ, તુધ્ર	અમ્હહં	તુમ્હહં
૭.	મઇં	તઇ, પઇ	અમ્હાસુ	તુમ્હાસુ

છન્દને કારણે 'અમ્હઇં' નું અમ્હઇ થયું છે.

અન્ય વિશિષ્ટ સાર્વનામિક રૂપો.

	પ્રત્યય	અંગ	રૂપ
પ્રથમા, દ્વિતીયા એકવ.		જ; ત (નપું).	જું; તં.
" બહુવ.	એ (અ, ઇ).	જ, તે, જો	જે, તે, તિ; એઇ ઓઇ
પંચમી એકવ.	હાં	જ ત, ક	જહાં, તહાં, કહાં
સપ્તમી	હિં	જ ત, ક, આય, એક	જહિં તહિં કહિં આયહિં એકહિં

'એ' નું. પુ ૧/૨ એક.વ. માં 'એહો', નપુ ૧/૨ એક.વ.માં 'એહુ' અને પછી એક.વ.માં 'આ અગત્સ્વરાન્ત અમુ' 'તામુ' 'ક્રમુ' એવાં રૂપ થાય છે. ઉપરાંત પ્રાકૃત સમયથી પ્રચલિત રૂપો પણ વપરાય છે. સીમિત ભાગો આદ્યંત કે આશ્રયંત હોય છે—'જ' 'ધ' 'ત' વગેરે.

અનુગો

વિભક્તિપ્રત્યયોથી દર્શાવાતા અર્થસંબંધોને વિશે ભારવિશેષ આપવા તે જુદો જ અર્થસંબંધ દર્શાવવા સંસ્કૃતમાં અમુક રૂપો ખાસ વપરાતાં. એવાં રૂપોનો વપરાશ મધ્યમ ભારતીય આર્યમાં વધતો ગયો. અર્થદૃષ્ટિએ તેવા શબ્દો મૂળથી દૂર ખસતા ગયા, અને વ્યક્તિની દૃષ્ટિએ બીજા શબ્દોને પાછે ચોંટુ બનતા ગયા. ધીમે ધીમે વિભક્તિપ્રત્યયોનું કાર્ય ને સ્થાન આ અનુગો લેતા થયા. ભિન્નભિન્ન વિભક્તિઓના અલગ અલગ પ્રત્યયો ધ્વનિપરિવર્તનને પરિણામે એકરૂપ બનતાં જ્યારે અર્થસૂચનામાં ક્ષતિ લાગ્યો, ત્યારે અનુગો દ્વારા તેમાંથી રસ્તો કાઢતાં તેમનો વપરાશ વધતો ગયો. પ્રાકૃત કરતાં અપભ્રંશમાં નવનવા અનુગો મળતા બન્યા. હેમચંદ્રનાં ઉદાહરણોમાં તે બને રીતે વપરાયા છે: નામિક અંગ સાથે સમસ્ત રૂપે, તેમ જ વિભક્તિપ્રત્યયને યોગે. તેમની યાદી નીચે પ્રમાણે:

'સાથે' અર્થમાં સમાણુ (સં. સમાન- સં. સમમ્ 'સાથે' ને અનુસરીને)—
(સમસ્ત) 'પચ્ચક્ખસમાણુ' ૪૧૮ ૩ (તૃતીયાને યોગે)
'ગુણવહિ સમાણુ' ૪૧૮ ૨.
સહું (સં. સહ) ૪૧૯ ૫, ૩૫૬

'વિના' અર્થમાં વિણુ જુઓ સૂચી તૃતીયાને યોગે.

'માંથી' અર્થમાં: હોંતઉં (સર્વે નું ...) પંચમીને યોગે. ઉદાહરણો સૂત્ર ૩૫૫, ૩૭૨ (૧) ૩૭૩ (૧), ૩૭૯ (૧) ને ૩૮ (૧) નીચે.
ઠિઉ (સં સ્થિત), સમસ્ત—'હિઅયટ્ઠિઉ' ને નીસરહિ ૪૩૯ ૪માં 'હૃદયથી—હૃદયમાંથી નીકળે' અમ્હહં ઠિઅ (૩૮૧) અને 'તુમ્હહં ઠિઅ (૩૭૪) એમાં ઠિઅ અનુગરૂપે છે કે 'રહેલ' અર્થે, તે ચોક્કસ કિંવા નક્કી ન થાય.

'માટે' અર્થમાં કેહિં (સં કૃતે, પ્રા ...), તેહિં, રેસિ, રેસિં (... નું પુ. એક વ.) અને તણેણ (... નું પુ. એક વ.) ષષ્ઠીને યોગે જુઓ સૂત્ર ૪૨૫

'સંબંધી' અર્થમાં: કેરઉ (ન. કેરઉં સ્ત્રી. કેરી, સં. કાર્ય!) અને

તણુઈ (ન. તણુઈ સ્ત્રી. તણી સં. તન્વી) વગેરે પ્રયોગ. જુઓ સૂત્ર ૪૨૨ (૨ ૨૧) તથા ૩૬૧ (૧) ૩૭૩ (૨) ૩૭૪ (૪) અર્વા. ગુજરાતી કાવ્યભાષામાં જેરુ તણું જેવાતા છે

૫ પ્રયોગો

૧. વર્તમાન કૃદંત પ્રથમા એકવચનનું રૂપ ક્રિયાતિપત્ત્યર્થે વપરાય છે જઇ જ્જા જઇ કંઠુ ૩૫૧ એ સામાન્ય વરે આવત જઇ ઇતિ પ્રતિજ્ઞંતુ તો ક્રુદ્ધ-નમક સૌભિ જઇનુ ૩૯૫. ૧ એ ચડ છોડવામાં આવ્યો હોત તો મુખકમળની સાથે સમાનતા પામત.

વર્તમાન કૃદંતનો આવો અર્થ પ્રાકૃત ભૂમિકાથી જ વિકસી ચૂક્યો હતો. હેમચંદ્રે પ્રાકૃત વિભાગમાં (સૂત્ર ૮.૩.૧૮૦) આ વાત નોંધી છે અર્વાચીન ગુજરાતીમાં આ પ્રયોગ જીવંત છે

૨. 'વુ' પ્રત્યયથી સાધિત ક્રિયાનામ હેત્વર્થ કૃદંત તરીકે વપરાય છે એચ્છણ ૩૫૩ કરણુ ૪૪૧ ૯.

૩. 'વ' પ્રત્યયથી સાધિત વિધ્યર્થ કૃદંત હેત્વર્થ કૃદંત તરીકે વપરાય છે દેવં ૪૪૧ ૧

વિભક્તિપ્રયોગો

૪ તૃતીયા નિરપેક્ષ (absolate) રચનામાં
પુત્તેં જાએં કવણુ ગુણુ ૩૯૫.૬ 'પુત્ર જનમ્યે શો લાભ?'
પુત્તેં મુએણ કવણુ અવગુણુ „ 'પુત્ર મરે શું નુકસાન?'
પિએ દિટ્ઠે હુલ્લોહલેણ ૪૨૩ ૨ 'પ્રિય દીઠે (જોયે) સુખશાતા થાય છે

૫ ચતુર્થી/ષષ્ઠી (૧) નિરપેક્ષ રચનામાં
પિઅહો પરોક્ખહો કિવઁ વડ્ડ ૪૧૭ ૧ 'પ્રિયતમ આંખથી દૂર હોતે છતે નિદ્રા કેવી?'
(૨) વર્તમાન કૃદંતવાળી નિરપેક્ષ રચનામાં
પિય જોઅન્તહો મુહ-કમલુ ૩૩૨.૨ 'પ્રિયતમનું મુખકમળ જોતાં.
જુજ્ઝન્તાહં ૩૭૨ એ ભિડતાં. ગાઇ અલગોલ થોભવાઇ ૪ ૯ એમના અરસપરસ જોતાં દેખતો તો જ્યારે સૂર્યકિરણો જતાંનું ૩૭૪ ૨ દેતાં ફ ફેરવી, યુદ્ધ કરતાં તલવાર
અર્વાચીન ગુજરાતીમાં બોલતાં, કરતાં, કરતાં વગેરેમાં દેખાતી રચનામાં આ પ્રયોગ ઉતરી આવ્યો છે
(૩) પ્રત્યે તરફ અર્થે : ગુમ્ફ અભે નચ્ચાઇ ચૌખ પય દણુ ૪૨૨.૯ હાથી ઓછ તરવાર તરફ તો ફ્રાલ્ગણથી મૂક ફ્રે છે
પિય સ્સહિ ઉપ્પણુ ૪૯૫.૩ ફિર ભાવ તરફ હ્યું છે

પાડુ મિ લોક ઉપાસના(આવતુ કરે ૪૨,૭૭ સ્વસ્થ આવરેશ ઘણા પ્રતે (—ની સાથે) તો સૌ લોક જોશે

(૪) ણુ પ્રત્યયી સાધિત ક્રિયાનામનું પષ્ઠીનું રૂપ હેત્વર્થ કૃદત તરીકે વપરાય છે આવ્યા રૂપ ૧ મુંબઈ ૪૪૬.૬

(૫) નીચેનાં ક્રિયાપદોને સાથે

તુલના અને અનુકરણ્યાત્મક : ઉદાહરણ —ધીરદો ગરમિયા ૪૧૮ ૩ સિદ્ધ સાથે સરખાવાય છે અનુકર —પ્રુષિત ગંગુરે મઝારરિ ૩૬૭ ૪ સત્પુરુષ પ્રેમને ભગાના આવે છે નહિ વિચારો અનુસર ૮૮૮ ૪૬ પ્રિયતમને ભગાનો આવે છે આ —ગાલા તપવિષુ ૪૪ તત્ત્વનુ ધ્યાન ધરીને પણ કામુક-નાન્ય ૩૩૧માં આ દ્વિતીયાને યોગે વપરાયો છે અર્દ્-નાસ અર્હિપ ૩૩૩ તેમને નમુના

૬ સપ્તમી (૧) નિરપેક્ષ રચનામાં

આવતી નિરક્રિયા ૩૫૮ ૨ અને એવી જ રીતે ૩૭૦ ૩ ૩૮૩ ૨ ૩૬૬ ૪ ૬૨ ૪૮૮ ૪૭ ૧૨ ને ૪૭૭ ૧ એ ઉદાહરણોમાં
(૨) ણ પ્રત્યયી અનેક ક્રિયાનામનુ સપ્તમીનુ રૂપ હેત્વર્થ કૃદત તરીકે વપરાય છે મુંબઈ ૪૮૧ ૬.

૭ ઇતર વિશિષ્ટ પ્રયોગો. હેત્વર્થ કૃદંત સાથે ન અને આવાં રૂપ મૂળ ક્રિયાની અનિષ્પન્નતા કે કરવાની અશક્તિનો વાચક છે ત આવવાનો ન આદ રૂપ ૨ તે કશું જનુ નથી પ્રુ મુંબઈ ન જાય ૪૮૧ ૧ 'ગુણ ઓળખવું જનુ નથી (= ઓળખી શકાતું નથી). આવાં ગુજરાતી તથા હિન્દીમા આ પ્રયોગ જાણ્યા છે અને ન વિનાની રચના હિન્દીમાં કર્મણિ રચના તરીકે સ્થિર થઈ છે

ઉપસંહાર

આ પૃથક્કરણથી પ્રાપ્ત સામગ્રીમાં 'પ્રાચીન' અને 'અર્વાચીન' તથા ભિન્નદેશીય લક્ષણોની સેળભેળ વરતાઈ આવે છે. આધારભૂત ઉદાહરણોનાં મૂળ સ્થળકાળની દૃષ્ટિએ વિવિધ હતાં એ એનું કારણ છે.

વ્યંજનોના લોપને અંગે લોપત્વનું વલણ તથા ઋકાર અને સંયુક્ત પરવર્તી રકાર તથા મકાર જાળવી રાખવાનું વલણ પ્રાચીનતાસૂચક છે. બીજે પક્ષે સંયુક્ત વ્યંજનોના એકત્વનું વલણ અર્વાચીનતાસૂચક છે.

સ્વરમધ્યવર્તી મ્ ને વ્ ની તથા સંયુક્ત પરવર્તી ર્ ની જાળવણી, મકારવાળું ભવિષ્યન્કાળ સૂચક ભવિષ્યઆજ્ઞાર્થ રૂપ, આજ્ઞાર્થ બીજા પુ. એકવ.નો ઇ, ભૂતકૃદંતનો ઇય, સંબંધક ભૂતકૃ નો ઇઉ, હેત્વર્થનો એવં, વિધ્યર્થ કૃ નો એવ્વઉં ને પુલિંગ પ્રથમા એકવ.નો અઉ એ પ્રત્યયો તથા નપુંસકલિંગના રૂપો આ લક્ષણો પાછળથી ગુજરાતીની વિશિષ્ટતા બન્યા છે. તો સામે પક્ષે સ્વરમધ્યવર્તી મ્ નો વ્ કે લોપ તથા વ્ નો લોપ, સંયુક્ત પરવર્તી ર્ નું સારૂપ્ય, હકારવાળું ભવિષ્યન્કાળ, સંબંધક ભૂત કૃ નો ઇ, હેત્વર્થ તરીકે વપરાતા ણ પ્રત્યયવાળાં રૂપ, પુલિંગ પ્રથમા એકવ.નો આ તથા નપુંસકલિંગનો અભાવ આ લક્ષણો પાછળથી વ્રજ, ખડી બોલી વગેરેના પશ્ચિમી હિંદી ભાષાજૂથની વિશિષ્ટતા બન્યાં છે.

હેમચંદ્રનાં ઉદાહરણોમાં કેટલાંક મિશ્ર લક્ષણો ધરાવતાં પદો પણ છે. જેમાં પું. પ્રથમા એકવ. ના અઉ ને આ વાળાં ભિન્નદેશીય રૂપો સાથોસાથ વપરાયાં છે. બોલીલક્ષણોની દૃષ્ટિએ હેમચંદ્રીય ઉદાહરણોની ભાષાને વધુ સૂક્ષ્મતાથી તપાસવી જોઈએ.

પણ ઉપર તારવેલી હકીકતો પરથી એટલું તો જોઈ શકાશે કે હેમચંદ્રીય ઉદાહરણોના અપભ્રંશને પ્રાચીન ગુજરાતી, પ્રાચીન મારવાડી કે પ્રાચીન હિન્દી કહેવી એ એકાંગી અને અશાસ્ત્રીય છે. એ ઉદાહરણોમાં ઉત્તર ભારતની ભાષાઓની કેટલીક લાક્ષણિકતા બીજરૂપમાં ધરાતાં પડ્યાં છે એવું વિધાન કરીએ તો તે વસ્તુસ્થિતિને અનુરૂપ ગણાશે.



સિદ્ધહેમગત

અપભ્રંશ વ્યાકરણ

અધ્યાય ૮, પાદ ૪

૩૨૯ स्वराणां स्वराः प्रायोऽपभ्रंशे ॥

અપભ્રંશમાં સાધારણ રીતે સ્વરોના સ્વરો.

वृत्ति अपभ्रंशे स्वराणां स्थाने प्रायः स्वराः भवन्ति ।

(પ્રકૃતિરૂપ સંસ્કૃત શબ્દના) સ્વરોના સ્થાને અપભ્રંશમાં સાધારણ રીતે (અન્ય) સ્વરો આવે છે

ઉદા૦ (१) कच्चु काच (२) वेण, वीण (३) बाह, बाहा बाहु; (४) पट्ठि पिट्ठि, पुट्ठि; (५) तणु, तिणु, तृणु (६) सुकिदु, सुकिउ, सुकृदु, (७) तिन्नउ, किलिन्नउ (८) लिह लीह, लेह; (९) गउरी, गोरी.

છાયા (१) कश्चित् (२) वीणा (३) बाहुः; (४) पृष्ठम्; (५) तृणम्; (६) सुकृतम्; (७) क्लिन्नकः અથવા क्लिन्नकम्, (८) रेखा; (९) गौरी.

वृत्ति प्रायोग्रहणात् यस्यापभ्रंशे विशेषो वक्ष्यते तस्यापि क्वचित् प्राकृतवत् शौरसेनीवच्च कार्यं भवति ॥

(સૂત્રમાં) પ્રાયઃ શબ્દ મૂક્યો છે તેથી (એમ સમજવાનું છે કે) જેને વિશે અપભ્રંશમાં વિશિષ્ટ (પરિવર્તન થતું હોવાનું) કહેવામાં આવશે, તેની બાબતમાં પણ ક્વચિત્ પ્રાકૃત પ્રમાણે તેમ જ શૌરસેની પ્રમાણે કાર્ય (=પરિવર્તન) થાય છે.

૩૩૦ स्यादौ दीर्घ ह्रस्वौ ॥

સિ વગેરે લાગતાં દીર્ઘ અને હ્રસ્વ.

वृत्ति अपभ्रंशे नाम्नोऽन्त्यस्वरस्य दीर्घ-ह्रस्वौ स्यादौ प्रायो भवतः । सौ ।

અપભ્રંશમાં સિ (= પ્રથમા એકવચનનો સ્) વગેરે (વિભક્તિ-પ્રત્યયો) લાગતાં, નામનો અંત્ય સ્વર, સામાન્ય રીતે, (મૂળમાં હ્રસ્વ હોય તો) દીર્ઘ ને (મૂળમાં દીર્ઘ હોય તો) હ્રસ્વ (થાય છે)-(જેમ કે) સિ (= પ્રથમા એકવચનનો સ્ પ્રત્યય) લાગતાં :—

ઉદા० (૧) ढोल्ला सामला धण चंपा-वण्णी।
णाइ सुवण्ण-रेह कसवट्टइ दिण्णी॥

शब्दार्थ ढोल्ला (दे.) नायकः, प्रिय। सामला—श्यामलः। धण (दे.) —नायिका प्रिया। चंपा-वण्णी—चम्पकवर्णा। णाइ—इव यथा। सुवण्ण-रेह—सुवर्ण-रेखा। कसवट्टइ—कष-पट्टके। दिण्णी—दत्ता॥

छाया नायकः श्यामलः। नायिका चम्पकवर्णा। (इव) यथा कषपट्टके सुवर्ण-रेखा दत्ता॥

પ્રિયતમ શામળો (છે, જ્યારે) પ્રેયસી (છે) ચંપકવર્ણી (અને) જાણે કે કસોટીના પથ્થર પર સુવર્ણની રેખા દીધી (= પાડી) હોય (એવી રીતે શોભે છે).

वृत्ति सामला।

સંબોધન (એકવચન)માં :—

ઉદા० (૨) ढोल्ला, मइँ तुहुँ वारिआ 'मा करु दीहा माणु।
निद्दएँ गमिही रत्तडी दडवड होइ विहाणु'॥

शब्दार्थ ढोल्ला (दे.)—नायक। मइँ—मया। तुहुँ—त्वम्। वारिआ—वारितः। मा—मा। करु—कुरु। दीहा—दीर्घम्। माणु—मानम्। निद्दएँ—निद्रया। गमिही—गमिष्यति। रत्तडी—रात्रिः। दडवड (दे.)—शीघ्रम्। होइ—भवति (=भविष्यति)। विहाणु (दे)—प्रभातम्॥

छाया नायक, मया त्वम् वारितः 'दीर्घम् मानम् मा कुरु। (यत) रात्रिः निद्रया गमिष्यति। शीघ्रम् प्रभातम् भवति (=भविष्यति)' (इति)।

પ્રિયતમ, મેં તને વાર્યો (તો ખરો કે) બહુ માન ન કર (= માનને બહુ પકડી ન રાખ); (કેમ કે) નિદ્રામાં (જ [illegible]) રાત વહી

જશે (અને) ઢચકાર કરવું વહાલું થશે (=ઘોટ દેવું અને સવાર થઈ જશે)

वृत्ति स्त्रियाम् ।

સ્ત્રીલિંગમાં—

ઉદા૦ (૧) बिट्टीए, मइँ भणिअ तुहुँ मा करु वंकी दिट्ठि' ।
पुत्ति, सकण्णी भल्लि जिवँ मारइ हिअइ पइट्ठि ॥

શબ્દાર્થ बिट्टीए (दे.)—पुत्रिके । मइँ—मया । भणिअ—भणिता । तुहुँ—त्वम् । मा—मा । करु—कुरु । वंकी—वक्राम् । दिट्ठि—दृष्टिम् । पुत्ति—पुत्रि । सकण्णी—सकर्णा । भल्लि—भल्ली । जिवँ—यथा, इव । मारइ—मारयति । हिअइ—हृदये । पइट्ठि—प्रविष्टा ॥

છાયા पुत्रिके, मया त्वम् भणिता 'वक्राम् दृष्टिम् मा कुरु' (इति) । पुत्रि, हृदये प्रविष्टा (सा) सकर्णा भल्ली इव मारयति ॥

બેટી, મેં તને કહ્યું (તો ખરું કે તું) વાંકી દૃષ્ટિ ન કર (=નાખ). પુત્રી આંકડાવાળી બરછીની જેમ, (તે દૃષ્ટિ) હૃદયમાં પેસી જઈ (તો તેને) મારી (જ) નાખે.

वृत्ति जसि ।

જસ્ (=પ્રથમા બહુવચનનો જસ્ પ્રત્યય) લાગતાં—

ઉદા૦ (૪) एइ ति घोडा एह थलि एइ ति निसिआ खग्ग ।
एत्थु मुणीसिम जाणिअइ जो नवि वालइ वग्ग ॥

શબ્દાર્થ एइ—एते । ति—ते । घोडा—घोटकाः, अश्वाः । एह—एषा । थलि—स्थली । एइ—एते । ति—ते । निसिआ—निशिताः । खग्ग—खड्गाः । एत्थु—अत्र । मुणीसिम—मनुष्यत्वम्, पौरुषम् । जाणिअइ—ज्ञायते । जो—यः । नवि—न अपि । वालइ—वालयति । वग्ग—वल्गाम् ॥

છાયા एते ते अश्वाः । एषा (रण-)स्थली । एते ते निशिताः खड्गाः । यः वल्गाम् न अपि वालयति (स वीरः इति) अत्र पौरुषम् ज्ञायते ॥

એ (રથ) તે ચોઘ, એ (રણ) સ્થળી, (અને) એ (છે) તે દીવડ બ્રહ્મ અહીં જ મનુષ્યત્વ (=પૌરુષ) જણાઈ આવે છે—(કે) જે (યોદ્ધો) સંગ્રામ પાછો ન જ વાળે (=ફેરવે) (તે જ સાચો વીર).

વૃત્તિ एवं विभक्त्यन्तरेष्वप्युदाहार्यम् ॥

એ પ્રમાણે અન્ય વિભક્તિઓને લગતાં ઉદાહરણ પણ આપવાં (=સમજવાં).

३३१ स्यमोरस्योत् ॥

— सि અને अम् લાગતાં -अ નો -उ.

વૃત્તિ अपभ्रंशेऽकारस्य स्यमोः परयोरुकारो भवति ॥

અપભ્રંશમાં सि (=પ્રથમા એકવચનનો स् પ્રત્યય) અને अम् (=દ્વિતીયા એકવચનનો म् પ્રત્યય) લાગતાં (નામના અંત્ય સ્વર તરીકે રહેલા) अ કારનો उ કાર થાય છે.

ઉદા॰ दहमुहु भुवण-भयंकरु तोसिअ-संकरु णिग्गउ रहवरि चडिअउ ।
चउमुहु छंमुहु झाइवि एक्कहिं लाइवि णावइ दइवें घडिअउ ॥

શબ્દાર્થ दहमुहु—दशमुखः । भुवण-भयंकरु—भुवन-भयङ्करः । तोसिअ संकरु—तोषित-शङ्करः । णिग्गउ—निर्गतः । रहवरि—रथवरे । चडिअउ (દે.)—आरूढः । चउमुहु—चतुर्मुखम् । छंमुहु—षण्मुखम् । झाइवि—ध्यात्वा । एक्कहिं—एकस्मिन्, एकत्र । लाइवि—लगित्वा कृत्वा । णावइ [दृश्यते]—इव, यथा । दइवें—दैवेन । घडिअउ—घटितः निर्मितः ॥

છાયા भुवन-भयङ्करः दशमुखः तोषित-शङ्करः रथवरे आरूढः निर्गतः । (दृश्यते) यथा दैवेन चतुर्मुखम् षण्मुखम् ध्यात्वा एकत्र कृत्वा (सः) निर्मितः ।

(ત્રિ)ભુવનને ભયંકર દશમુખ (=રાવણ) શંકરને તુષ્ટ કર્યો છે તેવો (=તુષ્ટ કરી), ઉત્તમ રથ પર ચડ્યો અને (=ચડીને) નીકળ્યો—જાણે કે ચતુર્મુખ (=બ્રહ્મા અને) ષણ્મુખ (=કાર્તિકેય)નું ધ્યાન ધરી, (તેમને) એકત્ર લાવીને (=એક સાથે જોડી દઈને) (તેને) દૈવે ઘડ્યો હોય (=ઘડ્યો ન હોય!).

ઉદા० (१) सायरु उप्परि तणु धरइ तलि घल्लइ रयणाइँ ।
सामि सुभिच्चु वि परिहरइ सम्माणेइ खलाइँ ॥

શબ્દાર્થ सायरु—सागरः । उप्परि—उपरि । तणु—तृणम् । धरइ—धरति । तलि—तले । घल्लइ (दे.)—क्षिपति । रयणाइँ—रत्नानि । सामि—स्वामी । सु-भिच्चु—सु-भृत्यम् । वि—अपि । परिहरइ—परिहरति । सम्माणेइ—संमानयति । खलाइँ—खलान् ॥

છાયા सागरः तृणम् उपरि धरति, रत्नानि (तु) तले क्षिपति । स्वामी अपि सु-भृत्यम् परिहरति खलान् (तु) संमानयति ॥

સાગર તૃણને (સપાટી) ઉપર ધારણ કરે છે (=રાખે છે), (જ્યારે) રત્નોને તળિયે નાખે છે. સ્વામી પણ સારા સેવકનો ત્યાગ કરે છે (પણ) ખલોનું સન્માન કરે છે.

ઉદા० (२) तले घल्लइ । 'तळिये नाखे छे'

३३५ मिसेदु वा ॥

मिस् लागता विकल्पे ए

वृत्ति अपभ्रंशेऽकारस्य भिसि परे एकारो वा भवति ।

અપભ્રંશમાં (નામના અંત્ય) અકારનો, પાછળ भिस् (=તૃતીયા બહુવચનનો પ્રત્યય) લાગતાં, एकार વિકલ્પે થાય છે.

ઉદા गुणहिँ न संपय, कित्ति पर फल लिहिआ भुंजंति ।
केसरि न लहइ बोड्डिअ वि गय लक्खेहिँ घेप्पंति ॥

શબ્દાર્થ गुणहिँ—गुणैः । न—न । संपय—सम्पद् । कित्ति—कीर्तिः । पर—परम्, केवलम् । फल—फलानि । लिहिआ—लिखितानि । भुंजंति—भुञ्जन्ति । केसरि—केसरी । न—न । लहइ—लभते । बोड्डिअ (दे.)—कपर्दिकाम् । वि—अपि । गय—गजाः । लक्खेहिँ—लक्षैः । घेप्पंति (दे.)—गृह्यन्ते ।

છાયા गुणैः सम्पद् न केवलम् कीर्तिः (सम्पद्यते) । फलानि (तु) जनाः लिखितानि भुञ्जन्ति । केसरी कपर्दिकाम् अपि न लभते, गजाः (तु) लक्षैः गृह्यन्ते ॥

छाया सखि, अक्ष्णोः अक्षि न मिलितम्, न अधरेण अधरः प्राप्तः । प्रियस्य मुख-कमलम् पश्यन्त्याः एवम् एव सुरतम् समाप्तम् ।

સખી, ન નેત્રોનાં આંખો સાથે (મારું) આંખ મળ્યું, ન તો (તેના) અધરે (મારો) અધર પહોંચ્યો. પ્રિયતમનું મુખકમળ (જોતી રહી) જોતાં (જોતાં) મારું સુરત એમ જ (=જોવાની ક્રિયામાં જ) સમાપ્ત થયું.

३३३ एट्टि ॥

टा આગળ -ए.

વૃત્તિ अपभ्रंशेऽकारस्य टायामेकारो भवति ॥

અપભ્રંશમાં टा (=તૃતીયા એકવચનનો ના પ્રત્યય) આગળ (નામના અન્ત્ય) અકારનો એકાર થાય છે.

ઉદા जे महु दिण्णा दिअहडा दइएं पवसन्तेण ।
ताण गणन्तिएँ अंगुलिउ जज्जरिआउ नहेण ॥

શબ્દાર્થ जे—ये । महु—मह्यम् । दिण्णा—दत्ताः । दिअहडा—दिवसाः । दइएं—दयितेन । पवसन्तेण—प्रवसता । ताण—तेषाम् (=तान्) । गणन्तिएँ—गणयन्त्याः । अंगुलिउ—अङ्गुल्यः । जज्जरिआउ—जर्जरिताः । नहेण—नखेन ॥

छाया दयितेन प्रवसता ये दिवसा मह्यम् दत्ताः तेषाम् (=तान्) गणयन्त्याः (मम) अङ्गुल्यः नखेन जर्जरिताः ॥

પ્રવાસે જતા પ્રિયતમે મને (અવધિના) જે દિવસો દીધેલા, તે ગણતાં (અંગુલ, મારી) આંગળીઓ નખે કરીને જર્જરિત થઈ ગઈ.

३३४ ङिनेच्च ॥

ङि સાથે -ए પણ.

વૃત્તિ अपभ्रंशेऽकारस्य ङिना सह इकार एकारश्च भवतः ॥

અપભ્રંશમાં (નામના અન્ત્ય) અકારને ङि (=સપ્તમી એકવચનનો इ પ્રત્યય) સહિત इकार તથા एकार થાય છે.

૩૩૭ भ्यसो हुँ ॥

भ्यस्‌नो हुँ

વૃત્તિ अपभ्रंशेऽकारात् परस्य भ्यस पञ्चमी-बहुवचनस्य 'हुँ' इत्यादेशो भवति ॥

અપભ્રંશમાં (નામના અન્ત્ય) અકાર પછી આવતા પંચમી બહુ વચનના 'भ्यस्' (પ્રત્યય)નો हुँ એવો આદેશ થાય છે.

ઉદા૦ दूरुड्डाणें पडिउ खलु अप्पणु जणु मारेइ ।
जिह गिरि-सिंगहुँ पडिअ सिल अन्नु वि चूरु करेइ ॥

શબ્દાર્થ दूरुड्डाणें—दूरोड्डानेन । पडिउ—पतित । खलु—खल । अप्पणु—आत्मानम् । जणु—जनम् । मारेइ—मारयति । जिह—यथा । गिरि-सिंगहुँ—गिरि-शृङ्गेभ्य । पडिअ—पतिता । सिल—शिला । अन्नु—अन्यद् । वि—अपि । चूरु करेइ—चूर्णीकरोति ॥

છાયા दूरोड्डानेन पतित खल आत्मानम् जनम् (च अपि) मारयति । यथा गिरिशृङ्गेभ्य पतिता शिला अन्यद् अपि चूर्णीकरोति ॥

દૂર સુધી ઉડ્ડયન કરવાને (= ખૂબ ઊંચે ચડવાને) કારણે પડેલો દુર્જન પોતાને (તેમ જ બીજા) માણસને (પણ) મારે છે—જેમ ગિરિશૃંગો પરથી પડેલી શિલા અન્યને (= અન્યનો) પણ ચૂરો કરે છે.

૩૩૮ ङसः सु हो स्सवः ॥

ङस्‌ના 'सु', 'हो' અને 'स्सु'

વૃત્તિ अपभ्रंशेऽकारात् परस्य ङस स्थाने 'सु' 'हो' 'स्सु' इति त्रय आदेशा भवन्ति ॥

અપભ્રંશમાં (નામના અન્ત્ય) અકાર પછી આવતા ङस् (= ષષ્ઠી એકવચનનો 'अस्' પ્રત્યય)ને સ્થાને सु, हो, स्सु એમ ત્રણ આદેશ થાય છે

ઉદા૦ जो गुण गोवइ अप्पणा पयडा करइ परस्सु ।
तसु हउँ कलि-जुगि दुल्लहहो बलि किज्जउँ सुअणस्सु ॥

ગુણો વડે સંપત્તિ નહીં, માત્ર કીર્તિ (પ્રાપ્ત થાય છે). (સંપત્તિ વગેરે જેવા) ફળ (તો લોકો ભાગ્યમાં) લખ્યા (હોય તે) ભોગવે. (જેમ કે) કેસરીને કોડીએ મળતી નથી (=કેસરીની 'કોડીએ' નથી ઉપજતી), (જ્યારે) હાથીઓ લાખોએ લેવાય છે

૩૩૬ ङसेर्हे हु ॥

ङसि નો हे અને हु

વૃત્તિ ङसेरिति पञ्चम्यन्तं विपरिणम्यते । अपभ्रंशेऽकारात् परस्य ङसेर्हे 'हु' इत्यादेशौ भवतः ॥

એટલે કે ङसि પછીના પંચમીના પ્રત્યયનું પરિવર્તન હવે પ્રતિપાદિત કરાય છે. અપભ્રંશમાં (નામના અંત) અકાર પછી આવતા ङसि (=પંચમી એકવચનનો अस् પ્રત્યય)ના हे અને हु એવા આદેશ થાય છે

ઉદા (૧) वच्छहे गृण्हइ फलइँ जणु कडु पल्लव वज्जेइ ।
तो वि महद्दुमु सुअणु जिवँ ते उच्छंगि धरेइ ॥

शब्दार्थ वच्छहे—वृक्षात् । गृण्हइ—गृह्णाति । फलइँ—फलानि । जणु—जनः । कडु—कटून् । पल्लव—पल्लवान् । वज्जेइ—वर्जयति । तो-वि—तथा अपि तथा अपि । महद्दुमु—महाद्रुमः । सुअणु—सुजनः । जिवँ—यथा इव । ते—तान् । उच्छंगि—उत्सङ्गे । धरेइ—धरति ।

छाया जनः वृक्षात् फलानि गृह्णाति, कटून् पल्लवान् (तु) वर्जयति । तथा अपि महाद्रुमः सुजनः इव तान् उत्सङ्गे धरति ॥

માણસ વૃક્ષ પાસેથી ફળો સ્વીકારે છે, (જ્યારે) કડવાં પાન તજી દે છે. તો પણ મહાન વૃક્ષ, સજ્જનની જેમ, તેમને (=માણસોને) ઉત્સંગમાં ધારણ કરે છે.

ઉદા૰ वच्छहु गृण्हइ ।

વૃક્ષ પાસેથી સ્વીકારે છે.

३४० हुं चेदुद्भ्याम् ॥

इ अने उ पछी हुं पण

वृत्ति अपभ्रंशे इकारोकाराभ्यां परस्यामो "हुं" "हं" चादेशौ भवतः ।

अपभ्रंशमां (नामना अन्त्य) इकार अने उकार पछी आवता आम् (= षष्ठी बहुवचननो प्रत्यय)ना -हुं अने -हं एम बे आदेश थाय छे

उदा० (१) दइवु घडावइ वणि तरुहुं सउणिहुं पक्क-फलाइं ।
सो वरि सुक्खु, पइट्ठ न-वि कण्णहिं खल-वयणाइं ॥

शब्दार्थ दइवु–दैव । घडावइ–घटयति । वणि–वने । तरुहुं–तरूणाम् (=तरुषु) । सउणिहुं–शकुनीनाम् । पक्क-फलाइं–पक्व-फलानि । सो–स (=तद्) । वरि–वरम् । सुक्खु–सौख्यम् । पइट्ठ–प्रविष्टानि । न-वि–नापि, नैव । कण्णहिं–कर्णयोः । खल-वयणाइं–खल-वचनानि ॥

छाया वने दैवं शकुनीनाम् (कृते) तरूणाम् (=तरुषु) पक्व-फलानि घटयति । तद् वरम् सौख्यम्, नैव कर्णयोः प्रविष्टानि खल-वचनानि ॥

वनमां दैव पंखीओ माटे वृक्ष उपर पाका फळ निर्मित करे (छ) छे. एतम तो ओ (वनवासनुं फळभक्षणनुं) सुख, नहीं के कानमा पेठेला दुर्जनोना वेण.

वृत्ति प्रायोऽधिकारात् क्वचित् सुपोऽपि "हुं" ॥

(पहेला सूत्र ३२९मां) अभिहृत करेला प्रायः शब्दथी क्वचित् सुप् (=सप्तमी बहुवचननो सु प्रत्यय)नो पण -हुं आदेश (थाय छे).

उदा० (२) धवलु विसूरइ सामिअहो गरुआ भरु पेक्खेवि ।
हउं किं न जुत्तउ दुहुं दिसिहिं खंडइं दोण्णि करेवि ॥

शब्दार्थ धवलु–धवल. । विसूरइ (दे.)–खिद्यति । सामिअहो–स्वामिनः । गरुआ–गुरुम् । भरु–भारम् । पेक्खेवि–प्रेक्ष्य । हउं–अहम् । किं–किम् । न–न । जुत्तउ–युक्तः । दुहुं–द्वयोः । दिसिहिं–दिशोः । खंडइं–खण्डानि । दोण्णि–द्वे । करेवि–कृत्वा ।

शब्दार्थ जो—य । गुण—गुणान् । गोवइ—गोपयति । अप्पणा—आत्मीयान् । पयडा—प्रकटान् । करइ—करोति । परस्सु—परस्य । तसु—तस्मै । हउँ—अहम् । कलि-जुगि—कलि-युगे । दुल्लहहो—दुर्लभस्य । बलि किज्जउँ—बलीक्रिये । सुअणस्सु—सुजनाय ॥

छाया यः आत्मीयान् गुणान् गोपयति परस्य (तु) प्रकटान् करोति तस्मै कलि-युगे दुर्लभाय सुजनाय अहम् बलीक्रिये ॥

જે પોતાના ગુણ છુપાવે છે (પણ) પારકાના પ્રગટ કરે છે તેવા કળિયુગમાં દુર્લભ સજ્જન પર હું બલિદાન તરીકે અર્પાઉં છું (=મારી જાતનું બલિદાન કરી દઉં છું, વારી જાઉં છું).

४३९ आमो हं ॥

आम्नो हं

वृत्ति अपभ्रंशेऽकारात् परस्यामो हमित्यादेशो भवति ॥

અપભ્રંશમાં (નામના અંત્ય) અકાર પછી આવતા आम् (=ષષ્ઠી બહુવચનનો પ્રત્યય)નો हं એવો આદેશ થાય છે.

८१० तणहँ तइज्जी भंगि न-वि ते अवड-यडि वसंति ।
अह जणु लग्गिवि उत्तरइ अह सह सइँ मज्जंति ॥

शब्दार्थ तणहँ—तृणानाम् । तइज्जी—तृतीया । भंगि—भङ्गी । न-वि—नापि, नैव । ते—तानि । अवड-यडि—अवट-तटे । वसंति—वसन्ति । अह—अथ । जणु—जनः । लग्गिवि—लगित्वा । उत्तरइ—उत्तरति । अह—अथ । सह—सह । सइँ—स्वयम् । मज्जंति—मज्जन्ति ॥

छाया तृणानाम् तृतीया भङ्गी नैव । (यतः) तानि अवट-तटे वसन्ति । अथ जनः लगित्वा उत्तरति अथ (तानि) स्वयं (तेन) सह मज्जन्ति ॥

તૃણની ત્રીજી ગતિ (भंगि) જ નથી, (કેમ કે) તે ખાડાને કાંઠે રહે છે—કાં તો માણસ (તેને) વળગીને (સાહીને) પાર જાય છે કાં તો (તે) પણ (માણસની) સાથે ડૂબે છે.

ઉદા० (२) तरुहुँ वि वक्कलु फलु मुणि वि परिहणु असणु लहंति ।
सामिहुँ एत्तिउ अग्गलउँ आयरु भिच्चु गृहंति ॥

શબ્દાર્થ तरुहुँ—तरुभ्यः । वि—अपि । वक्कलु—वल्कलम् । फलु—फलम् । मुणि—मुनयः । वि—अपि । परिहणु—परिधानम् । असणु—असनम् । लहंति—लभन्ते । सामिहुँ—स्वामिभ्यः । एत्तिउ—इयत् । अग्गलउँ—अधिकम् । आयरु—आदरम् । भिच्चु—भृत्याः । गृहंति—गृह्णन्ति ॥

છાયા तरुभ्यः अपि मुनयः वल्कलम् परिधानम् फलम् अपि भोजनम् लभन्ते । स्वामिभ्यः (तु) भृत्याः आदरम् गृह्णन्ति इयत् अधिकम् ॥

તરુઓ પાસેથી પણ મુનિઓને પરિધાન (તરીકે) વલ્કલ (ને) ભોજન (તરીકે) ફળ પણ મળે છે (પણ) સ્વામીઓ પાસેથી સેવકો આદર ગ્રહણ કરે છે એટલું વધારે (=સેવકોને આદર પણ મળે છે એટલો વિશેષ).

વૃત્તિ ऐर्हि' ॥

हि નો -हि.

ઉદા० (३) अह विरल-पहाउ जि कलिहि धम्मु ॥

શબ્દાર્થ अह—अथ । विरल-पहाउ—विरल-प्रभावः । जि—एव । कलिहि—कलौ । धम्मु—धर्मः ॥

છાયા अथ कलौ धर्मः विरल-प्रभावः एव ॥

હવે (અથવા, જો) કલિયુગમાં ધર્મ વિરલ પ્રભાવ વાળો જ છે તો—

३४२ आहो णानुस्वारौ ॥

'आ' પછીના ट ના -ण અને અનુસ્વાર.

વૃત્તિ अपभ्रंशेऽकारात् परस्य टा-वचनस्य णानुस्वारावादेशौ भवतः ॥

અપભ્રંશમાં (નામના અંત્ય) અ૦કાર પછી આવતા टा (=તૃતીયા એકવચનના आ) પ્રત્યયના -ण અને અનુસ્વાર (એમ બે) આદેશ થાય છે.

ઉદા० दइएँ पवसन्तेण (જુઓ સૂ. ૩૩૩)

छाया। स्वामिन् गुरुम् भारम् प्रेक्ष्य धवलः विसूरति—यौ खण्डौ कृत्वा अहम् (एव) किम् द्वयो (अपि) दिशो न युक्त ! (इति) ॥

માલિકનો ભારે બોજો જોઈને ધવલ (=બળવાન વૃષભ) ખેદ કરે છે, ‘(બળદના) બે ટુકડા કરીને હું (જ) બંને દિશામાં કેમ ન જૂતો ?’

३४१ ङसि-भ्यस् ङीनां हे हुं हयः ॥

ङसि भ्यस्, અને ङि ના हे, हुं ને हि

वृत्ति अपभ्रंशे इदुद्भ्यां परेषां 'ङसि' 'भ्यस्' 'ङि' इत्येषां यथासंख्यं 'हे' 'हुं' 'हि' इत्येते त्रय आदेशा भवन्ति । ङसेर्हे ॥

અપભ્રંશમાં (નામના અંત્ય) इ અને उ પછી આવતા ङसि (=પંચમી એકવચનનો अस् પ્રત્યય), भ्यस् (=ચતુર્થી ને પંચમી બહુવચનનો પ્રત્યય) અને ङि (=સપ્તમી એકવચનનો इ પ્રત્યય)ના અનુક્રમે हे, हुं અને हि એમ ત્રણ આદેશ થાય છે (જેમ કે) ङसिनो हे —

ઉદા० (१) गिरिहे सिलायलु तरुहे फलु घेप्पइ नीसावँन्नु ।
घरु मेल्लेप्पिणु माणुसहं तो वि न रुच्चइ रन्नु ॥

शब्दार्थ गिरिहे—गिरेः । सिलायलु—शिलातलम् । तरुहे—तरोः । फलु—फलम् । घेप्पइ—गृह्यते । नीसावँन्नु—निःसामान्यम्, सर्वसामान्येन । घरु—गृहम् । मेल्लेप्पिणु (दे.)—मुक्त्वा । माणुसहं—मनुष्याणाम् (=मनुष्येभ्यः) । तो वि—तत् अपि तथा अपि । न—न । रुच्चइ—रोचते । रन्नु—अरण्यम् ॥

छाया गिरेः शिलातलम् तरोः फलम् (च) सर्वसामान्यम् (अरण्ये) गृह्यते । तथा अपि गृहं मुक्त्वा मनुष्येभ्यः अरण्यम् न रोचते ॥

(સૂવા માટે) પર્વત પાસેથી શિલાતલ, (અને ભોજન માટે) વૃક્ષ પાસેથી ફળ (કશા) ભેદભાવ વગર (અરણ્યમાં) સહુ પામે છે. તેમ છતાં એ મનુષ્યોને ઘર છોડીને અરણ્ય(માં વસવું) ગમતું નથી !

वृत्ति भ्यसो हुं ।

भ्यस् नो हुं —

)

ઉદા૦ (૨) तरुहुँ वि वक्कलु फलु मुणि वि परिहणु असणु लहंति ।
सामिहुँ एत्तिउ अग्गलउँ आयरु भिच्चु गृण्हंति ॥

શબ્દાર્થ तरुहुँ—तरुभ्यः । वि—अपि । वक्कलु—वल्कलम् । फलु—फलम् । मुणि—मुनयः । वि—अपि । परिहणु—परिधानम् । असणु—अशनम् । लहंति—लभन्ते । सामिहुँ—स्वामिभ्यः । एत्तिउ—इयत् । अग्गलउँ—अधिकम् । आयरु—आदरम् । भिच्चु—भृत्याः । गृण्हंति—गृह्णन्ति ॥

છાયા तरुभ्यः अपि मुनयः वल्कलम् परिधानम् फलम् अपि भोजनम् लभन्ते । स्वामिभ्यः (तु) भृत्याः आदरम् गृह्णन्ति इयत् अधिकम् ॥

તરુઓ પાસેથી પણ મુનિઓને પરિધાન (તરીકે) વલ્કલ (ને) ભોજન (તરીકે) ફળ પણ મળે છે. (પણ) સ્વામીઓ પાસેથી સેવકો આદર ગ્રહણ કરે છે એટલું વધારે (=સેવકોને આદર પણ મળે છે એટલો વિશેષ).

વૃત્તિ हेर्हिं ॥

ङि નો हिं

ઉદા૦ (૩) अह विरल-पहाउ जि कलिहि धम्मु ॥

શબ્દાર્થ अह—अथ । विरल-पहाउ—विरल-प्रभावः । जि—एव । कलिहि—कलौ । धम्मु—धर्मः ॥

છાયા अथ कलौ धर्मः विरल-प्रभावः एव ॥

હવે (અથવા એ) કલિયુગમાં ધર્મ વિરલ પ્રભાવ વાળો જ છે તો—

૩૪૨ आट्टो णानुस्वारौ ॥

અ પછીના ટા ના ण અને અનુસ્વાર.

વૃત્તિ अपभ्रंशेऽकारात् परस्य टा-वचनस्य णानुस्वारावादेशौ भवतः ॥

અપભ્રંશમાં (નામના અંત્ય) અકાર પછી આવતા ટા (=તૃતીયા એકવચનના ટા) પ્રત્યયના ण અને અનુસ્વાર (એમ બે) આદેશ થાય છે.

ઉદા૦ दइएं पवसन्तेण (જુઓ સૂ. ૩૩૩)

३४३ एं चेदुतः ॥

इ अने उ पछी -एं पण

वृत्ति अपभ्रंशे इकारोकाराभ्यां परस्य टावचनस्य एं, चकारात् णानुस्वारौ च भवन्ति । एं ।

અપભ્રંશમાં (નામના અંત્ય) ઇકાર અને ઉકાર પછી આવતા ટા (=તૃતીયા એકવચનના 'આ') પ્રત્યયનો -એં, અને (સૂત્રમાં આવતા) ચકારથી, -ણ તેમ જ અનુસ્વાર થાય છે. (જેમ કે) -એં —

ઉદા० (१) अग्गिएँ उण्हउँ होइ जगु वाएँ सीअलु तेवँ ।
जो पुणु अग्गि सीअला तसु उण्हत्तणु केवँ ॥

शब्दार्थ अग्गिएँ—अग्निना । उण्हउँ—उष्णम् । होइ—भवति । जगु—जगत् । वाएँ—वातेन । सीअलु—शीतलम् । तेवँ—तथा । जो—यः । पुणु—पुनः । अग्गि—अग्निना । सीअला—शीतलः । तसु—तस्य । उण्हत्तणु—उष्णत्वम् । केवँ—कथम् ॥

छाया जगत् अग्निना उष्णम् भवति, तथा वातेन शीतलम् । यः पुनः अग्निना शीतलः (भवति) तस्य उष्णत्वम् कथम् ॥

જગત (આખું) અગ્નિએ કરીને ઉષ્ણ થાય છે તેમ જ પવને કરીને શીતળ. પણ જે અગ્નિએ કરીને શીતળ (થતો હોય) તેનું ઉષ્ણત્વ કઈ રીતે (સાધવું)?

वृत्ति णानुस्वारौ ।

-ણ અને અનુસ્વાર —

ઉદા (२) विप्पिअआरउ जइ वि पिउ तो वि तं आणहि अज्जु ।
अग्गिण दड्ढा जइ वि घरु तो तें अग्गिं कज्जु ॥

शब्दार्थ विप्पिअआरउ—विप्रियकारकः । जइ वि—यदि अपि । पिउ—प्रियः । तो वि—तत् अपि तथा अपि । तं—तम् । आणहि—आनय । अज्जु—अद्य । अग्गिण—अग्निना । दड्ढा—दग्धम् । जइ वि—यद्यपि । घरु—गृहम् । तो—तत् तदपि । तें—तेन । अग्गिं—अग्निना । कज्जु—कार्यम् ।

છાયા यदि अपि प्रिय निष्प्रिय-करकः, तथा अपि तम् अत्र आनय ।
यद्यपि अग्निना गृहम् दग्धम्, तदपि तेन अग्निना कार्यम् ॥

પ્રિયુ ભલે અપરાધી (હોય), તો પણ તેને આજે લઈ આવજે
અગ્નિએ ઘર બાળ્યું હોય, તો યે તે અગ્નિ સાથે (જ) કામ પાડવાનું
છે (=અગ્નિ વિના ચાલતું નથી)

વૃત્તિ एवमुकारात्यमुदाहार्यम् ॥

એ પ્રમાણે (નામના અંત્ય) ઉકાર પછી (આવતા -ર્ં વગેરેના)
પણ ઉદાહરણ આપવા

૩૪૪ स्यम्-जस्-शसां लुक् ॥

સિ અમ્, જસ્ શસ્નો લોપ

વૃત્તિ अपभ्रंशे 'सि अम् जस्, शस्' इत्येतेषां लोपो भवति ।
અપભ્રંશમાં સિ (=પ્રથમા એકવચનનો સ્ પ્રત્યય) અમ્ (દ્વિતીય
એકવચનનો મ્ પ્રત્યય), જસ્ (=પ્રથમા બહુવચનનો અસ્ પ્રત્યય)
અને શસ્ (=દ્વિતીયા બહુવચનનો અસ્ પ્રત્યય) એમનો લોપ થાય છે

ઉદા० (૧) एइ ति घोडा, एह थलि' इत्यादि । (જુઓ ૩૩૦।૪).

વૃત્તિ अत्र स्यम्-जसां लोपः ।
અહીં (=ઉપર્યુક્ત ઉદાહરણમાં) સિ, અમ્ ને જસ્નો લોપ થયો છે.

ઉદા० (२) जिवँ जिवँ वंकिम लोअणहँ णिरु सामलि सिक्खेइ ।
तिवँ तिवँ वम्महु निअय-सर खर-पत्थरि तिक्खेइ ॥

શબ્દાર્થ जिवँ जिवँ—यथा यथा । वंकिम—वक्रिमाणम् । लोअणहँ—लोचनयोः ।
णिरु—निरराम् । सामलि—श्यामला । सिक्खेइ—शिक्षते । तिवँ तिवँ—
तथा तथा । वम्महु—मन्मथः । निअय—निजकान् । सर—शरान् । खर
पत्थरि—खर-प्रस्तरे । तिक्खेइ—तीक्ष्णयति ॥

છાયા यथा यथा श्यामला लोचनयोः निरराम् वक्रिमाणम् शिक्षते, तथा
तथा मन्मथः निजकान् शरान् खर-प्रस्तरे तीक्ष्णयति ।

જેમ જેમ (તે) શ્યામા લોચનની અતિશય વક્રતા (=કટાક્ષપાત) શીખે છે, તેમ તેમ (જાણે કે) મન્મથ પોતાનાં શર (બાણોના) કઠિન પથ્થર પર (ઘસીને) તીક્ષ્ણ બનાવતો જાય છે

वृत्ति अत्र स्यम्-शसाम् ॥

અહીં (=ઉપર્યુક્ત ઉદાહરણમાં) સિ અમ્ ને શસ્ નો (લોપ થયો છે).

૩૪૫ षष्ठ्याः ॥

ષષ્ઠીનો

वृत्ति अपभ्रंशे षष्ठ्या विभक्त्याः प्रायो लुग् भवति ।

અપભ્રંશમાં ષષ્ઠી વિભક્તિ(ના પ્રત્યય)નો ઘણીવાર લોપ થાય છે.

ઉદા० संगर-सएहिं जु वण्णिअइ देक्खु अम्हारा कन्तु ।
अइमत्तहं चत्तंकुसहं गय कुम्भइं दारन्तु ॥

શબ્દાર્થ संगर-सएहिं—संगर-शतैः । जु—यः । वण्णिअइ—वर्ण्यते । देक्खु—पश्य । अम्हारा—अस्मदीयम् । कन्तु—कान्तम् । अइमत्तहं—अतिमत्तानाम् । चत्तंकुसहं—त्यक्ताङ्कुशानाम् । गय—गजानाम् । कुम्भइं—कुम्भान् । दारन्तु—दारयन्तम् ॥

છાયા यः संगर-शतैः वर्ण्यते (तम्) अस्मदीयम् कान्तम् अतिमत्तानाम् त्यक्ताङ्कुशानाम् गजानाम् कुम्भान् दारयन्तम् पश्य ॥

સેંકડો સંગ્રામો દ્વારા જે વર્ણવાય છે (તે) અમારા કાન્તને, અંકુશને નહીં ગણકારતા એવા અતિ મત્ત હાથીના કુંભ(સ્થળો) વિદારતો જો.

वृत्ति पृथग्योगो लक्ष्यानुसरणार्थः ॥

(અત્રમાં ગય અને કુમ્ભઇં) ભિન્ન ભિન્ન (=અસમસ્ત) લીધા છે, તે પ્રતિપાદ્યને અનુસરવા માટે.

૩૪૬ आमन्त्र्ये जसो होः ॥

સંબોધનમાં જસ્નો હોં

वृत्ति अपभ्रंशे आमन्त्र्येऽर्थे वर्तमानान्नाम्न: परस्य जसो 'हों' इत्यादेशो भवति । लोपापवाद: ॥

અપભ્રંશમાં સંબોધનના અર્થમાં રહેલા નામની પછી આવતા जस् (=સંબોધન બહુવચનનો પ્રત્યય 'जस्') નો -हों એવો આદેશ થાય છે (આ) લોપનો અપવાદ છે

ઉદા० तरुणहों तरुणिहों मुणिउ मइँ 'करहु म अप्पहों घाउ' ॥

શબ્દાર્થ तरुणहों–(हे) तरुणा । तरुणिहों–(हे) तरुण्य । मुणिउ–ज्ञातम् । मइँ–मया । करहु–कुरुत । म–मा । अप्पहों–आत्मन । घाउ–घातम् ॥

છાયા (हे) तरुणा, (हे) तरुण्य., मया ज्ञातम्, (यूयम्) आत्मन: घातम् मा कुरुत (इति) ॥

ઓ તરુણો, ઓ તરુણીઓ, મારુ (એવું) સમજવું છે (કે) તમે પોતાનો ઘાત ન કરો (આપઘાત ન કરો)

४४७ भिस्सुपोर्हिं ॥

भिस् ने सुप्नो 'हिं'

वृत्ति अपभ्रंशे भिस्सुपो: स्थाने 'हिं' इत्यादेशो भवति ॥

અપભ્રંશમાં भिस् (=તૃતીયા બહુવચનનો પ્રત્યય) અને सुप् (=સપ્તમી બહુવચનનો 'सु प्रत्यय)ને સ્થાને -हिं એવો આદેશ થાય છે

ઉદા० (१) गुणहिँ न संपय कित्ति पर ॥ (જુઓ ૩૩૫).

ઉદા० (२) भाईरहि जिवँ भारइ मग्गहिँ तिहिँ वि पयट्टइ ॥

શબ્દાર્થ भाईरहि–भागिरथी । जिवँ–यथा इव । भारइ–भारती । मग्गहिँ–मार्गेषु । तिहिँ–त्रिषु । वि–अपि । पयट्टइ–प्रवर्तते ॥

છાયા भागीरथी इव भारती त्रिषु मार्गेषु प्रवर्तते ॥
ભાગીરથીની જેમ ભારતી (=વાણી) ત્રણેય માર્ગે પ્રવર્તે છે.

३४८ स्त्रियां जस्-शसोरुदोत् ॥

स्त्रीलिंगमां जस् ने शस्नो 'उ', अने 'ओ'.

वृत्ति अपभ्रंशे स्त्रियां वर्तमानान्नाम्नः परस्य जसः शसश्च प्रत्येकमुदोतावादेशौ भवतः । लोपापवादौ । जस ।

અપભ્રંશમાં સ્ત્રીલિંગમાં રહેલા નામની પછી આવતા जस् (=પ્રથમા બહુવચનનો પ્રત્યય) અને शस् (=દ્વિતીયા બહુવચનનો પ્રત્યય) એ પ્રત્યેકના 'उ', 'ओ' એમ બે આદેશ થાય છે. (આ) લોપના અપવાદ છે (જેમકે) जस्ना —

ઉદા (१) अंगुल्लिउ जज्जरियाओ नहेण ॥ (સૂ० ३३३).

શબ્દાર્થ अंगुल्लिउ—अङ्गुल्य । जज्जरियाओ—जर्जरिता । नहेण—नखेन ॥

છાયા अङ्गुल्य नखेन जर्जरिता ॥

આંગળીઓ નખે કરીને જર્જરિત થઈ ગઈ

वृत्ति शस ।

शस् ना :—

ઉદા (२) सुन्दर-सव्वंगाओ विलासिणीओ पेच्छन्ताण ॥

શબ્દાર્થ सुन्दर-सव्वंगाओ—सुन्दर-सर्वाङ्गीः । विलासिणी—विलासिनी । पेच्छन्ताण—प्रेक्षमाणानाम् ॥

છાયા सुन्दर-सर्वाङ्गी विलासिनी प्रेक्षमाणानाम् ॥

સર્વાંગસુંદર વિલાસિનીઓને જોતા

वृत्ति वचन-भेदान्न यथासंख्यम् ॥

(સૂત્રમાં આપેલાનું) વચન (મૂળથી) ભિન્ન હોવાથી (આદેશ મૂકવા) અનુક્રમે (લેવાનો) નથી.

३४९ ट ए ॥

टानो 'ए'

वृत्ति अपभ्रंशे स्त्रियां वर्तमानान्नाम्नः परस्याष्टायाः स्थाने 'ए' इत्यादेशो भवति ।

અપભ્રંશમાં સ્ત્રીલિંગમાં રહેલા નામની પછી આવતા टा (=તૃતીયા એકવચનનો ના પ્રત્યય)ને સ્થાને 'ए' એવો આદેશ થાય છે

ઉદા० (१) निअ-मुह-करहिँ वि मुद्ध किर अंधारइ पडिपेक्खइ ।
ससि-मंडल-चंदिमएँ पुणु काइँ न दूरे देक्खइ ।

શબ્દાર્થ निअ-मुह-करहिँ—निज मुख-करैः । वि—अपि । मुद्ध—मुग्धा । किर—किल । अंधारइ—अन्धकारे । पडिपेक्खइ—प्रतिप्रेक्षते । ससि-मंडल-चंदिमएँ—शशि-मण्डल-चन्द्रिकया । पुणु—पुन । काइँ—किम् । न—न । दूरे—दूरे । देक्खइ—पश्यति ॥

છાયા निज-मुख-करैः अपि मुग्धा किल अन्धकारे प्रतिप्रेक्षते । शशि-मण्डल-चन्द्रिकया पुन किम् न दूरे पश्यति ॥

કહે છે કે (એ) મુગ્ધા પોતાના મુખ(ની કાન્તિ)ના કિરણો વડે અંધારામાં પણ જોઈ શકે છે તો પછી ચન્દ્રબિંબની ચંદ્રિકામાં કાં દૂર સુધી નથી જોતી (=જોઈ શકતી)?

ઉદા० (२) जहिँ मरगय-कंतिएँ संवलिअं ॥

શબ્દાર્થ जहिँ—यत्र । मरगय-कंतिएँ—मरकत-कान्त्या । संवलिअं—संवलितम् ॥

છાયા यत्र मरकत-कान्त्या संवलितम् ।

જ્યાં મરકત(મણિ)ની કાન્તિથી વીંટળાયેલું

૩૫૦ ङस्-ङस्योर्हे ॥

ङस् ને ङसि નો 'हे'

વૃત્તિ अपभ्रंशे स्त्रियां वर्तमानान्नाम्नः परयोर्ङस् 'ङसि' इत्येतयो 'हे' इत्यादेशो भवति । ङस् ।

અપભ્રંશમાં સ્ત્રીલિંગમાં રહેલા નામની પછી આવતા ङस् (=ષષ્ઠી એકવચનનો 'अस्' પ્રત્યય) અને ङसि (=પંચમી એકવચનનો 'अस' પ્રત્યય)નો 'हे' એવો આદેશ થાય છે. (જેમ કે) ङस् નું —

ઉદા० (१) तुच्छ-मज्झहे तुच्छ-जंपिरहे ।
तुच्छच्छ-रोमावलिहे तुच्छ राय तुच्छयर-हासहे ।
पिअ-वयणु अलहंतिअहे तुच्छ-काय-वम्मह-निवासहे ॥

अन्नु जु तुच्छउं तहें धणहें तं अक्खणउं न जाइ।
कटरि थणन्तरु मुद्धडहें जें मणु विच्चि न माइ॥

शब्दार्थ तुच्छ-मज्झहें—तुच्छ-मध्यायाः । तुच्छ-जम्पिरहें—तुच्छ-जल्प
नशीलायाः (=तुच्छम् जल्पन्त्याः)। तुच्छच्छ-रोमावलिहें—तुच्छाच्छ-रोमावल
तुच्छ-राय-(हे) तुच्छ-राग। तुच्छयर-हासहें—तुच्छतर-हासायाः । ि
वयणु—प्रिय वचनम्। अलहन्तिअहें—अलभमानायाः । तुच्छ-काय-व
निवासहें—तुच्छ-काय-मन्मथ-निवासायाः । अन्नु—अन्यद्। जु—
तुच्छउं—तुच्छकम्। तहें—तस्याः । धणहें (दे)—प्रियायाः।
तद्। अक्खणउं—आख्यातुम्। न—न। जाइ—याति। कटरि—
(=आश्चर्यम्)। थणन्तरु—स्तनान्तरम्। मुद्धडहें—मुग्धायाः। जें—
मणु—मनः। विच्चि—मध्ये। न—न। माइ—माति॥

छाया (हे) तुच्छ-राग, तुच्छ-मध्यायाः तुच्छ-जल्पनशीलायाः (=
जल्पन्त्याः) तुच्छाच्छ-रोमावल्याः तुच्छतर-हासायाः प्रिय-वचनम्
अलभमानायाः तुच्छ-काय-मन्मथ निवासायाः तस्याः प्रियायाः यद् अन्यद्
कम् तद् आख्यातुम् न याति (=न शक्यम्)। मुग्धायाः स्तना
आश्चर्यम्, येन (मार्गेण) मनः मध्ये न माति॥

(હે) તુચ્છ પ્રેમવાળા, જેની કટિ સૂક્ષ્મ છે જે સૂક્ષ્મ બોલ
છે જેની રોમાવલિ સૂક્ષ્મ ને સુંદર છે પ્રિય વચનથી વંચિત અ
જેનું હાસ્ય સૂક્ષ્મતર છે તેમ જેની મન્મથના નિવાસરૂપ કાય
સૂક્ષ્મ છે એવી તે પ્રેયસીનું બીજું (એક વધુ એવું) સૂક્ષ્મ છે
તે કહ્યું જાય તેમ નથી (એ) મુગ્ધાના સ્તન વચ્ચેનું અંતર! આ
(એ તો એટલું સૂક્ષ્મ છે) કે વચ્ચે મન (જેવો સૂક્ષ્મતમ
પણ) માય નહીં!

वृत्ति स्पष्ट।

वळीनुं —

૭૧૦ (२) फोडेंति जे हियडउं अप्पणउं ताहं पराई कवण घण।
रक्खेज्जहु लोअहो अप्पणा बालहें जाया विसम थणा॥

शब्दार्थ फोडेंति–स्फोटयत । जे–यौ । हियडउँ–हृदयम् । अप्पणउँ–आत्मीयम् । ताहँ–तयो । पराई–परकीया (=परकृत) । कवण–का । घण–घृणा । रक्खेज्जहु–रक्षत । लोअहो–(हे) लोका । अप्पणा–आत्मानम् । बालहे–बालाया । जाया–जातौ । विसम–विषमौ । थणा–स्तनौ ।

छाया यौ आत्मीयम् (एव) हृदयम् स्फोटयतः, तयोः परकृता का घृणा । (हे) लोकाः आत्मानम् बालाया रक्षत, (एतौ) (तस्याः) स्तनौ विषमौ जातौ ॥

જે પોતાનું (જ) હૈયું ફોડે છે તેને પારકાની દયા કેવી? (હે) લોકો, (તમે) (આ) બાળાથી જાતને બચાવજો, (કેમ કે) (તેના) સ્તન વિષમ બન્યા છે

३५१ भ्यसामोर्हुः ॥

ભ્યસ્ અને આમ્‌નો હું

वृत्ति अपभ्रंशे स्त्रियां वर्तमानान्नाम्नः परस्य भ्यस आमश्च 'हु' इत्यादेशो भवति ।

અપભ્રંશમાં સ્ત્રીલિંગમાં રહેલા નામની પછી આવતા ભ્યસ્ (=પંચમી બહુવચનનો પ્રત્યય) અને આમ્ (=ષષ્ઠી બહુવચનનો પ્રત્યય)નો હુ આદેશ થાય છે.

ઉદા૦ भल्ला हुआ जु मारिआ बहिणि महारा कंतु ।
लज्जेज्जं तु वयंसिअहु जइ भग्गा घरु एंतु ॥

शब्दार्थ भल्ला–साधु । हुआ–भूतम् । जु–यत् । मारिआ–मारित । बहिणि–(हे) भगिनि । महारा–मदीय । कंतु–कान्त । लज्जेज्जं–लज्जेय (=लज्जिष्यम्) । तु–तत् । वयंसिअहु–वयस्याभ्यः, वयस्यानाम् । जइ–यदि । भग्गा–भग्न । घरु–गृहम् । एंतु–ऐष्यत् ।

छाया (हे) भगिनि साधु भूतम् यद् मदीयः कान्तः मारितः । (यतः) यदि भग्नः गृहम् ऐष्यत्, ततः अहम् वयस्याभ्यः [वयस्यानाम्, वा] लज्जेय (=लज्जिष्यम्) ॥

(હે) બહેન, સારું થયું કે મારો પ્રિય મરાયો. (કેમ કે) જો ભાગીને (તે) ઘરે આવત, (તો) હું તો (મારી) સખીઓથી (કે સખીઓ વચ્ચે) લાજું (=લાજી મરત).

વૃત્તિ वयस्याभ्यो वयस्यानां मध्ये ॥

(ઉદાહરણના વયંસિઅહુંતો) અર્થ वयस्याभ्यः ('સખીઓથી') અથવા वयस्यानाम् ('સખીઓ વચ્ચે') છે

૩૫૨ ङेर्हि ॥

ङिनो हि

વૃત્તિ अपभ्रंशे स्त्रियां वर्तमानान्नाम्नः परस्य ङेः सप्तम्येकवचनस्य 'हि' इत्यादेशो भवति ।

અપભ્રંશમાં સ્ત્રીલિંગમાં રહેલા નામની પછી આવતા ङि (એટલે કે) સપ્તમી એકવચન(ના 'इ' પ્રત્યય)નો हि એવો આદેશ થાય છે.

ઉદા૦ वायसु उड्डावन्तिअऍ पिउ दिट्ठउ सहस-त्ति ।
अद्धा वलया महिहि गय अद्धा फुट्ट तड-त्ति ॥

શબ્દાર્થ वायसु—वायसम् । उड्डावन्तिअऍ—उड्डापयन्त्या । पिउ—प्रिय । दिट्ठउ—दृष्टः । सहस-त्ति—सहसा इति (=सहसा) । अद्धा—अर्धानि । वलया—वलयानि । महिहि—मह्याम् । गय—गतानि । अद्धा—अर्धानि । फुट्ट—स्फुटितानि । तड-त्ति—तट् इति ॥

છાયા वायसम् उड्डापयन्त्या (प्रेयस्या) प्रियः सहसा दृष्टः । (तस्मात् तस्याः) अर्धानि वलयानि मह्याम् गतानि अर्धानि (तु) तट् इति स्फुटितानि ।

કાગને ઉડાડતી (પ્રેયસી)એ સહસા પ્રિયને (આવતો) જોયો. (તેથી) અરધાં વલય ભોંય પર ગયાં (=પડ્યાં), અરધાં તડ દઈને ફૂટ્યાં (=તૂટ્યાં).

૩૫૩ क्लीबे जस्-शसोरिं ॥

નપુંસકલિંગમાં जस् ને शस्‌નો इं

વૃત્તિ अपभ्रंशे क्लीबे वर्तमानान्नाम्नः परयोर्जस्-शसोः 'इं' इत्यादेशो भवति ॥

અપભ્રંશમાં નપુંસકલિંગમાં રહેલા નામની પછી આવતા जस् (=પ્રથમા બહુવચનનો પ્રત્યય) અને शस् (=દ્વિતીયા બહુવચનનો પ્રત્યય)નો इँ એવો આદેશ થાય છે

ઉદા૦ कमलइँ मेल्लवि अलि-उलइँ करि-गंडाइँ महंति ।
असुलहमेच्छण जाहँ भलि ते न-वि दूरु गणंति ॥

શબ્દાર્થ कमलइँ–कमलानि । मेल्लवि (दे.)–मुक्त्वा । अलि-उलइँ–अलि-कुलानि । करि-गंडाइँ–करि-गण्डान् । महंति–काङ्क्षन्ति । असुलहमेच्छण–असुलभम् एष्टुम् । जाहँ–येषाम् । भलि (दे.)–निर्बन्धः । ते–ते । न-वि–न अपि । दूरु–दूरम् । गणंति–गणयन्ति ॥

છાયા अलि-कुलानि कमलानि मुक्त्वा करि-गण्डान् काङ्क्षन्ति । येषाम् असुलभम् एष्टुम् निर्बन्धः ते दूरम् न अपि गणयन्ति ॥

ભ્રમર સમૂહો કમળોને છોડી હાથીઓનાં ગંડસ્થળોની અભિલાષા રાખે છે. દુર્લભને (જ) ઇચ્છવું એ જેમનો આગ્રહ રહે છે તે દૂર (અંતર)ને નથી ગણતા.

૩૫૪ कान्तस्यात उं स्यमोः ।

અંતે 'क' વાળાના 'अ'નો सि અને अम् આવતાં उं.

વૃત્તિ अपभ्रंशे क्लीबे वर्तमानस्य ककारान्तस्य नाम्नो योऽकारस्तस्य स्यमोः परयोः 'उं' इत्यादेशो भवति ॥

અપભ્રંશમાં નપુંસકલિંગમાં રહેલા (ને) જેને અંતે (મૂળમાં સ્વાર્થિક) 'ક'કાર છે તેવા નામનો જે (અંત્ય) અકાર છે તેની પછી सि (=પ્રથમા એકવચનનો 'स्' પ્રત્યય) અને अम् (=દ્વિતીયા એકવચનનો પ્રત્યય) આવતાં, (તેનો) उं એવો આદેશ થાય છે

ઉદા૦ (१) अन्नु जु तुच्छउँ तहे धणहे ॥ (જુઓ ૩૫૦).

ઉદા૦ (२) भग्गउँ देक्खिवि निअय-बलु बलु पसरिअउँ परस्सु ।
उम्मिल्लइ ससि-रेह जिवँ करि करवालु पियस्सु ॥

શબ્દાર્થ भग्गउँ–भग्नकम्, भग्नम् । देक्खिवि–दृष्ट्वा । निअय-बलु–निजक-बलम् । बलु–बलम् । पसरिअउँ–प्रसृतकम्, प्रसृतम् । परस्सु–परस्य ।

उम्मिल्लइ—उन्मीलति । ससि-रेह—शशि-रेखा । जिवँ—यथा, इव । करि—करे । करवालु—करवालः । पिअस्सु—प्रियस्य ॥

છાયા निजक-सैन्यम् भग्नम्, परस्य सैन्यम् (च) प्रसृतम् दृष्ट्वा (मम) प्रियस्य करे करवालः शशि-रेखा इव उन्मीलति ॥

પોતાના સૈન્યમાં ભંગાણ પડેલું (અને) શત્રુનું સૈન્ય પ્રસરેલું (=આગળ વધેલું) જોઈને (મારા) પિયુના કરમાં તરવાર શશિ રેખાની જેમ ઉલ્લસે છે.

૩૫૫ सर्वादेर्ङसेर्हां ॥

સર્વાદિના ઙસિનો -હાં.

वृत्ति अपभ्रंशे सर्वादेरकारान्तात् परस्य ङसेर्हां इत्यादेशो भवति ॥

અપભ્રંશમાં અકારાન્ત સર્વનામની પછી આવતા ઙસિ (=પંચમી એકવચનનો પ્રત્યય અસ્)નો -હાં એવો આદેશ થાય છે.

ઉદા (१) जहाँ होंतउ आगदो ॥

શબ્દાર્થ जहाँ—यस्मात् । होंतउ—भवान् । आगदो—आगतः ॥

છાયા यस्मात् भवान् (=यत्) आगतः ॥

જ્યાંથી (તે) આવ્યો.

ઉદા (२) तहाँ होंतउ आगदो ॥

છાયા तस्मात् भवान् (=तत्) आगतः ॥

ત્યાંથી (તે) આવ્યો

ઉદા० (३) कहाँ होन्तउ आगदो ॥

છાયા कस्मात् भवान् (=कुतः) आगतः ॥

ક્યાંથી (તે) આવ્યો?

૩૫૬ किमो डिहे वा ॥

કિમ્‌ના ઙસિનો ડિહે (=ઇહે).

वृत्ति अपभ्रंशे किमोऽकारान्तात् परस्य ङसेर्डिहे इत्यादेशो वा भवति ॥

અપભ્રંશમાં અકારાન્ત (સર્વનામ) કિમ્‌ના અકાર પછી આવતા ઙસિ(=પંચમી એકવચનનો પ્રત્યય)નો ડિત્ 'इहे' એવો આદેશ વિકલ્પે થાય છે

ઉદા० जइ तहो तुट्टउ नेहडा मइँ सहुँ न-वि तिल-तार।
तं किहे वङ्केहिं लोअणेहिं जोइज्जउँ सय-वार॥

શબ્દાર્થ जइ—यदि। तहो—तस्य। तुट्टउ—त्रुटितः। नेहडा—स्नेहः। मइँ—मया। सहुँ—सह। न-वि—न अपि। तिल-तार—(?)। तं—तत्। किहे—कस्मात्। वङ्केहिं—वक्राभ्याम्। लोअणेहिं—लोचनाभ्याम्। जोइज्जउँ—दृश्ये। सय-वार—शत-वारम्॥

છાયા यदि तस्य स्नेहः त्रुटितः, यदि मया सह तिल-तारा (?) अपि न (तर्हि) कस्मात् (अहम्) (तस्याः) वक्राभ्याम् लोचनाभ्याम् शत-वारम् दृश्ये?

જો તેનો (મારા પ્રત્યેનો) સ્નેહ (ખરેખર) નષ્ટ થયો હોય, (ને જો) મારી સાથે તલતાર (?) પણ ન હોય, તો (પછી) શા માટે સેંકડો વાર (તેની) ત્રાંસી આંખો વડે (હું) જોવાઉં છું? (=શાને તે મારા તરફ જુએ છે?)

૩૫૭ ङेर्हिं॥

ङિનો हिं

વૃત્તિ अपभ्रंशे सर्वादेरकारान्तात् परस्य ङेः सप्तम्येकवचनस्य 'हिं' इत्यादेशो भवति॥

અપભ્રંશમાં અકારાન્ત સર્વનામના ङિ(એટલે કે સપ્તમી એકવચનના પ્રત્યય)નો हिं એવો આદેશ થાય છે.

ઉદા० (१) जहिँ कप्पिज्जइ सरिण सरु छिज्जइ खग्गिण खग्गु।
तहिँ तेहइ भड-घड-निवहि कन्तु पयासइ मग्गु॥

શબ્દાર્થ जहिँ—यस्मिन् यत्र। कप्पिज्जइ—कल्प्यते। सरिण—शरेण। सरु—शरः। छिज्जइ—छिद्यते। खग्गिण—खड्गेन। खग्गु—खड्गः। तहिँ—तस्मिन्,

तत्र। तेहइ—तादृशे। भड-घड-निवहि—भट-घटा-निवहे। कन्तु—कान्तः। पयासइ—प्रकाशयति। मग्गु—मार्गम्॥

छाया यत्र शरेण शरः कृत्यते, खड्गेन खड्गः छिद्यते, तत्र तादृशे भट-घटा-निवहे (मम) कान्तः मार्गम् प्रकाशयति॥

જ્યાં શરથી શર કપાય છે અને ખડ્ગ વડે ખડ્ગ છેદાય છે, ત્યાં તેવા (પ્રકારની) સુભટોનાં જૂથોના જૂથોમાં (મારો ને મારો) કંથ માર્ગ પ્રકટ કરે છે (= માગ કાઢે છે).

ઉદા૦ (૨) एक्कहिँ अक्खिहिँ सावणु अन्नहिँ भद्दवउ।
माहउ महिअल-सत्थरि गण्ड-त्थले सरउ॥
अङ्गिहिँ गिम्ह सुहच्छी-तिलवणि मग्गसिरु।
तहे मुद्धहे मुह-पङ्कइ आवासिउ सिसिरु॥

શબ્દાર્થ एक्कहिँ—एकस्मिन्। अक्खिहिँ—अक्षिणि। सावणु—श्रावणः। अन्नहिँ—अन्यस्मिन्। भद्दवउ—भाद्रपदः। माहउ—माघकः माघः। महिअल-सत्थरि—महीतल-स्रस्तरे। गण्ड-त्थले—गण्ड-स्थले। सरउ—शरद्। अङ्गिहिँ—अङ्गेषु। गिम्ह—ग्रीष्मः। सुहच्छी-तिलवणि—सुखासिका-तिलवने। मग्गसिरु—मार्गशीर्षः। तहे—तस्याः। मुद्धहे—मुग्धायाः। मुह-पङ्कइ—मुख-पङ्कजे। आवासिउ—आवासितः। सिसिरु—शिशिरः॥

छाया तस्याः मुग्धायाः एकस्मिन् अक्षिणि श्रावणः अन्यस्मिन् भाद्रपदः महीतल-स्रस्तरे माघः गण्ड-स्थले शरद् अङ्गेषु ग्रीष्मः, सुखासिका-तिलवने मार्गशीर्षः मुख-पङ्कजे (च) शिशिरः आवासितः॥

તે મુગ્ધાની એક આંખમાં શ્રાવણે (ને) બીજીમાં ભાદરવાએ, ભોંયપથારીમાં માઘે, કપોલપ્રદેશ પર શરદે અંગોમાં ગ્રીષ્મે, સુખશાતા-રૂપી તલના વનમાં માગશરે (અને) મુખપંકજ પર શિશિરે (ક્રમશઃ) આવાસ કર્યો છે.

ઉદા (૧) हिअडा फुट्टि तडत्ति करि कालक्खेवें काइँ।
देक्खउँ हय-विहि कहिँ ठवइ पइँ विणु दुक्ख-सयाइँ॥

શબ્દાર્થ हिअडा—(हे) हृदय। फुट्टि—स्फुट। तडत्ति करि—तडद् इति कृत्वा। कालक्खेवें—कालक्षेपेण। काइँ—किम्। देक्खउँ—पश्यामि। हय-विहि—

हत्त-विधि । कहिँ–कस्मिन्, कुत्र । ठवइ–स्थापयति । पइँ–त्वया । विणु–विना । दुक्ख-सयाइँ–दुःख-शतानि ॥

છાયા (हे) हृदय, स्फुट् इति कृत्वा स्फुट । कालक्षेपेण किम् । पश्यामि, त्वया विना हत-विधिः दुःख-शतानि कुत्र स्थापयति इति ॥

(હે) હૃદય, (તું) તડ લઈને ફૂટ (= ફૂટી જા). વિલંબ (કરવા)-થી શું લાભ? જોઉં તો ખરી કે બળ્યો વિધાતા તારી વિના સેંકડો દુઃખોને ક્યાં રાખે છે?

३५८ यत्तत्किम्भ्यो ङसो डासुर्न वा ॥

यद्, तद् ने किम् પછીના ङस्‌નો डासु (= आसु), અથવા નહીં.

वृत्ति अपभ्रंशे यत्तत्किम् इत्येतेभ्योऽकारान्तेभ्यः परस्य ङसो डासु' इत्यादेशो वा भवति ॥

અપભ્રંશમાં यद्, तद् ને किम् એ અકારાન્ત (સર્વનામો) પછી આવતા ङस्(= ષષ્ઠી એકવચનનો પ્રત્યય)નો डासु (= 'आसु) એવો આદેશ વિકલ્પે થાય છે.

ઉદા० (१) कन्तु महारउ हलि सहिएँ, निच्छइँ रूसइ जासु । अत्थिहिँ सत्थिहिँ हत्थिहिँ वि ठाउ वि फेडइ तासु ॥

શબ્દાર્થ कंतु–कान्त । महारउ–मदीयक मदीय । हलि–हला । सहिएँ–सखिके । निच्छइँ–निश्चयेन । रूसइ–रुष्यति । जासु–यस्य (= यस्मै) । अत्थिहिँ–अर्थैः । सत्थिहिँ–शस्त्रैः । हत्थिहिँ–हस्ताभ्याम् । वि–अपि । ठाउ–स्थानम् । वि–अपि । फेडइ–स्फेटयति । तासु–तस्य ॥

છાયા हला सखिके, मदीय कान्त निश्चयेन यस्मै रुष्यति तस्य स्थानम् अपि अस्त्रैः, शस्त्रैः, हस्ताभ्याम् अपि स्फुटयति ॥

અલી ઓ સખી, મારો કંથ જેના પર નક્કી રૂઠ્યો જ હોય તેનું ઠામઠેકાણું યે અસ્ત્રો વડે, શસ્ત્રો વડે, (અરે શંઈ ન હોય તો) હાથો વડે પણ (એ) નષ્ટ કરે છે.

ઉદા० (२) जीविउ कासु न वल्लहउँ धणु पुणु कासु न इट्ठु । दोण्णि वि अवसरि निवडिआइँ तिण-सम गणइ विसिट्ठु

शब्दार्थ जीविउ—जीवितम् । कासु—कस्य । न—न । वल्लहउँ—वल्लभकम्, वल्लभम् । धणु—धनम् । पुणु—पुनः । कासु—कस्य । न—न । इट्ठु—इष्टम् । दोण्णि—द्वे । वि—अपि । अवसरि—अवसरे । निवडिआइँ—निपतिते, निपतिते । तिण-सम—तृण-समे । गणइ—गणयति । विसिट्ठु—विशिष्टः ॥

छाया जीवितम् कस्य न वल्लभम्? धनम् पुनः कस्य न इष्टम्? अवसरे निपतिते (तु) विशिष्टः (तत्) द्वे अपि तृण-समे गणयति ॥

જીવતર કોને વહાલું નથી? ધન પણ કોને ઇષ્ટ નથી? (પણ) અવસર આવી પડશે, વિશિષ્ટ જન (એ) બંનેને તૃણ સમાન ગણે છે.

૩૫૯ स्त्रियां डहे ॥

સ્ત્રીલિંગમાં डहे (= अहे).

वृत्ति अपभ्रंशे स्त्रियां वर्तमानेभ्यः यत्तत्किंभ्यः परस्य ङसो 'डहे' इत्यादेशो वा भवति ॥

અપભ્રંશમાં સ્ત્રીલિંગમાં રહેલા यद्, तद् ने किम्‌ની પછી આવતા ङस्(= ષષ્ઠી એકવચનનો પ્રત્યય)નો डहे (= अहे) એવો આદેશ વિકલ્પે થાય છે.

ઉદા (१) जहे केरउ । (२) तहे केरउ । (३) कहे केरउ ॥

છાયા (१) यस्याः सम्बन्धी । (२) तस्याः सम्बन्धी । (३) कस्याः सम्बन्धी ।
(૧) જે (સ્ત્રી) કેરું. (૨) તે (સ્ત્રી) કેરું. (૩) કઈ (સ્ત્રી) કેરું?

૩૬૦ यत्तदः स्यमोर्ध्रुं त्रं ॥

सि ने अम् લાગતાં यद्‌ने तद्‌ના ध्रुं અને त्रं.

वृत्ति अपभ्रंशे यत्तदोः स्थाने स्यमोः परयोर्यथासंख्यं 'ध्रुं' 'त्रं' इत्यादेशौ वा भवतः ॥

અપભ્રંશમાં यद् અને तद्‌ના સ્થાને, सि (= પ્રથમા એકવચનનો 'स्' પ્રત્યય) અને अम् (= દ્વિતીયા એકવચનનો પ્રત્યય) લાગતાં અનુક્રમે ध्रुं અને त्रं એવા આદેશ વિકલ્પે થાય છે.

ઉદા० (१) प्रंगणि चिट्ठदि नाहु ध्रु त्रं रणि करदि न भ्रंत्रि ॥

શબ્દાર્થ प्रंगणि–प्राङ्गणे । चिट्ठदि–तिष्ठति । नाहु–नाथ । ध्रुं–यद् । त्रं–तद् । रणि–रणे । करदि–करोति । न–न । भ्रंत्रि–भ्रान्तिम् भ्रमणम् ॥

છાયા यद् नाथ प्राङ्गणे तिष्ठति तद् रणे भ्रमणम् न करोति ।

[કારણ કે] (મારો) પતિ આંગણામાં બેસો છે એટલે સમજવું કે તે રણ(સ્થળી)માં ભ્રમણ નથી કરતો.

वृत्ति पक्षे ॥

બીજે પક્ષે :—

ઉદા० (२) तं बोल्लिअइ जु निव्वहइ ॥

શબ્દાર્થ तं–तद् । बोल्लिअइ–ब्रूयते । जु–यद् । निव्वहइ–निर्वहति ॥

છાયા तद् ब्रूयते, यद् निर्वहति ॥

તે જ બોલીએ, જે પળે.

३६१ इदम इमुः क्लीवे ॥

ઇદમનું નપુંસકલિંગમાં ઇમુ.

वृत्ति अपभ्रंशे नपुंसकलिङ्गे वर्तमानस्येदम स्यमोः परयोः 'इमु' इत्यादेशो भवति ॥

અપભ્રંશમાં નપુંસકલિંગમાં રહેલા ઇદમ્‌નો સિ (=પ્રથમા એકવચનનો પ્રત્યય) અને અમ્ (=દ્વિતીયા એકવચનનો પ્રત્યય) લાગતાં ઇમુ એવો આદેશ થાય છે

ઉદા० (१) इमु कुलु तुह तणउं ॥ (२) इमु कुलु देक्खु ॥

શબ્દાર્થ इमु–इदम् । कुलु–कुलम् । तुह तणउं–तव सम्बन्धि ॥ इमु–इदम् । कुलु–कुलम् । देक्खु–पश्य ॥

છાયા (१) इदम् कुलम् तव सम्बन्धि ॥ (२) इदम् कुलम् पश्य ॥

(૧) આ કુળ તુજ તણું (=તારું). (૨) આ કુળ જો.

૩૬૨ एतदः स्त्री-पुं-क्लीबे 'एह' 'एहो' 'एहु' ॥

एतद्‌ના સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગમાં एह, एहो एहु.

વૃત્તિ अपभ्रंशे स्त्रियां पुंसि नपुंसके वर्तमानस्यैतदः स्थाने स्यमोः परयोर्यथा-संख्यम् 'एह' 'एहो' 'एहु' इत्यादेशा भवन्ति ॥

અપભ્રંશમાં સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગમાં રહેલા एतद्‌ને સ્થાને, सि (=પ્રથમા એકવચનનો પ્રત્યય) અને अम् (દ્વિતીયા એકવચનનો પ્રત્યય) લાગતાં, અનુક્રમે एह, एहो एहु એવા આદેશ થાય છે

ઉદા 'एह कुमारी एहो नरु एहु मणोरह-ठाणु'।
एहउँ, वढ चिन्तन्ताहँ पच्छइ होइ विहाणु ॥

શબ્દાર્થ एह—एषा। कुमारी—कुमारी। एहो—एषः। नरु—नरः। एहु—एतद्। मणोरह-ठाणु—मनोरथ-स्थानम्। एहउँ—एतद्। वढ (दे.)—(हे) मूर्ख। चिन्तन्ताहँ—चिन्तयमानानाम्। पच्छइ—पश्चात्। होइ—भवति। विहाणु—प्रभातम्॥

છાયા (हे) मूर्ख, 'एषा कुमारी एषः (अहम्) नरः, एतद् मनोरथ-स्थानम्' एतद् चिन्तयमानानाम् पश्चात् प्रभातम् भवति ॥

(હે) મૂર્ખ, 'આ કુમારી ને આ (હું) પુરુષ, આ (મારા) મનોરથનું સ્થાન (=સાધન) છે'—એ (=એવું) ચિંતવતાં ચિંતવતાં તો પછી પ્રભાત થાય છે (સવાર થઈ).

૩૬૩ एइर्जस्-शसोः ॥

जस् અને शस् લાગતાં एइ

વૃત્તિ अपभ्रंशे एतदो जस्-शसोः परयोः 'एइ' इत्यादेशो भवति ॥

અપભ્રંશમાં एतद्‌નો जस् (=પ્રથમા બહુવચનનો પ્રત્યય) અને शस् (=દ્વિતીયા બહુવચનનો પ્રત્યય) લાગતાં एइ એવો આદેશ થાય છે.

ઉદા (१) एइ ति घोडा, एह थलि ॥ (જુઓ ૩૩ ૪)

ઉદા (२) एइ पेच्छ ॥

છાયા एतान् प्रेक्षस्व ॥

આ(ઓ)ને જો.

૩૬૪ अदस ओइ ॥

अदसूनो ओइ

वृत्ति अपभ्रंशे अदसः स्थाने जस्-शसो: परयो: 'ओइ' इत्यादेशो भवति

અપભ્રંશમાં અદસ્‌ને સ્થાને જસ્ (પ્રથમા બહુવચનનો પ્રત્યય) અને શસ્ (=દ્વિતીયા બહુવચનનો પ્રત્યય) લાગતાં, ઓઇ એવો આદેશ થાય છે

ઉદા૦ जइ पुच्छह घर वड्डाइं तो वड्डा घर ओइ ।

विहलिअ-जण-अब्भुद्धरणु कन्तु कुडीरइ जोइ ॥

શબ્દાર્થ जइ–यदि । पुच्छह–पृच्छथ । घर–गृहाणि । वड्डाइं (दे)–महान्ति । तो–तत् । वड्डा–महान्ति । घर–गृहाणि । ओइ–अमूनि । विहलिअ-जण-अब्भुद्धरणु–विफलित-जनाभ्युद्धरणम् । कन्तु–कान्तम् । कुडीरइ–कुटीरके । जोइ–पश्य ॥

છાયા यदि महान्ति गृहाणि पृच्छथ तत् महान्ति गृहाणि अमूनि । विफलित-जनाभ्युद्धरणम् कान्तम् कुटीरके पश्य ।

જો મોટા ઘર પૂછતા હો, તો ઓ (રહ્યા) મોટાં ઘર: નિધન જનોના ઉદ્ધારક (મારા) કાન્તને (ત્યાં) ઝુંપડીમાં જો

वृत्ति अमूनि वर्तन्ते पृच्छ वा ॥

(ઉદાહરણમાં ઓઇને પ્રથમા બહુવચન લેતાં) ઓ રહ્યા (અને દ્વિતીયા બહુવચન લેતા) ઓઆઓને પૂછ (એમ અર્થ થઈ શકશે)

૩૬૫ इदम आयः ।

इदम्‌नो आय

वृत्ति अपभ्रंशे 'इदम्' शब्दस्य स्यादौ 'आय' इत्यादेशो भवति ॥

અપભ્રંશમાં इदम् શબ્દનો सि (=પ્રથમા એકવચનનો) વગેરે (વિભક્તિ પ્રત્યય) લાગતા आय- એવો આદેશ થાય છે

ઉદા૦ (૧) आयइँ लोअहाँ लोअणइँ जाई-सरइँ न भन्ति ।

अ-प्पिए दिट्ठइ मउलिअहिँ पिऍ दिट्ठइ विहसन्ति ॥

શબ્દાર્થ आयइँ—इमानि । लोअहो—लोकस्य । लोअणइँ—लोचनानि । जाइँ-सरइँ—जाति-स्मराणि । न—न । भन्ति—भान्ति । अ-प्पिऍ—अप्रिये । दिट्ठइ—दृष्टे, दृष्टे । मउलिअहिं—मुकुलन्ति । पिऍ—प्रिये । दिट्ठइ—दृष्टे, दृष्टे । विहसन्ति—विकसन्ति ॥

છાયા लोकस्य इमानि लोचनानि जाति-स्मराणि न भान्ति । (यतः तानि) अप्रिये दृष्टे मुकुलन्ति प्रिये दृष्टे (तु) विकसन्ति ॥

લોકોનાં આ લોચનોને પૂર્વજન્મનું સ્મરણ હોય છે (એમાં) શક નથી. (કેમ કે તે) અપ્રિય જનને જોતાં મિંચાઈ જાય છે (જ્યારે) પ્રિયને જોતાં વિકસે છે (=ખીલી ઊઠે છે)

ઉદા૦ (२) सोसउ म सोसउ च्चिअ उअही वडवानलस्स किं तेण ।
जं जलइ जले जलणो, आएण वि किं न पज्जत्तं ॥

શબ્દાર્થ सोसउ—शुष्यतु । म—मा । सोसउ—शुष्यतु । च्चिअ—एव । उअही—उदधि । वडवानलस्स—वडवानलस्य । किं—किम् । तेण—तेन । जं—यद् जलइ—ज्वलति । जले—जले । जलणो—ज्वलनः । आएण—अनेन । वि—अपि । किं—किं । न—न । पज्जत्तं—पर्याप्तम् ॥

છાયા उदधि शुष्यतु मा (वा) शुष्यतु एव । वडवानलस्य तेन किं । यद् जले ज्वलनः ज्वलति अनेन अपि किम् न पर्याप्तम् ॥

સમુદ્ર શોષાઈ જાઓ કે ન જ શોષાઓ—તેમાં વડવાનલનું શું જાય છે? શું જળમાં અગ્નિ બળે છે એનાથી (=એટલું) પણ પૂરતું નથી?

ઉદા૦ (३) आयहो दड्ढ-कलेवरहो जं वाहिउ तं सारु ।
जइ उट्ठब्भइ तो कुहइ अह डज्झइ तो छारु ॥

શબ્દાર્થ आयहो—अस्य । दड्ढ-कलेवरहो—दग्ध-कलेवरस्य । जं—यद् । वाहिउ—वाहितम् (=लब्धम्) । तं—तद् । सारु—सारम् । जइ—यदि । उट्ठब्भइ—उत्तभ्नाति । तो—तत् । कुहइ—कुप्यति । अह—अथ । डज्झइ—दह्यते । तो—तत् । छारु—क्षार ।

છાયા अस्य दग्ध-कलेवरस्य यद् लब्धम् तद् सारम् । (यतः) यदि (तद्) उत्तभ्नाति तत् कुप्यति । अथ दह्यते तत् क्षारः ॥

આ આખા દુનિયાનો જે (કંઈ) લાભ લેવાય, તે ઉત્તમ. (કેમ કે જીવ ઊડી ગયા પછી તો) જો (તેને) પણ રહેવા દે તો મીઠી થાય, ને જો (તેને) આણી નાખે તો રાખ (થઈ જાય)

३६६ सर्वस्य साहो वा ॥

सर्वनो विकल्पे साह

वृत्ति अपभ्रंशे 'सर्व' शब्दस्य 'साह' इत्यादेशो वा भवति ।

અપભ્રંશમાં सर्व શબ્દનો साह એવો આદેશ વિકલ્પે થાય છે

उदा० साहु वि लोउ तडप्फडइ वड्डत्तणहों तणेण ।
वड्डप्पणु पर पाविअइ हत्थें मोक्कलडेण ॥

शब्दार्थ साहु—सर्व । वि—अपि । लोउ—लोक । तडप्फडइ (दे.)—प्रस्पन्दते । वड्डत्तणहों (दे.)—महत्त्वस्य । तणेण—सम्बन्धिना । वड्डप्पणु—महत्त्वम् । पर—परम् । पाविअइ—प्राप्यते । हत्थें—हस्तेन । मोक्कलडेण—मुक्तेन ॥

छाया सर्व अपि लोकः महत्त्वस्य सम्बन्धिना (कारणेन) प्रस्पन्दते । परम् महत्त्वम् मुक्तेन हस्तेन प्राप्यते ।

બધુંયે લોક મોટાઈ (ભોગવવા)ને માટે તડફડિયાં મારે છે—પણ મોટાઈ (તો) મોકળા હાથ હોય જ ભોગવાય (=ભોગવી શકાય).

वृत्ति पक्षे ॥

બીજે પક્ષે (सर्व નું सव्व થાય. તે રીતે ઉપરનું જ)

उदा० (२) सव्वु वि (એમ વાંચવું).

छाया सर्व अपि ॥

સહુયે.

३६७ किमः काइं-कवणौ वा ॥

किम्नो विकल्पे काइं ने कवण ॥

वृत्ति अपभ्रंशे किमः स्थाने 'काइं' 'कवण' इत्यादेशौ वा भवतः ॥

અપભ્રંશમાં किम्ने સ્થાને काइं, कवण એમ વિકલ્પે આદેશ થાય છે.

उदा (१) जइ न सु आवइ दूइ, घरु काइं अहो मुहु तुज्झु ।
वयणु जु खंडइ तउ सहिएँ सो पिउ होइ न मज्झु ॥

शब्दार्थ जइ—यदि । न—न । सु—सः । आवइ (दे.)—आयाति । दूइ—दूति । घरु—गृहम् । काइं—किम् । अहो—अधः । मुहु—मुखम् । तुज्झु—तव । वयणु—(१) वचनम्, (२) वसनम् । जु—यः । खंडइ—खण्डयति । तउ—तव । सहिएँ—सखिके । सो—सः । पिउ—प्रियः । होइ—भवति । न—न । मज्झु—मम ॥

छाया दूति, यदि सः गृहम् न आयाति, तव मुखम् अधः किम् ? (हे) सखिके, यः तव वचनम् (पक्षे वसनम्) खण्डयति सो मम प्रियः न भवति ॥

દૂતી, જો તે ઘેર નથી આવતો, તો (તેમાં) તારું મુખ કાં નીચું છે? હે સખી, જે તારું વચન (કે વસ્ત્ર) ખંડિત કરે, તે મારો પ્રિય (જ) ન હોય.

उदा० (२) काइं न दूरे देक्खइ ॥ (જુઓ ૩૪૯।૧)

उदा० (३) फोडेंति जे हिअडउं अप्पणउं ताहं पराई कवण घण ।
(જુઓ ૩૫।૨)

उदा (४) 'सुपुरिस कंगुहे अणुहरहिं भण कज्जें कवणेण' ।
'जिवँ जिवँ वड्डत्तणु लहहिं तिवँ तिवँ नवहिं सिरेण' ॥

शब्दार्थ सुपुरिस—सुपुरुषाः । कंगुहे—कङ्गोः । अणुहरहिं—अनुहरन्ति । भण—भण । कज्जें—कार्येण । कवणेण—केन । जिवँ जिवँ—यथा यथा । वड्डत्तणु (दे.)—महत्त्वम् । लहहिं—लभन्ते । तिवँ तिवँ—तथा तथा । नवहिं—नमन्ति । सिरेण—शिरसा ।

छाया 'भण, सुपुरुषाः केन कार्येण कङ्गोः अनुहरन्ति ?' 'यथा यथा (ते) महत्त्वम् लभन्ते, तथा तथा (ते) शिरसा नमन्ति' ॥

(પ્રશ્ન) 'કહે, સત્પુરુષો કયા કારણે (=કઈ રીતે) કાંગ(ના ભેદ)ને મળતા આવે છે?'

(ઉત્તર:) (તેઓ) જેમ જેમ મહત્ત્વ પ્રાપ્ત કરે છે, તેમ તેમ મસ્તકથી નમે છે.

વૃત્તિ પક્ષે ॥ (બીજે) પક્ષે—

ઉદા૦ (૫) जइ ससणेही तो मुइअ अह जीवइ, निण्णेह ।
बिहिँ वि पयारेहिँ गइअ धण किं गज्जहि, खल मेह ! ॥

શબ્દાર્થ जइ–यदि । ससणेही–सस्नेहा । तो–तत । मुइअ–मृता । अह–अथ । जीवइ–जीवति । निण्णेह–निःस्नेहा । बिहिँ वि–द्वाभ्याम् अपि । पयारेहिँ–प्रकाराभ्याम् । धण (दे.)–प्रिया । गइअ–गता । किं–किम् । गज्जहि–गर्जसि । खल मेह–खल मेघ ॥

છાયા यदि सस्नेहा तत मृता । अथ जीवति, तर्हि निःस्नेहा । द्वाभ्याम् अपि प्रकाराभ्याम् (मम) प्रिया गता । (तत) खल मेघ किं (वृथा) गर्जसि ? ॥

જો (મારા પ્રત્યે) સસ્નેહ (સ્ત્રી હશે) તો (અત્યારે=તે) મરી ગઈ (હશે); અને જો (તે) જીવતી હોય, (તો મારા પ્રત્યે) નિઃસ્નેહ (હશે) (આમ) બંને પ્રકારે પ્રિયા ગઈ (જ છે; તો) હે દુષ્ટ મેઘ, (હવે વ્યર્થ) શા માટે ગર્જે છે?

૩૬૮ युष्मदः सौ तुहुं ॥

યુષ્મદ્‌નો, સિ લાગતાં, તુહું.

વૃત્તિ अपभ्रंशे युष्मदः सौ परे 'तुहुं' इत्यादेशो भवति ॥

અપભ્રંશમાં યુષ્મદ્‌નો, સિ (=પ્રથમા એકવચનનો પ્રત્યય) લાગતાં, તુહું એવો આદેશ થાય છે

ઉદા૦ भमर, म रुणझुणि रण्णडइ सा दिसि जोइ म रोइ ।
सा मालइ देसंतरिअ जसु तुहुं मरहि विओइ ॥

શબ્દાર્થ भमर–(हे) भ्रमर। म–मा। रुणझुणि–रुणझुण-शब्दं कुरु। रण्णडइ–अरण्ये। सा–ताम्। दिसि–दिशम्। जोइ–पश्य। म–मा। रोइ–रुदिहि। सा–सा। मालइ–मालती। देसंतरिअ–देशान्तरिता। जसु–यस्याः। तुहुं–त्वम्। मरहि–म्रियसे। विओइ–वियोगे॥

છાયા (हे) भ्रमर अरण्ये रुणझुण-शब्दम् मा कुरु। ताम् दिशम् पश्य (च) मा रुदिहि। यस्या वियोगे त्वम् म्रियसे, सा मालती (तु) देशान्तरिता॥

હે ભ્રમર, અરણ્યમાં રુણઝુણ કર મા, (ને) તે દિશા તરફ જોઈને રડ મા. જેના વિયોગમાં તું મરી રહ્યો છે એ માલતી (તો) દેશાન્તરમાં (ચાલી ગઈ) છે.

૩૬૯ जस्-शसोस्तुम्हे तुम्हइं॥

જસ્ અને શસ્ લાગતાં તુમ્હે, તુમ્હઇં

વૃત્તિ अपभ्रंशे युष्मदो जसि शसि च प्रत्येकं 'तुम्हे' 'तुम्हइं' इत्यादेशौ भवतः।

અપભ્રંશમાં યુષ્મદ્‌ના જસ્ (=પ્રથમા બહુવચનનો પ્રત્યય) અને શસ્ (=દ્વિતીયા બહુવચનનો પ્રત્યય) લાગતાં, પ્રત્યેકના તુમ્હે (અને) તુમ્હઇં એવા આદેશ થાય છે.

ઉદા० (१) तुम्हे (२) तुम्हइं जाणह॥

છાયા यूयम् जानीथ॥

તમે જાણો છો.

ઉદા० (२) तुम्हे (२) तुम्हइं पेच्छइ॥

છાયા युष्मान् प्रेक्षते।

તમને જુએ છે.

વૃત્તિ वचनभेदो यथासंख्य-निवृत्त्यर्थः॥

(સૂત્રમાં આદેશનું) વચન જુદું છે તે, (આદેશ) અનુક્રમે છે (એવી સમજ) નિવારવા માટે.

૩૭૦ टाङ्यमा पइं तइं ॥

टा, ङि अम् સાથે पइं तइं

वृत्ति अपभ्रंशे टा, ङि, अम् इत्येतैः सह 'पइं' 'तइं' इत्यादेशौ भवतः । टा ।

અપભ્રંશમાં टा (=તૃતીયા એકવચનનો પ્રત્યય), ङि (=સપ્તમી એકવચનનો પ્રત્યય) અને अम् (=દ્વિતીયા એકવચનનો પ્રત્યય) એમના સહિત (युष्मद्‌ના) पइं तइं એવા આદેશ થાય છે. (જેમ કે) टा સાથે:—

ઉદા० (१) पइं मुक्काहं वि वर-तरु फिट्टइ पत्तत्तणं न पत्ताणं ।
तुह पुणु छाया जइ होज्ज कह-वि ता तेहिं पत्तेहिं ॥

શબ્દાર્થ पइं—त्वया । मुक्काहं—मुक्तानाम् । वि—अपि । वर-तरु—वर-तरु । फिट्टइ—भ्रंश्यति । पत्तत्तण—पत्रत्वम् । न—न । पत्ताणं—पत्राणाम् । तुह—तव । पुणु—पुनः । छाया—छाया । जइ—यदि । होज्ज—भवेत् । कह-वि—कथम् अपि । ता—तावत्, तर्हि । तेहिं—तैः । पत्तेहिं—पत्रैः ॥

छाया (हे) वर-तरु त्वया मुक्तानाम् अपि पत्राणाम् पत्रत्वम् न भ्रंश्यति । तव पुनः यदि छाया भवेत् तर्हि (सा) कथम् अपि तैः पत्रैः (एव) ॥

હે તરુવર, તારાથી ત્યજાયેલાં (હોય) તો યે પાંદડાંનું પાંદડાપણું (કંઈ) નાશ પામતું નથી. જ્યારે જો તારી છાયા હોય તો (તે) ગમે તેમ પણ એ પાંદડાંને લીધે (જ).

ઉદા० (२) महु हिअउं तइं, ताएं तुहुं स वि अन्नें विनडिज्जइ ।
पिअ काइं करउं हउं काइं तुहुं मच्छें मच्छु गिलिज्जइ ॥

શબ્દાર્થ महु—मम । हिअउं—हृदयम् । तइं—त्वया । ताएं—तया । तुहुं—त्वम् । स—सा । वि—अपि । अन्नें—अन्येन । विनडिज्जइ (दे.)—व्याकुलीक्रियते । पिअ—प्रिय । काइं—किम् । करउं—करोमि । हउं—अहम् । काइं—किम् । तुहुं—त्वम् । मच्छें—मत्स्येन । मच्छु—मत्स्य । गिलिज्जइ—गिल्यते ॥

छाया मम हृदयम् त्वया त्वम् तया सा अपि अन्येन व्याकुलीक्रियते । प्रिय, किम् अहम् करोमि, किम् त्वम्, (यत्र) मत्स्येन मत्स्यः गिल्यते ॥

આ હૃદય તારા વડે, તું પેલી વડે, અને તેમ બીજા વડે વ્યાકુળ કરાય છે. (આમ ત્યાં) આકળું ભાગ્ય વડે જણાય છે (ત્યાં) હે પ્રિય, શું કરું, (કે) શું તું?

वृत्ति किना।

ङि साथे

ઉદા૦ (૨) पइँ मइँ बेहिँ वि रण-गयहिँ को जय-सिरि तक्केइ।
केसहिँ लेप्पिणु जम-घरिणि भण सुहु को थक्केइ॥

શબ્દાર્થ पइँ—त्वयि। मइँ—मयि। बेहिँ—द्वयो। वि—अपि। रण-गयहिँ—रण-गतयो। को—कः। जय-सिरि—जय-श्रियम्। तक्केइ—तर्कयति। केसहिँ—केशै.। लेप्पिणु—गृहीत्वा। जम-घरिणि—यम-गृहिणीम्। भण—भण। सुहु—सुखम्। को—कः। थक्केइ (दे.)—तिष्ठति॥

